# ધરિત્રી

પ્રેમશંકર હ. ભટ્ટ

**પ્રા. ડોલરરાય ર. માંકડ**
એમના અભ્યાસપૂર્ણ વિસ્તૃત પ્રવેશક સહિત

મને કેદુનાં નોતરાં દેવાણાં
જેથી હૈયે આ ઈંધણાં ચેતાણાં !
- સુકાની હો.

સી. શાંતિલાલની કંપની,
બુકસેલર્સ : પબ્લિશર્સ.
86, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ, 2.

**પ્રકાશક :**
સી, શાંતિલાલની કંપની વતી
શાંતિલાલ લક્ષ્મીશંકર પંચોલી
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ, 2.

(સર્વ હક્ક કર્તાને સ્વાધીન)
આ સંગ્રહમાંનાં કાવ્યોનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરતા પહેલાં કર્તાની સંમતિ મેળવવી આવશ્યક છે.

પહેલી આવૃત્તિ
કાર્તક 2000
ત્રણ રૂપિયા

મુદ્રક :
અમૃતલાલ પ્રભાશંકર સાતા,
સ્ટેટ્સ પીપલ પ્રેસ, 138,
મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

# પ્રિય ચંદુભાઈને

# આ જ લેખકનાં

**ચયનિકા**

(સંપાદન)

: હવે પછી :

**પંજરી**

(વાર્તાસંગ્રહ)

**સાહિત્ય સ્વરૂપોનું દેહબંધારણ**

(વિધવિધ સાહિત્ય સ્વરૂપોની વિવેચનોનો સંગ્રહ)

●

# અનુક્રમ


| કાવ્ય | પૃષ્ઠ | કાવ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1 નોતરું | 27 | 22 હું ને એ | 73 |
| 2 એંધાણી | 28 | 23 ઊર્મિલા | 75 |
| 3 કોઈ નહિ | 29 | 24 જસમા | 76 |
| 4 તારાં પગલાં | 30 | 25 મંથરા | 78 |
| 5 સુકાની હો ! | 31 | 26 જલસો જોયા પછી | 80 |
| 6 આંખ્યું ને અણસારે | 32 | 27 મમ કને તું શું માંગતી? | 81 |
| 7 અદીઠ પગપાનીએ | 34 | 28 આંતર રસ | 82 |
| 8 જતાં રહ્યાં ? | 35 | 29 મેં | 83 |
| 9 તને જ | 37 | 30 બાબાગાડી હાંકનારી | 84 |
| 10 રાજેસરની દેરીઓને | 40 | 31 અવાવરું ઘર | 85 |
| 11 શકુંતલા | 44 | 32 માને | 86 |
| 12 તુજમાં શું એવું ભર્યું ? | 54 | 33 એ મૃત્યુ પામ્યો ! | 87 |
| 13 અભિસાર | 55 | 34 પાંથદાન | 86 |
| 14 ચંદ્રા | 59 | 35 ઉપશ્તાને | 91 |
| 15 ચિર વિયોગ | 65 | 36 સ્મૃતિ | 94 |
| 16 ગયો નવ હું હોત તો | 66 | 37 હું જાણું | 96 |
| 17 પ્રગતિ | 67 | 38 જાદવજી મા'રાજ | 97 |
| 18 મુકામ ભણી | 68 | 39 શુભ ચિંતન | 100 |
| 19 તમને | 70 | 40 રાજો ટપાલી | 101 |
| 20 નવજીવન | 71 | 41 સંગાથ | 104 |
| 21 તમારી આંખ | 72 | 42 ગુરુજનોને | 105 |

| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| 43 વણકરનું કાવ્ય | 106 |
| 44 તેં | 107 |
| 45 તને | 108 |
| 46 મેળો તવ | 112 |
| 47 આમંત્રણ | 115 |
| 48 ભૂલી ગઈ ? | 117 |
| 49 તારું સ્મરણ | 119 |
| 50 જીવનની કરુણા | 120 |
| 51 તમારા વિના | 121 |
| 52 જીવન સ્વપ્ન | 123 |
| 53 માનવ વૃક્ષ | 126 |
| 54 જીવન શું ? | 129 |
| 55 કવિતાને | 131 |
| 56 અમે | 132 |
| 57 છૂંદણાં | 133 |
| 58 પછી રે શાને તને શોધવો? | 134 |
| 59 વર્ષારંભે | 135 |
| 60 હું ચહું | 136 |
| 61 ધરિત્રી | 137 |
| ... ટીકા | 138 |

# નિવેદન

જીવનસંઘર્ષમાંથી જન્મતાં બળોને પોતાની હૃદયધરતી પર સ્થાપીને કાવ્યદેહે વ્યક્ત કરવાના છેલ્લા દસકામાં જે પ્રયાસો થયા છે. એવો આ પણ એક નાનો શો-નાનો શો જ-પ્રયાસ છે. અહીં એટલું સ્પષ્ટ કરી લઉં કે આ પ્રકારના કાવ્યદેહનો ચૅરોમૉરો, બાંધો ને વ્યક્તિત્વ બધું એ જે જમીન પર પગ ખોડીને ઊભેલ હોય, જેમાંથી એણે પોષણ ને સજીવનતા મેળવી હોય એ હૃદય-ધરતીના કણેકણ પર નિર્ભર હોય છે. કોઈ પણ કાવ્યોપાસકની હૃદયધરતીના નાનામોટા ને ભીનાસૂકા કણો જ કાવ્યવ્યક્તિનું કાઠું બાંધી આપે છે ને એમાં પ્રાણ પ્રગટાવે છે. અલબત્ત, કેવળ અંગત ભાવોના રસકસ હૃદયધરતીમાં ન સીંચાય પણ વધુ વિશાળ અને બિનઅંગત ભાવોના અમૃતમેહ એના પર વરસે, કાવ્યનું વ્યક્તિત્વ પરલક્ષી, વ્યાપક ને પારગામી થાય એ ઇચ્છવા યોગ્ય, આવશ્યક; પણ મારો એ જાતનો પ્રયાસ જ નથી. અહીં આજે આ સંગ્રહમાં તો સનાતન ભાવોને પણ મેં આત્મીય દૃષ્ટિબિંદુથી જ ઉપાસ્યા છે, ને એ ભાવોની સંવેદનાનો ઓથાર અસહ્ય બનતાં વાણી રૂપે વ્યક્ત કરવાની કોશિશ કરી છે. એમ કરતાં કોઈક કૃતિ સમકાલીન અંગતબિનઅંગત સંઘર્ષ વા બળોની પક્કડમાંથી છટકીને કલાની પાવનકારી મ્હોર ઝીલીને સફળ નીવડી પડે એ મારું સદ્ભાગ્ય.

એટલું પણ ઉમેરી લઉં કે વ્યવહારના જંતરડા સોંસરા ખેંચાતા ખેંચાતા પણ મેં આવા પ્રયાસોને જીવનના સર્વતોભદ્ર લક્ષ્ય તરફ લઈ જતી પગદંડી માની છે. અનંત એવી આ પગદંડીની પૂરી ભાળ પણ મને લાધી નથી એટલું સમજવા છતાં, અંતઃકરણ એટલાથી ય એક જાતની ધન્યતા ને હર્ષ અનુભવે છે.

મારાં કાવ્યો સંબંધે મારે વિશેષ કશું કહેવાનું નથીઃ ગૂજરાતની સહૃદય કાવ્યરસિક જનતાને એ કાંઈક અંશે પણ ગમશે તો આ સંગ્રહની પ્રસિદ્ધિમાં ખરચેલો શ્રમ સાર્થક થયો લેખીશ. કાળબળના પ્રવાહમાં એ ઘસાઈભૂંસાઈ

જશે તો એની એવી યોગ્યતા હતી એમ સમજીશ. એક વાત લખવાની ઇચ્છા થાય છેઃ આપણી નવી કવિતાને અભ્યાસખંડની બંધિયાર દીવાલોમાંથી બહાર કાઢીને જનતાના ગળા અને હૈયા સુધી પહોંચાડવી હોય તો એણે વાહન તરીકે હજુ વધુ નિઃસંકોચભાવે જૂના ઢાળો, પદો, રાહો વગેરેને સ્વીકાર્યા વિના છૂટકો નથી. કવિતા ને ગેયતા બન્નેને એક સૂત્રે સાંધવાનો કસબ તો ઘણો ઘણો દુરાધ્ય છે; પણ એમ ન થાય ને લોકહૃદય નવી કવિતાને ઓરમાયા છોરું જેવી ગણે એ પણ કેમ પાલવે ?

આ સંગ્રહના કાવ્યોને જે જે મુરબ્બીઓ અને મિત્રોએ મમતાથી જોયાં છે એ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ભાવનગરની ગ્રંથોત્તેજક કમિટી દ્વારા નામદાર દરબારશ્રીએ એમની પ્રકાશન યોજનામાં આ સંગ્રહને સમાવીને કરેલી સહાયતા માટે પણ સાભાર ઋણસ્વીકાર કરું છું.

મુ. શ્રી ડોલરરાય માંકડે આ સંગ્રહનો વિદ્વત્તાપૂર્ણ પ્રવેશક લખી આપીને સંગ્રહનું ગૌરવ કર્યું છે એમ સમજું છું. ભાઈ ભૃગુરાય અંજારિયાએ પણ કાવ્યોનું અર્થસૂચક વિવરણ લખી આપીને મને ઉપકૃત કર્યો છે. સી. શાંતિલાલ એન્ડ કંપનીના સંચાલક શ્રી શાંતિલાલ પંચોલીએ સંગ્રહની પ્રસિદ્ધિ અર્થે દર્શાવેલી તત્પરતા માટે મારે એમનો પણ આભાર માનવો રહે છે.

તા. 6ઃ 9ઃ 43. **પ્રેમશંકર હ. ભટ્ટ.**

વિલેપાર્લે

# પ્રવેશક

હવે રહી અંતર એક ઝંખના
કે ચૂમવા પાદ પ્રફુલ્લ પદ્મ શા
હું કિંકિણી નૂપુરની બની રહું. (કવિતાને)

કાવ્યદેવીના પદનૂપુરની કિંકિણી બની રહેવા ઈચ્છતા, શક્તિશાળી છતાં વિનય નમ્ર એવા આપણા આ નૂતન કવિને, ગુજરાતી કવિતામંદિરમાં આવકારતાં આનંદ થાય છે. કાવ્યદેવીને ચરણે આ એમનું પહેલું પુષ્પ છે, પણ એ ભવિષ્યની આશા અને સિદ્ધિની ફોરમથી ભરેલું છે.

ભાઈ પ્રેમશંકરની કવિતા કોઈ નવું પ્રસ્થાન કરતી નથી. 1930 પછીના આપણા નવીન કવિઓએ જે કાવ્યમાર્ગ ખેડ્યો છે તેના જ ચીલે તે ચાલ્યા છે. એમનું માનસ પ્રયોગશીલ દેખાતું નથી; ઊલટું એના પુરોગામી કવિઓમાંથી એકબેની[1] અસર તેના ઉપર સ્પષ્ટ દેખાય છે. છતાં, રૂઢ થતા જતા આ કાવ્યમાર્ગ ઉપર વિશ્વાસથી અને શ્રદ્ધાથી આગળ ધપી શકે એટલા એ શક્તિશાળી છે, એ માર્ગના વાંકવળાંકથી એ પરિચિત છે, એ માર્ગનાં કાંટાઝાંખરાથી ખરડાય નહીં એટલા એ સાવધ છે. એ પરિચિતતાથી અને એ સાવધાનતાથી એની ભવિષ્યની ઉચ્ચતર સિદ્ધિની આશા બંધાય છે. એવા આશાસ્પદ કવિની કાવ્યસમૃદ્ધિ જરા અવલોકીએ.

---

1 મનઃસુખલાલ ઝવેરીની અસર એમના ઉપર સ્પષ્ટ દેખાય છે; પારાશર્યની પણ લાગે છે. પણ આથી એમની કલા પંગુ નથી બની, ઊલટું એ સુંદર વિકાસને પામી છે.

114 પાનાંમાં સમાએલાં 61 કાવ્યોના આ નાના કાવ્યસંગ્રહમાં વિષયની દૃષ્ટિએ તેમજ છંદની દૃષ્ટિએ સારો વિકાસ અને સારું વૈવિધ્ય છે. કાવ્યપ્રકારની દૃષ્ટિએ એમણે મુક્તકો, સૉનેટો, ખંડકાવ્યો, ઊર્મિકાવ્યો અને ગીતો લખ્યાં છે. છંદની દૃષ્ટિએ પૃથ્વી અને મિશ્રોપજાતિમાં ઘણાં કાવ્યો છે, તો મંદક્રાન્તા, અંજની, શિખરિણી, અનુષ્ટુપ અને દ્રુતવિલમ્બિતમાં પણ તેમણે કાવ્યો રચ્યાં છે. ફારસી ગઝલના રાહમાં પણ એક કાવ્ય છે. અને આ અને બીજા છંદોમાં એ યથેચ્છ વિહરી શકે એટલો છંદ ઉપરનો એમનો કાબૂ છે.

ઊંડુ નહીં પણ વ્યાપક અને ઘેરું ચિંતન આ કવિનાં માનસનું એક નોંધપાત્ર લક્ષણ છે. ઊર્મિ, વિચાર અને ક્લપના આ ચિંતનથી વધુ ખીલે છે. બધી જાતના કાવ્યવિષયોમાં એમનું આ ચિંતન હાજર હોય છે. એથી એમના કાવ્યો, શુદ્ધ ઊર્મિનાં કે શુદ્ધ કલ્પનાનાં કાવ્યમાં ન મળે તેવી હૃદયને સ્પર્શતી ઝણઝણાટી પેદા કરી શકે છે. એટલે એની કવિતામાં કેટલાંક સ્થળે ધ્વનિતત્ત્વ ઓછું છે તો પણ, હૃદયને સ્પર્શવાની શક્તિ રહી છે. આ ચિંતન, કાવ્યવિષય શુદ્ધ ચિંતનનો હોય કે પછી પ્રેમનો, ભક્તિનો, કોઈ પ્રસંગનિરૂપણનો, કોઈ પાત્રચિત્રાંકનનો કે હળવી શૈલીનો હોય તો પણ પોતાનું અસ્તિત્વ ગુમાવતું નથી. તો આપણે એનાં ભક્તિકાવ્યો જોઈએ.

ભજનીયને જોવાની ઝંખના, તેને લીધે ઊપજતું ઔત્સુક્ય અને ભજનીયની હાજરીમાં દૈન્ય વગેરે ભાવો તેમ જ એની ભક્તિથી નીપજતા શ્રદ્ધા ઉત્સાહાદિ ભાવો આવાં કાવ્યોમાં મુખ્ય હોય છે. પણ આજના કવિની ભક્તિ, પ્રાચીન ભક્તકવિ જેવી નિર્ભેળ અને સીધી રીતે લક્ષ્યગામી નથી હોતી. આજના કવિની ભક્તિમાં, થોડેઘણે અંશે પણ અગમ્યતાનું તત્ત્વ ભળેલું હોય છે. આથી કરીને એના ભજનીયનાં લક્ષણો વાંચનારની પાસે સ્પષ્ટ રીતે રજૂ થતાં નથી, ઊલટું, આજનાં ભક્તિકાવ્યમાં એક જાતની અસ્પષ્ટતા ઘણી વખત રહી જાય છે. ઘણે ભાગે યુવાન માનસને પૂર્ણ શ્રદ્ધાના અભાવે, ભજનીયનાં સ્વરૂપનો સીધો અને સ્પષ્ટ ખ્યાલ જ હોતો નથી, તેથી કરીને આમ બનવા પામતું હશે. આજનો યુવાન બુદ્ધિવાદ અને ઊર્મિવાદના તટે ઊભો છે. એક બાજુથી બુદ્ધિ એને ઈશ્વરમાં, જગતના પાલક પરમેશ્વરમાં માનવાની ના પાડે છે, તો બીજી બાજુથી માત્ર પ્રાચીન

મતને અનુસરનાર રૂઢ ભક્તો જ નહીં, પણ સુશિક્ષિત નેતાવર્ગ પણ પ્રાર્થના અને ભક્તિ ઉપર ભાર મૂકતો જાય છે તેથી એને એમાં માનવાનું મન થાય છે. બુદ્ધિ અને મનથી પર એવાં માત્ર શ્રદ્ધોત્સાહભર્યાં હૃદયથી ઓળખાય એવાં તત્ત્વને સમજવા જેટલો હૃદયવિકાસ (Emotional and Intuitive development) એનો હોતો નથી. આથી કરીને ઉપરલખી સંદિગ્ધ દશા ઉપજે છે. છતાં આપણો આજનો કવિ બંડખોર ખાસ બન્યો નથી. ઊલટું, કોઈક જાતનાં અગમ્ય તત્ત્વમાં એ ધીમે ધીમે શ્રદ્ધા ધરાવતો થાય છે : અને હું ધારું છું એ એક સુચિહ્ન છે. આપણા આ કવિએ આવાં અગમ્ય તત્ત્વવાળાં ભક્તિકાવ્યો પાંચ સાત લાખ્યાં છે. કવિને એમ થાય છે કે સંસારસિંધુના કોઈક અદીઠ તટથી એને કોઈ સાદ કરી કરીને બોલાવી રહ્યું છે. એનાં દર્શન કરવાની કવિ હૃદયમાં ઝંખના જાગે છે. એ ઝંખના અને ઔત્સુક્ય એમનાં કાવ્યમાં ઘણીવાર પ્રગટ થાય છે.

ભીડેલી ભોગળો આ અંતરને બારણે,
સાંભળીને સાદ ઝૂરું મળવાને કારણે,
મૂંગા અદીઠ પડે કાંઠેથી સાદ. (સુકાની હો!)

એ સાદને અનુસરવામાં ભલે ગમે તે વિપદ આવે-

છોને સુકાન સઢ તૂટે હલેસાં,
ઝંખનાની પાંખને થંભવું ગમે ના !
મને કેદુનાં નોતરાં દેવાણાં,
જેથી[2] હૈયે આ ઇંધણાં ચેતાણાં ! (સુકાની હો!)

પણ એ સાદ પાડનારો ક્યાં છે ? કવિ કહે છે.

હું કાન માંડુ જ્યાં મારા,
ત્યાં પગલાં સૂણું તારાં. (તારા પગલાં)

એમ સર્વત્ર એને એની હાજરી જણાય છે. પણ આ સર્વવ્યાપીને મેળવવો

---

2. આ 'જેથી'થી, કાવ્યલિંગને બદલે જેનાથી અનુમાન થઈ જાય છે તેવી સ્થિતિ ઊભી થાય છે, અને કાવ્યવ્યક્તિને હાનિ પહોંચે છે.

કેમ ? માનવી તો પંગુ છે. કોઈકવાર એને એમ પણ થાય છે કે એ પોતાને બારણે આવ્યો છે અને ઔત્સુક્યમાં કવિ બહાર જાય પણ છે. પણ

અધીર હું બ્હાર ધસું કોઈ ન'તું ત્યાં,
એક ને અખંડ હતો વિયોગ જ જ્યાં ; (કોઈ નહિ)

આ 'એક ને અખંડ' વિયોગ તો બધા ધ્યેયલક્ષીઓને નસીબે મંડાયો છે. માત્ર એ ચિરંતન વિયોગમાં યે કોઈ વખત ભંગ પડે છે અને કવિને એમ થાય છે કે એ આવ્યો છે. પણ પ્રમાદી માનવ એને વખતસર ઓળખાતો નથી. હાથમાં આવેલું અમૃત હાથે કરીને સરકી જવા દેવું એ માનવ જીવનની મોટી કરુણા છે. પણ એ પ્રમાદથી બારણે આવેલા દેવ પાછા વળી જાય છે અને માનવી લમણે હાથ દઈને રુવે છે તેનું હૃદયદ્રાવક ચિત્ર કવિએ 'આંખ્યુંને અણસાર'માં આપ્યું છે. એને થાય છે

નો'તા રે વાવડ તારા વાલ્યમા,
નો'તા કશા યે સંદેશ;
અડધી રાતે ટાણે[3] કારમા
વરતું ક્યાંથી અણચીંતવેલ ? (આંખ્યુંને અણસારે)

અને જેમ જેમ આ ગૂઢ તત્ત્વનો પરિચય એને થાય છે તેમ તેમ એની પાસે એનું વ્યક્તિત્વ ગળી જાય છે. એનાં મનમાં નર્યું દૈન્ય વ્યાપી રહે છે અને કવિ કરુણ વિષાદના ભાવથી સભર ભરેલાં 'નોતરું'માં કહે છે.

મેં તો બાંધ્યું લઘુક ઉરના હર્ષ ઉન્માદ ભેળું,
વેઠેલા સૌ વ્રણ અસહની વેદનાઓનું ભાતું ;
હૈયા કેરી ગહરી કરુણા, ગૂઢ કૈં શોકભાર :
માનીને કે તવ સ્પરશસંજીવને ધન્ય થાય !

---

3 'રાતે ટાણે'માંની પુનરુક્તિ અર્થની તેમજ સપ્તમીના પ્રત્યયની, અહીં ભાષાની કોઈ કૃત્રિમ સ્થિતિ ઊભી કરતી નથી. ઊલટું, એની લાડિલી ભાષાછટા કાવ્યને એક પ્રકારનો ચમત્કાર સમર્પે છે.

મૂંગા, નેત્રે પલક પલકી, પાડવા સાદ તારે;
વંકી કેડી પદ લથડતે ખૂંદવી કેમ મારે ? (નોતરું)

એ આખું યે કાવ્ય આ સંગ્રહનાં ઉત્તમ કાવ્યોમાંનું એક છે. પહેલા શ્લોકમાં પદેપદે સ્પન્દમાન થતું પ્રસન્નોલ્લસિત હર્ષમય વાતાવરણ અને બીજા શ્લોકમાં મૂર્ત થયેલા વિષાદ શંકા પ્રશ્ન આદિ ભાવોથી વિષાદમય બનતું વાતાવરણ એ બેની વચ્ચેનો વિરોધ કાવ્ય દૃષ્ટિએ અતીવ ચમત્કારી છે. ત્રીજા શ્લોકમાં પ્રતિબિંબિત થતી મુગ્ધ શ્રદ્ધા અને છેલ્લા શ્લોકાર્ધમા પદેપદે 'પલકતું' દૈન્ય-એ બે વચ્ચે પણ એટલો જ ચિત્તસ્પર્શી વિરોધ છે. ભાવનાં તાદૃશ નિરૂપણથી આ કાવ્ય ખરેખ એક સફળ કૃતિ બન્યું છે.

પ્રેમનાં જે અનેક પાસાં જગસાહિત્યમાં નિરૂપાયાં છે તેમાંથી આ કવિએ તો એક બે જ પાસાં અનુભવ્યાં લાગે છે. પણ તેમાં પ્રેમની શુચિતા સાર્વત્રિક છે. પ્રેમને લગતાં આ સંગ્રહમાં દશેક કાવ્યો છે, પણ એ બધાંમાં મુખ્ય ભાર પ્રેમનાં પાવિત્ર્ય ઉપર જ છે. બાળપણથી થયેલી પ્રીતિવાળી પ્રણયિની બીજે પરણી જાય એવી દશાનાં બેક કાવ્ય આમાં છે. 'જતાં રહ્યાં?' માં પ્રેમીને થાય છે કે અન્યને પરણ્યાથી પણ પ્રણયિની પોતાની મટતી નથી. પણ વર્ષોનાં વહન પછી એને એમ થયું કે એ મને ભૂલી ગઈ કે શું ?

અને મળ્યાં વર્ષ કંઈક આખરે
સોપાન પેં મંદિરનાં છતાં યે,
વદ્યા વિના શબ્દ હું સંગ મંગલે !
લળી પડી ઈશપદે તું તન્મય
બની; રહું હું મનમાં મુંઝાઈ કે-
ભૂલી ગઈ ? (ભૂલી ગઈ?)

પણ એનો જવાબ એને મળી જાય છે.

ભૂલી ગઈ ? હું મનમાંહી શોચતો
અનુત્તર પ્રશ્ન, નિહાળું નેનમાં
કારુણ્યની નિર્મલ રેલ રેલતાં
એનાં, તદા ઉત્તર તો મળે મને

'હવે પિયુ ના નજરેય આવશો'
પરાઈની. (ભૂલી ગઈ?)

પરાઈ થયેલીની નજરે પણ ન આવવું એમાં જ પ્રેમની નિર્મળતા આપણા સમાજે માની છે ને ?

મારે અહીં નોંધવું જોઈએ કે આ પ્રેમમાં પણ આપણે ત્યાં અગમ્યતાનું તત્ત્વ ભળવા માંડ્યું છે. આ કવિનાં લગભગ બધાં જ પ્રણય કાવ્યોમાં અંગત પ્રેમ કરતાં બિનઅંગત અને તેથી કંઈક અગમ્ય બનતા પ્રેમનું જ નિરૂપણ છે. કેમ જાણે કોઈ અગમ્ય અપાર્થિવ તત્ત્વના ચિરવિયોગે કવિ જન્મથી ઝૂરતા હોય અને એવો જ પ્રણય કવિતામાં ગાતા હોય તેમ સંયોગ કરતાં વિયોગના જ સૂર એનાં કાવ્યોમાં પ્રધાન છે. એથી એમનાં બધાં પ્રણયકાવ્યોમાં અન્તર્ગૂઢ ગંભીર કરુણાનો સ્રોત વહે છે. વળી આ અગમ્યતાનાં તત્ત્વને લીધે જ એમનાં પ્રણયકાવ્યોમાં એક જાતની શુચિતા પણ આવી છે. પોતાનાં એ પ્રિય તત્ત્વની સાથે એમને ક્યારેક સંયોગ થયો તો હતો એમ દેખાય છે. તે પૂછે છે:

તને હૃદયને પૂછું મિલનજન્ય ઉત્સાહમાં,
ઊઠ્યાં થથડી હાર્દ ને વિકલ અંગની માધવી
થયેલ નવપલ્લવી; કુસુમસત્ત્વ શી ગંધમાં
અચાનક નિહાળીને 'પ્રીતમ' તું વદી તે ઘડી,
અનંત પ્રકૃતિ તણી ઠમકતી રહી ઝાંઝરી,
દઈ પરમ તાલ ત્યાં લીન ન'તી બની બેલડી ? (તને)

અને પ્રકૃતિ પણ જેને તાલ આપે છે એવા સુભગ સંયોગ પછીના વદાય સમયે પ્રિયતમાએ એને કહ્યું હતું 'જરૂર કદી આવશું' ; પણ એ આવી જ નહીં, અને ચિરવિયોગથી પીડાતા કવિ પૂછે છે:

પછી કયમ ન તું કહે વચન પાળવા યે કદી
પધારી ? (તને)

એનો આ અસહ્ય વિયોગ સહન પણ કેમ કરવો ?
પડી, લથડી, આથડી, તિમિર ઘોરથી આવર્યા

પથે કુટિલ વિશ્વના, પ્રિયતમે ! સ્મરીને તને
નિગીર્ણ થતી કાયને ભટકવું સદા ભાગ્યમાં ! (તને)

આમ 'એક ને અખંડ' વિયોગ કવિને નસીબમાં માંડ્યો જણાય છે. અમુક વખતે તો એનું આખું યે જીવન એના સંયોગ માટે ઝણણી ઊઠે છે.

વિતાન મઢતું તમઃ નિનદ પર્ણ વૃક્ષો તણાં
બજાવી જરી ખંજરી મધુર કંઠે સોહાગની
અમૂક; બસ એ સમે હૃદય ગાઢ આશ્લેષમાં
થવા વિલીન ઝંખતું. (ભળો તવ)

સંધ્યાના કવિત્વમય ધૂસર વાતાવરણમાં, વૃક્ષોના પર્ણના અવ્યક્ત મધુર ધ્વનિ થતા હોય એવે વખતે કવિનાં જીવનનો એકેએક તાર પ્રિયમિલન માટે તલસી રહે છે, પણ એ તો એક વખત મળી, પછી એનાં દર્શન થતાં નથી : તો કવિ એવી સ્થિતિમાં આશ્વાસન લે છે :

અને ક્ષણિક જેમ શાશ્વત મળ્યાં હતે તોય તે,
પીયૂષ તવ પ્રેમનું મલિનતા બધી લૂછવા
ભરેલ મમ હાર્દમાં, પૂરણ ના થતે તો પછી
મળ્યાં ન, વિધિનિર્મિયું ઠીક થયું જ શું એ નથી? (ભળો તવ)

એવું આશ્વાસન લઈ કવિ સંકલ્પ કરે છે :

હવાં પ્રિય ન શબ્દ, મૂક ઉર ઊર્મિથી આપને
રહી નિત નિહાળી, ચૂમી પદપંક્તિ પૂજીશ હું. (ભળો તવ)

અને એ પ્રણયિની પૂજનીયા બની રહે છે; તેથી જ કવિ કહે છે :

ક્ષમા નહિ કરો સખી, જીવન માહરાં છો છતાં
રહો વિનવું વેગળાં; પુનિત પંક્તિ પાદાબ્જની
ચહું ન કદી પાડજો મુજ કને-અરે ધૂળમાં !

* * * *

અકલ્પ્ય રસરૂપની અમલ જાહ્નવી શાં તમે
રહો મલપતાં સ્વતંત્ર અણદીઠ ત્યાં, હું અહીં
રહીશ નિરખી છાંવ તમ તણી; અને દર્શને

અજીવ વગડે સૂતી વિજનતા યદા જાગશે
કલોલ કરતી તદા, સફળ ભાગ્ય મારાં ગણી
પુકારીશ પધારજો હર પળે જ આમંત્રણે ! (આમંત્રણ)

આમ વ્યક્તિત્વ મમતાદિ ગળાઈ જતાં, કવિનો પ્રેમ શુચિ નીતરતો થઈ રહે છે.

હવે આપણે આ કવિને અત્યંત પ્રિય એવાં શુદ્ધ ચિંતનનાં બેચાર કાવ્યો જોઈએ. સંસ્મરણજન્ય (reminiscent) ચિંતન આ કવિને ખૂબ પ્રિય લાગે છે.[4] આવા ચિંતનશીલ સ્વભાવને લીધે કવિમાનસ ઉપર વધુમાં વધુ ઊંડી છાપ કાલબલની પડી લાગે છે. કાલબલનું અકલ્પ્ય અને અદમ્ય સ્વરૂપ એમણે ફરી ફરીને ગાયું છે. 'રાજેસરની દેરીઓને' 'ગયો નવ હું હોત તો', અને 'મુકામ ભણી' એ ત્રણ કાવ્યોમાં શુદ્ધ કાલબલનો મહિમા કવિએ ગાયો છે. પહેલાં બે કાવ્યોમાં ભૂતકાળના અવશેષોને જોઈને કવિના મનમાં જે ચિંતનપરંપરા ઊઠે છે તે ખરેખર ચિત્તસ્પર્શી છે. કવિ તો કહે છે કે એ અવશેષોમાં કળા શિલ્પને બદલે એમણે 'દીઠું કરુણ કાવ્યને વિલપતું મૂંગા નાદથી !' કેમ કે ત્યાં દમામભર મૂછો મરડતા રાજવીઓ પાસે રણકતી કિંકિણીઓવાળી રમણીઓનાં નૃત્યની રેલ રહી હશે, પણ એવા શૌર્ય અને વિલાસને માણતા રાજવીઓ પણ કાલબળને વશ થયા છે. એ જાણી કવિને પ્રશ્ન થાય છે.

અનન્ત ધનવૈભવો, મદ, છટા મૃતપ્રાય શા
નિહાળી, શતધા વિદીર્ણ કરી આત્મ પ્રશ્ન સ્ફુરે
અભંગ ભડ દેહના મનુજનો શકે થંભવી
પ્રવાહબળ કાળનું ? અહ-કુમાશ, લાવણ્ય ને
છટા રૂપ અનન્યની સ્વપ્ન શી થતી લુપ્ત શું

---

4. પારાશર્યનું તો એ વિશિષ્ટ લક્ષણ જ લાગે છે. અને મારે નોંધવું જોઈએ કે એમનાં આ વિશિષ્ટ લક્ષણયુક્ત કાવ્યોમાં જે એક પ્રકારનું ભાવો-તેજક લલિતામાધુર્ય હોય છે, તેવું ગુજરાતીમાં બીજા કોઈક જ કવિમાં મળે છે.

ઘડીક ચમકી અખંડ બસ નીદમાં મૃત્યુની ? (ગયો નવ હું હોત તો) બીજાં કાવ્યમાં કવિનાં માનસ પાસે કાળની મૂર્તિ મહાન ખગરાજ રૂપે મૂર્ત થાય છે.

મહા ખગનું રૂપ કાળ ધરી નિત્ય ઊડ્યા કરે,
ન થોભ, નવ થાક, ના પલકનો વિસામો ધરે !
નિરંતર વિશાળ પાંખ બળજોર વીંઝી ધસે,
ગ્રહી અકળ છાંય એની ધરતી વ્યથાથી હસે ! (મુકામ ભણી)

કેટલું તાદ્દશ શબ્દચિત્રાંકન કવિ કરી શક્યા છે ! આ ત્રણે કાવ્યો આ પ્રકારનાં ચિંતનથી સભર ભર્યાં છે. સ્વાભાવિક રીતે જ ચિંતનને માટે કવિને કંઈક ઉદ્દીપક વિભાવની જરૂર પડે છે. આ ત્રણ કાવ્યોમાં આલંબન તો ઘણું ખરું કવિ પોતે જ બને છે. પણ એકમાં રાજસેરની દેરીઓ, બીજામાં ભૂત અવશેષો અને ત્રીજામાં પોતાનાં જ જીવનનો એક પ્રસંગ ઉદ્દીપનવિભાવ તરીકે નિરૂપાયા છે; અને કહેવું જોઈએ કે જે ભવ્ય ગહરી કરુણતાનું મૂંગું વાતાવરણ આ કાવ્યોમાં સરજાયું છે તે ઉદ્દીપનવિભાવની યથાર્થતાને લીધે જ છે. ભાવના પ્રાદુર્ભાવ માટે ઉદ્દીપનવિભાવ જેટલો સબળ હોય તેટલો જ એનાથી જનિત ભાવ અસરકારક હોય. આથી કરીને ભાવોદ્દીપન કરવામાં કવિએ ઉદ્દીપનવિભાવની યોગ્ય શક્તિમત્તા ઉપર ખૂબ વિચાર કરવો જોઈએ. કોઈ વખતે એવું પણ બની જાય છે કે કવિ જેને ઉદ્દીપનવિભાવ તરીકે લે છે તેમાં, તેનો અનુગામી ભાવ જગાડવાની શક્તિ જ હોતી નથી, અથવા હોય છે તો અપૂર્ણ હોય છે. આથી કરીને આખું યે કાવ્ય કથળી જાય છે. આવું આ સંગ્રહમાં બે ત્રણ કાવ્યોમાં બનેલું દેખાય છે. ‘રાજો ટપાલી’ અને ‘જાદવજી મા’રાજ’માં મને આ દોષ જણાય છે. હું ધારું છું કે આ પણ ઉર્મિજન્ય ભાવાભાસ (Pathetic Fallacy) નો જ એક પ્રકાર છે. ઊર્મિજન્ય ભાવાભાસમાં, કવિ જેમ પોતાનાં ઊર્મિદાસ બનેલાં માનસનું આરોપણ પ્રકૃતિનાં તત્ત્વ ઉપર કરે છે અને તેથી જેમ એક જાતનું અસત્ય નિરૂપણ ઊભું થાય છે, તેમ જ આવાં કાવ્યોમાં, જો ઉદ્દીપનવિભાવ ભાવક્ષમ ન હોય તો થઈ જવાનો સંભવ છે. ‘જાદવજી મા’રાજ’માં, શાળામાં પાણી પાતા એક મા’રાજને ઉદ્દીપનવિભાવ તરીકે લઈને કેટલુંક ચિંતન કરાયું છે.

નિશાળના એ મા'રાજ થીજવતા શિયાળામાં, અસહ્ય ગ્રીષ્મમાં અને ગડૂડતા ચોમાસામાં હંમેશ 'પીવો મીઠું શીતળ તો જરા જળ' એમ કહેતા. એને કવિ સંભારે છે અને એનાં સ્મરણે એને ચિંતન ઉદભવે છે.

સ્મરી પુનઃ ભૂત તણી સ્મૃતિને,
મને થતું એક હજાર કારણે,
તપ્યાં ધખ્યાં અંતર અન્ય ઠારવા
કરી રહું સ્વાર્પણ હું કશું ના ? (જાદવજી મા'રાજ)

આમાં જે ગર્ભિત ઉપમા છે તેને તપાસીએ તો પ્રશ્ન થાય છે કે નિશાળનાં બાળકો જાદવજી મા'રાજ પાસે પાણી પીવા જતાં તે શું એવાં 'તપ્યાં ધખ્યાં' હતાં ? અને એને પાણી પાવામાં મા'રાજ શું ખરેખર કોઈ જાતનું સ્વાર્પણ કરતો હતો ? મૂળ જે ઉપમાન છે તેના એ ધર્મો હોય તો પણ બહુ જ અસ્પષ્ટ અને સંદિગ્ધ છે તો પછી ઉપમેયભાગનાં ચિંતનમાં એ ધર્મો એટલી ઉત્કટતાથી કેમ ઉપજી શકે ? પાછળનાં ચરણોમાં કવિનો ભાવ જે ઉત્કટતાએ પહોંચી જાય છે (ખાસ કરીને 43-56 સુધીના ખંડકમાં) તે અને સ્વાર્પણ માટે પોતાને 'એ જગ' પણ સાંકડું પડે છે તે બધો ભાવોદ્રેક, પોતે પુણ્યપ્રકોપ જેવો અને ચિત્તને સ્પન્દિત કરે તેવો છે છતાં, તે જાદવજી મા'રાજનાં સ્મરણથી ઉદ્દીપિત થઈ એટલી ઉત્કટતાએ પહોંચે એટલી શક્તિ મા'રાજના દષ્ટાંતમાં છે એમ લાગતું નથી. 'રાજો ટપાલી'માં તો જાદવજી મા'રાજ કરતાં યે એવી શક્તિ ઓછી છે, પણ એની વિગતમાં અહીં નહીં ઊતરીએ. પણ આ વાત ઉપર ખાસ ભાર મૂકવાનું કારણ એ છે કે ઊર્મિજન્ય ભાવાભાસનો આ પ્રકાર આપણા નવીન કવિઓમાંથી લગભગ બધામાં એક વા બીજા રૂપમાં દેખાય છે. તેથી કાવ્યનાં અન્તસ્તત્ત્વને હાનિ જ પહોંચે છે.

'તૂટેલી ચંપલ' અને 'ફાટેલા જોડા' જેવા વિષયો ઉપર કાવ્યો લખવાનો મોહ આપણા કવિઓને થાય છે. પણ એવાં કાવ્યોમાં આટલું ખાસ યાદ રાખવું જરૂરી છે. ભાવ માત્રને આલંબન અને ઉદ્દીપનની જરૂર છે. આ બન્ને જાતના વિભાવ વગર ભાવોદ્દીપન શક્ય નથી. તેથી ઉદ્દીપન અને આલમ્બનની પસંદગી ઉપર જ ભાવની ખિલવટનો આધાર છે. આવા વિષયમાં, અમુક એક વિશિષ્ટ દષ્ટાંત ઉપરથી કવિ સાધારણ ચિંતનમાં

ઊતરી પડે છે તેથી આવાં કાવ્યો એક રીતે અર્થાન્તરન્યાસ-કાવ્યો કહી શકાય. એમાં એક પ્રસ્તુત ભાગ અને બીજો અપ્રસ્તુત ભાગ હોય તેથી ઉદ્દીપક અને ઉદ્દીપિત વચ્ચે એક જાતનો ઉપમાનો- ઉપમેયભાવ ઊભો થાય છે. માટે આવા વિષયમાં કવિ કોઈ અસત્ય વાતાવરણ તો ઊભું નથી કરતો ને એ વાતને તપાસવામાં ઉપમેયના વર્ણિત ધર્મો ઉપમાનમાં સાહજિક અને સર્વાનુભવગમ્ય છે કે નહીં તે પ્રશ્ન વિચારવો જોઈએ. ઉપમેયના ધર્મો તે ઉપમાનના પણ સાહજિક ધર્મો હોય તો જ આવાં કાવ્યો ખૂબ અસરકારક બની શકે; પણ એમ ન હોય તો સહૃદયને મન તો એમાં એક પ્રકારની હસનીયતા જ દેખાય.

આ જમાનાનું જે એક વિશિષ્ટ લક્ષણ થઈ પડ્યું છે તે દલિતપીડિતાદિ તરફની સહાનુભૂતિથી આ કવિ અલિપ્ત નથી, પણ આ આખા સંગ્રહના એક બે જ કાવ્યો સીધી રીતે એ વાતને નિરૂપે છે. ‘વણકરનું કાવ્ય’માં શહીદો તરફ આ સહાનુભૂતિ વ્યક્ત થાય છે; તો ‘હું અને એ’માં રૂપજીવા તરફની કવિની સહાનુભૂતિ સ્પષ્ટ થાય છે. ચિત્તની આત્યંતિક વ્યથાથી કવિ પૂછે છે:

એને ના શું કદિય મનમાં એમ થાતું હશે કે
વ્યોમે જ્યોત્સ્ના લટમહીં કળા ગૂંથી કાયા પ્રસારી
સૂતી હોયે, રવહીન પદે અભ્ર ઓઢી સુધાંશુ
આવે, નિદ્રાભર નયન હું પાથરી પંથ વચ્ચે
હોઉં બેઠી અધીર હૃદયે રાહ જોતી હંમેશ,
- એ પિયુ જે વિધિનિરમિયો અગ્નિસાખે મળેલ ! (હું ને એ)

કોઈ કુલવધૂનાં હૈયામાં જે ઝંખના હોય તેના કરતાં પણ વધારે ઉત્કટ આત્સુક્યવાળી અને પાવિત્ર્યવાળી આ ઝંખના કવિ કેટલી બારીકીથી વ્યક્ત કરે છે ! પણ રૂપાજીવાને તો એવી વાતનાં સ્વપ્નાં જ હોય. નિરાશ હૃદયના આર્તપોકારે એ કહે છે:

એ દિનો ને સ્વપ્ન મધુરાં કાળગંગા કિનારે
દાટ્યાં ઓ રે !

પણ પછી તરત જ હંમેશાની ટેવથી હૃદય બેફિકરું બની જાય છે અને કહે છે:

કંઈ નહિ ભલા, હાટ માંડ્યું પછી શું ?

મુગ્ધ ઉલ્લાસ અને ઔત્સુક્ય, તેમાંથી આર્ત હૃદયની નિરાશા અને તેમાંથી કેવળ બેફિકર જેવા ભાવોમાં એક પછી એક સંક્રાન્તિ કરવામાં કવિની કળા ક્યાંય અચકાતી નથી.[5]

ખંડકાવ્યો જેવાં આ સંગ્રહમાં ત્રણેક કાવ્યો છે, પણ એ ત્રણમાંથી ‘શકુંતલા’ તો ખંડકાવ્ય કહી શકાય નહીં કેમ કે એમાં એનાં ખંડજીવનનું નહીં, પણ સમગ્ર જીવનનું નિરૂપણ છે. બીજા બે વસ્તુદૃષ્ટિએ ખંડકાવ્યો છે. આ ત્રણે કાવ્યો વ્યક્તિગત કાવ્યો તરીકે સુંદર છે. કેટલાક શ્લોકોમાં હૃદયસ્પર્શી ચિત્રાંકન કવિ કરી શક્યા છે. વળી વૃત્તવૈવિધ્યથી સુભગ અસર પણ કવિ એમાં ઉપજાવી શક્યા છે. છતાં કહેવું જોઈએ કે એ ત્રણેનું વસ્તુ માત્ર પ્રસિદ્ધ છે એટલું જ નથી, પણ એ ત્રણે વિખ્યાત સાહિત્યસ્વામીઓની મૂળ કૃતિઓ ઉપરથી લીધેલાં છે. એ મૂળને પડછે આ ત્રણેમાં ખાસ વિશેષ ચમત્કાર દેખાતો નથી.

આ અને આવાં કાવ્યો આ સંગ્રહમાં છે. મેં પહેલાં જ કહ્યું તેમ એમાં કોઈ નવીન પ્રસ્થાન નથી, પણ આપણા નવીન કવિઓએ સાધેલી કાવ્યસિદ્ધિના વિવિધ અંગો ઉપર આ કવિએ સુંદર કુશળતા પ્રાપ્ત કરી છે અને તેથી એમની કાવ્યદૃષ્ટિ, અત્યારે આત્મલક્ષી અને અંગત ઘણીખરી છે તે જેમ પરલક્ષી અને બિનઅંગત વધુ બનતી જશે તેમ એની કાવ્યકળા સોળેકળાએ પાંગરશે એમાં શંકા નથી.

એમનું વર્ણન, ખાસ કરીને ઉદ્દીપનવિભાવરૂપે કરેલું પ્રકૃતિવર્ણન તાદૃશ અને ધારેલી અસર ઉત્પન્ન કરી શકે તેવું છે. અહીં બે જ અવતરણો આપું છું.

---

5. પરંતુ મારે નોંધવું જોઈએ કે આ કાવ્યનાં પહેલાં સાત ચરણોની યોગ્યતા મને બરાબર સમજાતી નથી. એ આખી કંડિકાનું ઔચિત્ય શું છે ? કવિને ખરેખર એવો અનુભવ થયો હતો એમ તો અભિમત હોય નહીં ? તો પછી એવી કલ્પના શા માટે કરી છે ? કે અંગત અનુભવથી, રૂપાજીવાને પણ હૃદય હોય છે એની કવિને ખાત્રી થાય છે એમ બતાવવું છે ? તો પણ હું ધારું છું કે કવિ પોતે જ એમાં આલંબન બને છે તેમાં એક પ્રકારનું

અનૌચિત્ય તો આવે છે જ.

અઘોર મધરાત વેળ ચિર શાંતિ ભેંકાર શી
અને પવન આમ તેમ ભટકી કરે કોકની
યથા વિફલ શોધ એમ ખખડાવતો પાંદડાં
સૂકાં તરું તણાં; કદીક નિજ તીવ્ર સૂરો થકી
કરે ઘુવડ ચીબરી પડ મસાણનું જાગતું !
કદીક પવને ફૂંકાઈ અડધી જળેલી ચિતા
જળે જરીક જોરથી, જળી ગયેલથી રાખનો
ભીંસાય ભરડો ઊનો ધરતીની પરે કારમો !
(રાજેસરની દેરીઓને)

પ્રકૃતિનાં રૌદ્ર અને બીભત્સ સ્વરૂપનું આ વર્ણન બારીક[6] છે. તો લલિત મધુર કરુણભાવથી વિહવલ પ્રકૃતિનું વર્ણન નીચેનાં ચરણોમાં મળે છે.[7]

આજે દક્ષિણ વાયુ હ્યાં સુરભિ પી ના ઢોળતો વીંજણો,
વા હેલી મધુ રંગરાગ ભર ના સંધ્યા ઉષાની છલે;
ના ગ્હેકંત શિખંડી મુક્ત બહવી ભાવોર્મિ કંઠે ભરી
ન્યાળી માળ નવામ્બુદોની, નહિ વા ઉત્સંગમાં મેઘના
મુગ્ધા કોડવતી બની સરકતી સૌદામિની; કેમ આ
વીંટી ધૂસર વસ્ત્ર માંહી તનને શોકાકુલા પ્રકૃતિ ? (શકુંતલા)

બે ત્રણ ચરણમાં જ તાદૃશ ચિત્ર ખડું કરવાની શક્તિ પણ આ કવિમાં છે.

વિતાન મઢતું તમઃ નિનદ પર્ણ વૃક્ષો તણાં
બજાવી જરી ખંજરી મધુર કંઠ સોહાગની
અમૂક; બસ એ સમે! હૃદય ગાઢ આશ્લેષમાં
થવા વિલીન ઝંખતું, (ભળો તવ)

---

6. એથી પણ વધુ તાદૃશ ચિત્ર ખડું કરતું વર્ણન 'અમે'નાં પહેલાં છ ચરણોમાં છે. એ પણ પ્રકૃતિનાં રૌદ્ર તત્ત્વોનું છે.

7 મનઃસુખલાલ ઝવેરીનાં 'મહાપ્રસ્થાન'માંની 'ને ઉદ્યાને, નવ કિસલયે લ્હેરતો આમ્ર પેલો'થી શરૂ થતી પંક્તિઓ (429થી 442)ની સ્મૃતિ આ ચરણો વાંચ્યા પછી આવ્યા વગર રહે તેમ નથી.

આ છેલ્લાં અવતરણના 'બસ'ની મુસ્તાકીમાંથી વિષાદગર્ભ ઔત્સુકયનો જે નિર્ઝર સ્રવે છે તે હૃદયને ખરેખર પ્લાવિત કરી મૂકે છે.

આ કવિના કેટલાક અલંકારો સુભગ અને નોંધપાત્ર છે.

(1) સંધ્યા તણી પાલવ કોર ભૂખરી
નિરાશ કો અંતર શી, ક્ષણે ક્ષણે
છવાય (જતાં રહ્યાં ?)

(2) તારા ડાઘુ શા (વણકરનું કાવ્ય)

(3) વા થંભે વેગીલું નાવ આવતાં ઢગ રેતનો
તે વિધે થંભતી એ કાં ? (અભિસારકે)

માંની સુભગ ઉપમા,

અને પવન આમતેમ ભટકી કરે કોકની
યથા વિફળ શોધ એમ ખખડાવતો પાંદડાં
સૂકાં તરુ તણાં. (રાજેસરની દેરીઓને)

માંની ઉત્પ્રેક્ષા,

કમાન કવિ કલ્પના તણી પલાણી આભે ઊડે,
ઊડે મધુર ધારપેં સ્વરની ગાયકો, રંગથી
અદીઠ દુનિયા કરે ધબકતી ચિતારો, સૂજે
સમગ્ર ઉરવાંછના સુભગ શિલ્પમાં શિલ્પી કો !
તમે કવન, સૂરની મધુર ધાર, રેખાવલી
કળા સુભગ શિલ્પનીઃ (આમંત્રણ)

માં છે તેવો માલારૂપકનો નૂતન અને અભિરામ પ્રકાર,

ફુલસુગંધ મીઠી પ્રસરી બધે
વિરમી જાય અદીઠ અનંતમાં !
મૃદુ પ્રદોષ તણું તન વીંટતી,
વિવિધ રંગ ભરી સળ સાળુની
સળવળી રસરૂપ વહાવવા

તિમિરમાં ભળતી વીખરાઈને !
તનતરુ પર તે વિધ પલ્લવો
રુપકલા ભર યૌવનની છટા,
નયનરાગ, પરાગ, કુમાશના
મલપતાં ક્ષણ માત્ર જ રાચવા ! (અભિસાર)

માં છે તેવી સંતત વહેતી પૂર્ણા માલોપમા, અને

પછી સઢ સુકાન હીણ, જ્યમ નાવ કો આથડે,
તરંગ સહ આમ તેમ; અણજાણ કો વાયુની
કદી પ્રબળ ઝાપટો ખડક પાસ ખેંચી રહે;
રહ્યો પળપળે હું તેમ ભવસાગરે આથડી ! (મુકામ ભણી)

માં છે તેવી સંતતોપમા (Miltonic Simile) આ કાવ્યસંગ્રહની અલંકાર-સમૃદ્ધિ બતાવે છે. આ કવિના અલંકાર પ્રયત્ન પ્રેરિત બન્યા વગર, રસ વિચાર કે કલ્પનાને બહલાવવામાં બહુ જ મદદરૂપ બને તેવા છે.

સામાન્ય રીતે આ કવિ પણ શિષ્ટમાન્ય ભાષા જ પોતાનાં કાવ્યમાં વાપરે છે. એમાં અતિ સંસ્કૃતતા ખાસ ક્યાંય દેખાતી નથી. કોઈક વખતે અપ્રયુક્ત કે અલ્પપ્રયુક્ત પ્રયોગ એ કરે છે ખરા (કલ્લોલ પૃ. 72, કુંકરી પૃ. 90); પણ તે કૃત્રિમતાની હદ સુધી પહોંચ્યા નથી. વળી જરૂર પડે ત્યાં તળપદી અને પ્રાંતીય બોલીના પ્રયોગ પણ સુભગ રીતે આ કવિ કરી શકે છે. 'મને કેદુનાં નોતરાં દેવાણાં,' 'રાત્યું', 'પિયાસુ' 'વાવડ', 'અડધી રાતે ટાણે', 'નજરું', 'જ્યાં ચારની ઝાલર ઠોક વાજે' જેવા પ્રયોગો સુભગ રીતે કરાયા છે, કેમ જે આખા કાવ્યનાં વાતાવરણને એ અનુરૂપ બની રહે છે. પૃ.90, પં.33માં 'બસ'નો છે તેવો બોલાતી ભાષાની છટાવાળો પ્રયોગ પણ નોંધપાત્ર છે.

---

8. આ શબ્દ અને તેની સમજૂતી માટે જુવો મારો લેખ 'શેષનાં ઉપમાચિત્રો', પ્રસ્થાન.

ગુણપરત્વે આ સંગ્રહમાં માધુર્ય વ્યાપક છે, ઓજસ્ બહુ ઓછું છે અને અને પ્રસાદ મધ્યમ છે.

સામાન્ય રીતે છંદ ઉપર આ કવિનો કાબૂ સારો છે અને ઘણું ખરું ભાવને ઠીક ઠીક અનુરૂપ છંદોનિર્માણ એ કરી શકે છે. છતાં 'વૈયક્તિક ન્યૂન' (પૃ. 15) 'નિહાળી વદતા 'થવા હજુ દિયો'- હશે શું ન ત્યાં ?' (પૃ. 43) જેવાં ચરણોમાં છંદોદષ્ટિએ આવતી કિલષ્ટતા ઈષ્ટ નથી. 'નિઃશૂન્ય' જેવા પ્રયોગમાં તો છંદોભંગ પણ થાય છે, અને એ કોઈપણ રીતે યોગ્ય નથી. પણ, કહેવું જોઈએ કે એવાં સ્થાનો બહુજ ઓછાં છેઃ 'પ્રકૃતિ' 'અમૃત' આદિમાંના 'કૃ' અને 'મૃ'ને આપણા ઘણા કવિઓ જોડાક્ષર ગણીને એની આગળના લઘુને ગુરુ ગણી લે છે તે સંસ્કૃત ઉચ્ચારરીતિ મુજબ વૃત્ત રચવાના નિયમથી વિરુદ્ધ જાય છે તેથી આપણે ગુજરાતીમાં પણ એવી છૂટનો વિરોધ કરીએ છીએ. પણ મને એમ લાગે છે કે એ વિરોધ બહુ યોગ્ય નથી. આપણી પ્રાકૃત ભાષાઓમાં ઋનો સ્વરાત્મક ઉચ્ચાર આપણે ખોઈ બેઠા છીએ. આજે આપણે ઋનો વ્યંજનાત્મક ઉચ્ચાર જ કરીએ છીએ તે જાણીતી વાત છે. તો પછી આવા કૃ અને મૃ ને, ગૂજરાતી પૂરતા જોડાક્ષર ગણવામાં બાધ ન લેવો જોઈએ.

છેવટે મારે આટલું કહેવું છે. આ કવિ પાસે કવિને કાવ્યસિદ્ધિ માટે જોઈએ તેવી ઘણીખરી બધી સમૃદ્ધિ છે. પણ એમનું હૃદય હજી અંગત નાના વર્તુલના ભાવોમાં રાચે છે. નાના વર્તુલના એટલે સ્વાર્થી એમ નથી કહેતો. પણ આત્મસમર્પણ જેવા ભવ્ય ભાવની વાતમાં તેમજ કાલબલની કરુણઘેરી અસર ઝીલવામાં એમનું કાવ્ય આપણા ઘણાખરા બીજા કવિઓની પેઠે આત્મલક્ષી જ બની જાય છે. પણ આ આત્મલક્ષીપણું, જો પૂરતા વિસ્તારવાળું ન બને તો, હું ધારું છું ત્યાં સુધી, કાવ્યની ઉચ્ચતર વ્યક્તિને ઘણીક વખત કુંઠિત બનાવી દે છે. તેથી એનો વિનિયોગ હવે આપણે ત્યાં કંઈક મર્યાદિત થાય તો ઠીક. કંઈક એની મર્યાદા બંધાવા માંડી પણ છે અને એને હું સુચિહ્ન ગણું છું. કાવ્યપ્રદેશના સીમાડાને વિશ્વવ્યાપી કરવાને માટે, એને આત્મલક્ષી ભાવની પાળમાં રહ્યા છતાં એનાથી પર જવું પડશે. આમા જ કાવ્યકળાનો વિજય છે.

1 : 7 : 43 **ડોલરરાય ર. માંકડ**

કરાંચી.

# ધરિત્રી

...this is no book;
who touches this, touches a man.
**- Walt Whitman**

# નોતરું

સંધ્યા એની અઢળક ધરે રંગભીની બિછાત,
પેટાવીને રજની મલકે લાખ દીવાની વાટ,
ફૂલો કેરી સુરભિ સહસા વાયુપાંખો પલાણે,
ને હૈયાને મધુર રમણે નેન તારાં નિમંત્રે !

તું હું વચ્ચે લખ લખ પડ્યો જોજનોનો અકારો

ગાળો, મારાં ડગ લથડતાં થાકી ઝંખે વિસામો :

તું શું રાખે ત્વરિત ગતિની પંગુ પાસે અપેક્ષા ?
દેખાડે વા નયનકિરણે નોતરું જૂઠી સ્વેચ્છા ?

મેં તો બાંધ્યું લઘુક ઉરના હર્ષ ઉન્માદ ભેળું,
વેઠેલાં સૌ વ્રણ અસહની વેદનાઓનું ભાતું ;
હૈયા કેરી ગહરી કરુણા, ગૂઢ કૈં શોકભાર :
માનીને કે તવ સ્પરશસંજીવને ધન્ય થાય !

મૂંગા, નેત્રે પલક પલકી, પાડવા સાદ તારે;
વંકી કેડી પદ લથડતે ખૂંદવી કેમ મારે ?

**28: નવેમ્બર : 1939**

# એંધાણી

વંકી ધરા, પગ લથડે, ખૂટતા શ્વાસ ટકે કેમ કાય ?
જોજનફાળે ધપતું જોબન અધવચ્ચે પછડાય,
ત્યાં અપંગનું શું થાય ?

લંગડા કેરી ટેકણલાકડી, આંધળાની આંખ થાજે;
ડગુમગુ ડગલાં ભરનારનો હાથ દોરી તું ધાજે;
વીરા એટલું કરતો જાજે !

'કોઈ નહિ, વ્હાલાં લાકડાં વનનાં ભેગાં આવી સૂવે,'
એવું કહેનારાં સહુ તારામાં કૈંક વિસામો જુવે,
એનાં આખરી આંસુ લુવે !

પર્વત કેરી પાંખ ઘસાય, જ્યાં શોષાય સાગરવારિ,
વંટોળમાં વનવૃક્ષ ખડે ત્યાં મૂકજે રાંક એંધાણી;
દેજે જીવનસેર છલાવી!

કાળને કાંઠડે આંકજે રેખા, હરખે માનવહૈયા :
સંભારણું એવું મૂકજે, મૂંગી ઝાલર ઠેક બજૈયા,
'ધન્ય અન્ય કાજે જીવ્યો ભૈયા!'

**29 ઑગસ્ટ : 1937.**

# કોઇ નહિ

વર્ષાઋતુ એકધારું
કોમળ ને કરુણાવાળુ;
બજાવતી શેણે મીઠું વિયોગનું ગીત?
સુણતાં જે જાગે ઉરે ભૂલાયેલી પ્રીત!

ગીત તણા ઝણકારે,
અંતરના ધબકારે;
પદ તાલ મંદ મંદ કોકના સુણાય,
અચાનક ‘કોણ?’ પ્રશ્ન મારો સરી જાય!

‘કોઈ નહિ’ શબ્દકેડી,
રહે મારાં નેન તેડી;
અધીર હું બ્હાર ધસું કોઈ ન’તું ત્યાં,
એક ને અખંડ હતો વિયોગ જ જ્યાં !

**31 : જુલાઈ : 1937.**

# તારાં પગલાં

હું કાન માંડું જ્યાં મારા,
ત્યાં પગલાં સુણું તારાં !
ઝાકળભીંજ્યા ફૂલકટોરે વસંત સીંચી મલકે,
રૂપ રંગ, રસ, ગંધ, રૂપાળાં પગલાં તારાં ઝલકે !
હું કાન0

કલકલ વ્હેતાં ઝરણાં બોલે વનઉપવનનાં પંખી,
સાગર નોબત મસ્ત બજાવે સ્વર તારાને ઝંખી!
- હું કાન0

સ્મિતસેરે શૈશવની કૂંળી, છલકે જ્યાં મરદાની,
શહાદતોની જલતી મશાલો ત્યાં તારી નિશાની !
- હું કાન0

પથ્થરઉરથી ઝમીઝમી ઝરણાં ધાન્યના ગંજ હિલોળે,
વાટ વિના લખ દીવા પ્રગટી ટમકે વ્યોમકચોળે !
- હું કાન0

ધરતીકંપે, વનવંટોળે દાવાનળ, જળપૂરે,
ખડખડ હાસે રૌદ્ર સ્વરૂપે પગલાં તારાં સ્ફુરે !
- હું કાન0

આ ભવની એરણ પર તારા ઘણનો ઘાવ ઝીંકાતો,
ઘાવે ઘાવે ઝટઝટ મારો જીવનઘાટ ઘડાતો !
- હું કાન0

**13ઃ જાન્યુઆરી : 1941**

# સુકાની હો !

ક્યાં છે જીવનના કિનારા?
સુકાની હો, ક્યાં છે જીવનના કિનારા?
સઢ તો બંધાણો પણ વાયે ક્યાં વાયરા?
ખેંચે હલેસાં શેં તૂટલ આ બાવડાં?
ધૂંધળી દિશાને વીંધે કેમ નેન મારાં?
ખૂંદાશે સમદરના આરા?
- સુકાની હો૦
ભીડેલી ભોગળો આ અંતરને બારણે,
સાંભળીને સાદ ઝૂરું મળવાને કારણે,
મૂંગા અદીઠ પડે કાંઠેથી સાદ,
બંધુ! હાંકી જા હોડી મજધાર!
- સુકાની હો૦
આવો વરુણ, રુદ્ર ઝંઝાને ઘોડલે,
આસન માંડો વિરાટ! નાનકડા હોડલે;
એને વમળો ને પૂરમાં ઘુમાવો,
પંથ અણદીઠા કોક તો બતાવો!
- સુકાની હો૦
છોને સુકાન સઢ તૂટે હલેસાં,
ઝંખનાની પાંખને થંભવું ગમે ના!
મને કેદુનાં નોતરાં દેવાણાં,
જેથી હૈયે આ ઈંધણાં ચેતાણાં!
- સુકાની હો૦

1: ફેબ્રુઆરી : 1942

# આંખ્યું ને અણસારે

આંખ્યુંને અણસારે એને ઓળખ્યો!

જામી'તી રાત્યું તે દિ મેઘલી,
અષાઢ તણી ઘનઘોર;
પલાણી ઝંઝાની તેજણઘોડલી,
ચમકે વીજ ચારે કોર!
-આંખ્યું ને0

ભીડીને ભોગળ બંધ બારણે,
સૂતી નચિંતી હું સેજ,
ઉરની પિયાસું મનના પારણે,
હીંચે શમણાંને દેશ.
-આંખ્યું ને 0
નો'તા રે વાવડ તારા વાલ્યમા,
નો'તા કશા યે સંદેશ;
અડધી રાતે ટાણે કારમા,
વસ્તું ક્યાંથી અણચિંતવેલ?
-આંખ્યું ને0

વરત્યો ના પગ, ના રે સાદ મેં,
વરત્યું ન તારું મોં કે વેશ;
હડધૂત કરી કાઢ્યો આંગણે,
વશ થઈ ગોઝારે આવેશ!
-આંખ્યું ને૦

આંગણેથી જાતાં નજરું ફેરવી,
જોયું, હળવેથી જોયું જેવી રીત;
ઝબકી પરાયો પડદો સેરવી,
જનમનીં ઊંડેરી પ્રીત!
-આંખ્યું ને૦

**23 : ઑક્ટોબર : 1942**

# અદીઠ પગપાનીએ

અનંત અવમાનના વિજન પંથમાં ધૂળની
પરે તન બિછાવતું કુસુમ હું અખીલ્યું, થઈ
બિછાત પંથમાં, ચહું ચરણ ચૂમતાં કોમળાં
વિલીન બનવા; ધરી સુરભિ રંગશોભા બધી
અદીઠ પગપાનીએ.

4 : જુલાઈ : 1937

# જતાં રહ્યાં ?

જતાં રહ્યાં હ્યાં ભડકા જગાવી,
લીલી મજાની રમણીય વાડીમાં
હૈયા તણી કો ; પળવાર માહરાં
મટ્યાં ન'તાં તે થઈ અન્યનાં ગયાં ?
જલાવીને આ ઉર શું જતાં રહ્યાં ?

સંધ્યા તણી પાલવકોર ભૂખરી
નિરાશ કો અંતર શી, ક્ષણે ક્ષણે
છવાય; તો યે તહીં ગામ પાદરે
લાવણ્યની લોલ વિલોલ વેલ શી
અનેક નારી, નિજ કંઠવીણા

બજાવતી'તી; વપુપેં વીંટ્યા તવ
પાનેતરે ગાંઠ અખંડ વાળી
ઝૂલી રહ્યું'તું ઉપવસ્ત્ર કોકનું !
વદાયવેળા હતી આપની તદા,
કૌમારના મંગલ સંપુટે ઝીલી;

અતીવ આકર્ષક નીર ઝાંઝવાં,
પીવાં અદીઠાં ભવનાં રણો મહીં.
વળાવવા ત્યાં જન કૈંક આવિયા
હતા, હતો હુંય ઊભેલ એકલો
ભગ્નાશ, પૂછે સહુ 'કેદિ આવશો ?

ને હું ? હવે શું નજરે ય ન્યાળવાં ?
એ પ્રશ્નભાવે જરી જોઉં ત્યાં દીઠું
કારુણ્યની કો વિમળી કણી શું
અક્કેક બિંદુ નયને ઠરેલું !
અબોલ તો યે ઉરભાવ ઉચ્ચરી,

રહેલી અશ્રુ 'નવ હું ગઈ પ્રિય!'
- અને નિહાળું નજરે જતાં, છતાં
હસી રહું હું નથી ક્યાંય રે ગયાં !

**16: માર્ચ: 1936**

# તને જ

તને જ કાં ? પૂર્વ ઋણાનુબંધન
હસે હજ શેષ અત્રૂટ, વા છવિ
ગ્રહી પૂરી નેન મહીં ન, ને થયું
મને ય શેં કે શત જન્મથી સહ
હઈશ, ને નિત્ય રહીશ સંગ તું ?

અનંત હ્યાં પ્રાણી પ્રફુલ્લ ચેતના,
સજીવન ને નિર્જીવ બેયની મળી;
સૂરાવલિ મંજુલ ભવ્ય વહાવતી,
હસે સદા વિશ્વ મહીં અબંધ.

છતાં ય મેં એકલ કો અજાણ,
આછી અધૂરી સ્વરરેખમાં સુણ્યો,
પ્રતિધ્વનિ કેમ અખંડ આત્મનો
મારા ? અને એ સ્વરમાં વિલીન
બની ચહ્યું શેં બજવા સનાતન ?

ખસો, ખસો રે ! પ્રણયાબ્ધિઈશ્વર
તણા, હું તું ચેતનહીણ યે છીએ
અભિન્ન ને એક સમૂહ બુંદનો !
છુટ્ટા જુદા તાર બસૂર તૂટલા

અનેક, તો યે જગવાદ્યના ઉરે
ગૂંથાયલા; પ્રકૃતિઅંગુલિ થકી
પીતાં હમેશાં સ્વર સ્વાદુ પ્રેરણા !
વિરાટકાયાકણ કેરી જૂજવી
પ્રતિકૃતિ આપણ માનવી બધાં !

વૈયક્તિક ન્યૂન વિરોધદર્શક
રંગોજુદા ઈન્દ્રકમાન કેરા!
છતાં ય સોહી સઘળા સુરેખ
અન્યાશ્રયે કો નમણાં પ્રતીક શા !

પ્રિયે ! હું તું અન્ય અનેક, એકનાં
રૂપો જુદાં તો ય તને જ તોષવા
ચહું હું કાં? કુંઠિત વર્તુળે પૂરી
સમગ્ર મારા ઉર કેરી ચેતના,
પ્રભા પનોતી પ્રભુરૂપ પ્રેમના
પ્રદીપ કેરી; અતિ ધન્ય ભાવથી
મ્હાલું સગર્વ? પ્રિય તાહરાં ઉરે
રૂંધાયેલા જીવનસ્ત્રોત માહરો,
વહે ભલે સંગ વિશુદ્ધ સર્વની
વેગે દ્વિધા જીવનજાહનવી ગ્રહી!

ખસો, ખસો!
ન માત્ર તારા ઉરમાંહી માહરી,
પૂરાઈ રહેવા ચહતી ચિરંતન
પ્રેમાર્દ્રતા; છો સ્ત્રવતી અખંડ
નિસર્ગનાં સર્જન માંહી સર્વ;
ને અંશ જે પ્રેમ તણો અત્રૂટ,
બે હાર્દ વચ્ચે લસતો, લસે બની
વિરાટદેહી; અણુએ અણુ મહીં !

**18ઃ એપ્રિલઃ 1936**

# રાજેસરની દેરીઓને

પહોર મધરાતના! ઘસઘસાટ હ્યાં ઘોરતી
અઘોર ઉર નિંદને સકલ ચેતના સૃષ્ટિની!
પ્હણે જરીક કોર ફિક્કી નભખોળલો ખૂંદતી
રહે ઝબકી ચંદ્રની, અગણ પાળિયા દેરીઓ
અડીખમ ઊભાં કંઈ, કંઈ પડું પડું થૈ ટકે.
મહાજન અનેક ને શૂરવીરો, સતી, ભક્તનાં
પ્રતીક અવશેષમાં જરીક થાક લેવા ઊભાં !

ઊભાં યુગ અનન્તથી !
અઘોર મધરાત વેળ ચિર શાંતિ ભેંકાર શી,
અને પવન આમ તેમ ભટકી કરે કોકની
યથા વિફલ શોધ એમ ખખડાવતો પાંદડાં
સૂકાં તરુ તણાં; કદીક નિજ તીવ્ર સૂરો થકી
કરે ઘુવડ ચીબરી પડ મસાણનું જાગતું !
કદીક પવને ફૂંકાઈ અડધી જળેલી ચિતા
જળે જરીક જોરથી, જળી ગયેલથી રાખનો
ભીંસાય ભરડો ઊનો ધરતીની પરે કારમો !

મને ત્યમ છતાં પસંદ બસ એ નિઃશૂન્ય સ્થળ !
નિઃશૂન્ય કહું કેમ જ્યાં વર પડોશી આવા વસે ?
અમંગલ મનાય જ્યાં જવું અમસ્તું ત્યાં છેવટે
હરેક વિરમે, અહો, ન વિધિ કેરું વૈચિત્ર્ય એ ?

હંમેશ કિનખાબજાજમ પરે ફરે પાય ને
સુહાય શિર જે સદા મુગટ છત્ર વા ચામરે,
અને જીવન પોષવા તરફડી મરે જે જનો
ભૂખ્યાં, નગન, દીન, હીન; સહુ સાથરે ધૂળના
સમાન બની પોઢતાં : અહીં ન વિશ્વકૌટિલ્ય કે
અસંખ્ય છળ, દ્વેષ, દંભ, મદ, સ્વાર્થ, મોહાંધતા
બિછાવી શકતી ન રે, કદિ ય ઝાળ ઝેરીલી હ્યાં !
સદા ધખતી ભઠ્ઠી હ્યાં જગતની, બની ઇન્ધન
ચિતા સળગતી મહીં સળગી શાંતિને પામતી !

મને સ્થળ પસંદ આ નવ પરંતુ એ કારણેઃ
કહું સ્થળ પસંદ કાં? કહી શકાય શે કારણો?
ન કાર્ય કદિ સંભવે વગર કારણે વિશ્વમાં?
સુસ્પષ્ટ સહુ કારણો પણ ન જન્મ કાં કાર્યનો?
વિચિત્ર ગણજો, ગણો અકલ ઘેલછા સ્વપ્નની
છતાં સ્થળ પસંદ એ!

અનેક વરસો પરે ધૂસર ક્ષુબ્ધ સંધ્યા સમે
કદીક ધણપાદરે રીડ સુણી, ગ્રહી હાથમાં
પડેલ હથિયારને, નવજુવાન દોડી હશે
ઝૂઝયોઃ ઝૂઝી ઝૂઝી હશે રુધિરનીંગળંતું તન
સુરક્ષણજ કાજ નિર્બળ તણા ખપાવ્યું અહીં!

સુરંગ ઘરચોળું પ્હેરી રૂપસુંદરી કોક હ્યાં
જતાં જ અહ-નંદવાઈ નિજ કંકણો, સ્વામીને

‘અનેક ભવ અગ્નિ સાક્ષી પથ જિંદગીનો પૂરો
કરશે’ વચનોનું બંધન વિછોડીને જે ઘડી,
અદીઠ પથ મૃત્યુનો નિરખી ખૂંદતાં તુર્તજ
પળંત નિજ સ્વામી પૂંઠળ ન સાક્ષી, સાથે લઈ
ચિતા-અગન, ઉત્સવે પળતી હોય તેવા ધરી
સુમાંગલિક વસ્ત્ર, પીયળ, ગુલાલ ને અક્ષત!
હશે જ શરમાળ કો કુળવધૂ બનીને સતી
કુટુંબ, પુર, પ્રાન્તમાં ઉચરતી જ અદ્વૈતની
કથા પરમ પ્રેમની શતસહસ્ર જિહ્વા થકી!

કદીક જન ગામના ડમરી ધૂળની દૂરથી
નિહાળી ઊડતી અને પડઘી અશ્વની ગાજતી
સુણી, બનત બાવરા નિજની માલમત્તા અને
સલામત બચાવી જીવ ભયત્રસ્ત નાઠા હશે !

સલામત સુરક્ષવા નિજનું રંક કર્તવ્ય કો
હશે પરમ ભક્ત મંદિર વિશે ઊભો ભાવથી,
કરી સ્મરણ ઈશનું પદ જડી દઈ આસને !
અને ‘મૂરત તોડી ફોડી ધન સંગ્રહો સામટું’
વદી તૂટી પડ્યું હશે અબલ એ શિરે ધાડિયું !

પ્રચંડ પુરુષાર્થ, પ્રેમ, બલિદાન વા ભવ્યની
કથા અગનઝાળ, સિંદૂર અને પડી પથ્થરે !
રહે ગજવી કાલદેવ નિજ અંગુલિથી મહા
નિઃશબ્દ, ગતકાળ ભવ્ય અહીં, આ ભૂમિમાં સદા !

અન્નત સ્મરણો તણા ગહન ઝંકૃતિના સૂરો
ધરી મજ ગરીબ આ તન વિશે જ રાચી રહું !
સદા બલિ બની જવું અબલ રક્ષવા પૌરુષે,
અને પ્રભુ અનાદિથી અધિક પ્રેમગાથા તથા
સ્વધર્મ મહીં મૃત્યુ ઇષ્ટ સમ મંત્ર ઉચ્ચોચ્ચના
ધખંત ઇતિહાસથી, લઘુક ચેતનાની કણી
ગ્રહી, મલકું આ સ્થળે-પરમ ધન્ય જેની ધરા !

**20 : સપ્ટેમ્બર : 1938**

# શકુંતલા

નવમુગ્ધા સમી સંધ્યા વ્યોમના પગથારપે,
ઘરચોળું ધરી અંગે મીઠડું મલકી રહે.
મ્હેકી રહે રજનીગંધા, વીંજણો વાય વાયુનો,
ને-ને કાં કાલિમા ગાઢ ઓચિંતો પડદો ધરે?
કાલિમા ને વ્યથા ગૂઢ, હૈયામાં સભરે ભરી,
કાલિંદી નીર શાં ગૂંજે સંવેદન સનાતન ?
'માતા વસુંધરા ! આપો મને માર્ગ, લીયો ગ્રહી !'
અંતર્ગૂઢ કરી વ્યક્ત કોણ આ શબ્દ ઉચ્ચરે ?
ને બોલી એટલું કાયા અચેત કાયા અચેત ભૂમિપે ઢળે
કોની ? રે શે ઊભેલાં સૌ સમીપે ય ન સંચરે ?

ભરી મહા કાતિલ ઝેર જીભમાં
કાં ડંખ દે સર્વ હજાર સામટા ?
અટ્ટાટના નિર્દય ન્હોર કાં પીંખે ?
મર્માંતની શબ્દસ્વરૂપિણી વ્યથા ?

વલ્કલ-વસના ક્યાં, ક્યાં ચક્રવર્તી અધીશ્વર ?
કણ્વાશ્રમ તપોભૂમિ ને રાજગૃહ ભવ્ય ક્યાં ?

વજ્રપ્રહારો વચનો તણા સહી,
કાયા તણી વેલ શકુંતલાની;

‘દો માર્ગ માતા !’ વદતાંની સાથે
નિશ્ચેતના ઢળી પડી ત્યહીં ભૂમિ માથે !
રોળાયા રજમાં કેશ, ડૂમો કંઠ, ગયા ધ્રૂજી
નેત્રના દીપ ને એનું વિશ્રાંત થડકે ઉર !

ને એ જ ન્યાળી સુભગા ઉરશ્રી,
અદમ્ય જાગેલ ઉરે તૃષા હતી !
હૈયાકળી વલ્કલબદ્ધ તે દિ’,
લાગી હતી અમૃતકોશ જેવી !

અશોક વૃક્ષને ઓથે ઊભીને નિરખેલ જે
તાપસકન્યકા મુગ્ધ સીંચતી જલ વેલને :

એ પ્રેમધારા ઉરભૂ પરે ઝીલી,
બીજાંકુરો વૃક્ષ બન્યા અડાબીડ!
મધુશ્રી શી યૌવનમંદિરે ઊભી
અજાણ કન્યકા ભાસી અખંડ ફળ પુણ્યનું !

ભ્રમણા ? સ્વપ્ન જૂઠું કે કૂડી આતમવંચના ?
વિસ્મૃતિ સાગરે વા સૌ લોપાઈ સ્મૃતિચેતના ?
કલધ્વનિ કરી મીઠો એનું શું આત્મપંખીડું
આપમેળે ઊડી આવ્યું વીંધાવા શર આ થકી ?

ધરાઅંકે ઢળી કાયા અચેત, ચેતના જરી
ધીમા ધીમા જણાતી’તી હૈયાના થડકા મહીં :

બૂઝાતા દીપની જ્યોત ઝગે તેમ રહી ઝગી
મૂર્છામાં પોઢતાં પ્હેલાં પ્રભા નેત્ર તણી જરી !

અચેતનાના ઘન અંધકારે
પેટાવીને દીપકજ્યોત દેહી ;
ઊંડી અબૂઝી ઉરકામનાની
કંડારતો મૂર્તિ હશે મનોહર ?

નિદ્રાની મૂર્છનામાં ના સંજીવની ભરી હશે ?
કે એને સેવતાં પામે સ્વપ્ન-સંસિદ્ધિ માનવી ?

* *

પીને આસવ મત્ત આમ્રરસનો પુંસ્કોકિલો કૂજતા,
ખીલેલાં કુસુમો ચૂમી અલિગણો વીણા સમું ગૂંજતા;
એલાવેલ લઈ લવંગતરુને આશ્લેષ ગાઢો લસે,
રમ્યા માધવશ્રી સુગંધ રસ ને સંગીત વ્હાવી હસે.

વિલાસશોભા નિરખી વસંતની
નેણે ઊગે ચિત્ર તણી પરંપરા !
સુમુગ્ધ એની ઉરકામનાનો,
જાણે નિહાળી રસરાજ એણે;
આતિથ્યમાં ફૂલફળોની સાથે,

દીધું ધરી હૈયુંય અર્ધ્ય રૂપે !
આગંતુકો કૈંક અજાણ, એનાં
દીધેલ દ્વારો ઉરનાં અફાળી

પાછાં ફરે ! કો સુલભપ્રકોપનો
ભભૂકતો રોષ, સહી ઉપેક્ષા-

'ઝંખ્યા કરે તું જન જે નિરંતર,
પ્રમત્તની જેમ ન તે પિછાણશે
તને, બધા પૂર્વપ્રસંગ વીસરી !'

નેત્રની સન્મુખે બંધ, સ્મૃતિના તંતુ દોરતા,
ચિત્રની કૈંક રેખાઓ આછી ઘેરી મનોરમા.

વીંઝાતી વાયુની પાંખ, તરંગો સળકી રહે,
જીવનનાવડી એમ ઠેલાતી સાગરે વહે.
દિન ને રાત્રીનો રેંટ સંતત ઘૂમતી રહે,
ભરેલાં ઠલવી, ઠાલાં ભરીને ભાગ્યને જલે.
કેતકીગર્ભ શું કૂંળુ, વિરહાગ્નિ સહી ઉર,

જલ એ ઘૂંટડે પીતું સંગમોત્સુક રહે બની.
એકદા ઉરગાથા એ આંકતાં નલિનીદલે
કંપેલાં કર ને હૈયું આજે કંપે પુનઃ પુનઃ !

નિરોધી પાછું મુખને નૃપાળના,
ઊંચા થતા કર મૃદુ અધરોષ્ઠ ઢાંકી;
ને એમ પીતાં મધુ મત્ત ભાવે,
અન્યોન્યની ઉરહૂંફે ઉર બે લપાય !

ટોડલે નેત્રનાં ટાંગી ભાવોર્મિથી છલી જતાં
ચિત્રને, ઉરમાં એને અભાન કંપ શા સ્ફુરે ?

પ્રફુલ્લ એની ઉરપાંદડી સૌ,
લજામણીના મૃદુ છોડ જેવી;
બિડાઈ જાતી સ્પરશે અજાણ્યા
'સ્વચ્છંદ આને ગણશે શું લોક ?'
આંતરપ્રેરણા પ્રેર્યા ગૂંથતા ઉરતંતુને
માનશે લોકસંગાથે સ્વચ્છંદ તાત કાશ્યપે ?
આંધી મહા મન્થનની પ્રચંડ,
ઘૂમે બધે પુષ્કળ ધૂળ ફેંકી;
ઘનાંધકારે કશું યે સૂઝે નહિ
ને ઊઠાવી અબલ પદને કાપવો દીર્ઘપંથ !

ક્ષણમાં જીવનવ્યોમે ચંદ્રરેખા ઝગી રહે,
શમે અંધાર ને આંધી, કૌમુદી પમરી રહે !
ચિત્રમાં કૌમુદી જેવા શ્વેત કેશ તણી જટા,
કાષાય વસ્ત્ર ને અંગો વયોવૃદ્ધ રહે તરી.
જાણીને તનયા ધારે માંગલ્ય કાજ વિશ્વના,
દુષ્યન્ત-તેજને; અગ્નિ શમિગર્ભ વિષે જ્યમઃ
કાશ્યપ ઉચ્ચરે વેણ-'ધૂમાકુલિત દૃષ્ટિએ
આહુતિ યજ્ઞમાં પ્હોંચી એ તો દૈવ તણી કૃપા !'

વૃત્તાંત જાણી સઘળો, પતિગૃહે
વળાવવા કીધી સુસજ્જ સદ્યઃ
વિદાયવેળા સહુનાં નિગૂઢ
હૈયાં કેરી છલકી કરુણા નેત્ર વાટે અખંડ !

નિજ હસ્તે ઉછેરેલી વેલો સહોદરા સમી,
દીર્ઘાપાંગ નમાયું ને પ્રાણ અન્ય સખીદ્વય;
ગૌતમી સરખી માતા, માતા જેવું તપોવન,
અડોલ ગિરિશું છત્ર સર્વનું તાત કાશ્યપ;
છોડીને એકાદ સૌ એ ગિરિગોદ ત્યજી નદી,
લપાવા જલધિહૈયે વહે તેમ રહી વહી !

સુમંગલા એ કરુણાર્દ્ર ધારા,
વહાવી અંતસ્તલથી અમ્લાન;
વિષાદની ધારી ગભીર શોભા,
કલ્યાણયાત્રા કરવા પથે પળી !

જીવનસ્ત્રોત નાનો એ હર્ષોન્મત્ત બની ધસ્યો
પામવા મૃત્યુને આવાં અદીઠાં રણની મહીં ?
મ્હેલાતો કામના કેરી કેવી ત્યારે ચણી હશે ?
છૂંદાતાં મૃત્યુના પાયે આજે શું ય થતું હશે ?
વિદાય વખતે હૈયું હીબકાં લેતું'તું તદા,
મૂર્છના મહીં યે આજે સકંપ ધડકી રહે !
ઝાકળ અશ્રુનું બાઝયું પક્ષ્મોની પાંદડી પરે,
ખૂલતાં નેત્રનાં દ્વાર કપોલ પલ્લવે ખરે.
ઉરોજ હસ્તનાં પત્રે ઢાંકીને હળવે ઊઠે,
સ્મરણો જાગતાં પાછી ચેતના સઘળી ખુવે !

છતાં ય લોકો સઘળાં મળેલ,
સુદૂર ઊભી, નિરખી તમાશો ;

સુતીક્ષ્ણ બાણે વચનો તણા કાં
વીંધી હણે કોમળ કાળજાંને ?

સ્વસ્થતા મેળવી વસ્ત્રો સંકોરી સઘળ જુવે,
ઝંઝામાં માધવી જાણે ધ્રૂજતી ટકવા મથે !
એંધાણી આપવા માંડી અંગુલીક તણી તદા,
મળે ના કશું યે પાસે એ ય તે છલના ઠરે !
વલ્લભ કાં થયા વેરી ? કેવો રે વિનિપાત આ ?
પૂર્વ-દુષ્કૃત્યનાં વા તો લણવાં ફળને રહ્યાં ?

* * * *

નિસ્તેજ કાયા પછીથી વ્રતો થકી,
થયેલ તે ધૂસર વલ્કલે વીંટી;
શિરે અગૂંથી ધરી એકવેણી,
મારીચના આશ્રમમાં ધીમે પદે,
નિઃશૂન્ય દૃષ્ટિ વસુધા પરે જડી,
ફરંતી જાણે કરુણા સદેહા !

પદની પંક્તિમાં આછી, ગાથા કારુણ્યની મહા,
નિગૂઢ આંકીને એમ ભાવિને ઝંખતી રહે !

વિછોડીને બંધન વર્તમાનનાં,
ઊંડી ઊંડી આત્મનું પંખી એનું ;
મનોરથો કેરી વિશાળ ડાળે,

હશે ટહૂકન્તુ ન ગીતધારા ?
ને પૂર્વનાં સંસ્મરણોથી સૂરને
રસાળીને ના હરખન્ત એ હશે ?
કિન્તુ રે વિધિએ દીધો ગૂંજતાં ગીત મીઠડાં
કંઠે ડૂમો, અને મૂકી શિલા હૈયે વ્યથા તણી !

*   *

ને એથી યે અધિક જળતાં અગ્નિમાં રાજવીનું
હૈયા કેરું સડસડ બળે પુષ્પ; પૂર્વ પ્રસંગો
નેનો સામે સજીવ બનતાંઃ- આ ઊભી વારિ સીંચે
જ્યોત્સનાને ; ને મુખકમલથી મોતી પ્રસ્વેદ કેરાં
લૂછે ત્યાં તો સુભગ ઉરનાં હાંફતાં બે કપોત !
ને ગૂંથે જ્યાં નયન નયને આ તદા લાલિમાની
ફૂટે કૂંળી કૂંપળ મુખપે, અંકુરો અંગ કેરા
મ્હોરી રહેતા રણઝણ ઉરે કંપ ઊઠે અદીઠા !

સ્મૃતિ દુષ્યન્તની એમ પ્રજ્ઞાનો દીપ પેટવી,
તેજને બદલે અગ્નિ અસહ્ય ઉરમાં ભરે !

પૂર્વે ઝીલી પ્રેમની મત્ત ધારા,
ખીલી હતી જીવનની વસંત !
હૈયા તણી તંત્રી સુરમ્ય લાસ્યના
સૂરો હતી બહવતી બની એકચિત્ત !

આજે તો તૂટલી તંત્રી, વાડી વેરાન ન્યાળીને,
ઉગ્ર શોકાગ્નિની જ્વાલા ઉરને અદકી દહે !

આજે દક્ષિણ વાયુ હ્યાં સુરભિ પી ના ઢોળતો વીંજણો,
વા હેલી મધુ રંગ રાગ ભર ના સંધ્યાય ઉષાની છલે;
ના ગ્હેકંત શિખંડી મુક્ત બહવી ભાવોર્મિ કંઠે ભરી
ન્યાળી માળ નવામ્બુદોની, નહિ વા ઉત્સંગમાં મેઘના
મુગ્ધા કોડવતી બની સરકતી સૌદામિની; કેમ આ
વીંટી ધૂસર વસ્ત્ર માંહી તનને શોકાકુલા પ્રકૃતિ ?

હાવાં ઊભી નતમુખે નિજ નેત્ર સામે,
હૈયાકટોરી છલકાવી સુધારસે એ !
આસ્વાદને ફક્ત બિંદુ તણાં જ જેનાં
ઊગી જતે ઉર-થળે સુરવૃક્ષ કૈંક !
ન વાવ્યું કિંતુ ઉખાડ્યું ઊગેલા કલ્પવૃક્ષને,
વિચ્છિન્ન ઉરભૂ શેષ ધીખતી વિરહાનલે !
`भगवति वसुंधरे देहि मे विवरे' તણા
ઉરના ગુંબજે ગાજે પડઘા શતધા બની !

પૂર્વનાં સ્મરણો આમ આઘાતો ઉરમાં કરે,
વ્યથાથી જાન્હવી જેવું નેત્રથી ઝરણું દડે !
સ્મૃતિના તાંતણે ભારે ટાંગી જીવનબોજને,
કેડી આયુષ્યની ખુંદે, દુષ્યન્ત લથડી પડી !

સંવત્સરો તણી હૈયે શમાવી લહરો ઘણી,
અંભોધિ કાળનો એની બજાવે મંદ્ર ઝાંઝરી !

સુરેન્દ્રઆમંત્રણને શિરે ધરી,
માતંગ શો એ બની મત્ત એકદા;

કૂંળી ઊગી કૂંપળ હોય તેમ,
સંહારતો દુર્જય દાનવોને !
મંદારફૂલો ધરી ચંદનાંકિત,
મહેન્દ્ર ઢોળે અભિષેકધારા;
એની છતાં કાં સ્મિતરેખ આછી

ઝબૂકીને સ્હેજ જતી વિલાઈ ?
વ્હિલાયલી એ સ્મિતરેખ પાછી,
શોભા ધરે શા ય નવાંકુરો ધરી ?

ભાવિના તટની સાથે ભાવોર્મિ અથડાય શી ?
નૈરાશ્યના પ્રવાહે શી મંગલા લસતી કણી ?

મહત તેજની નાની સ્ફુલિંગ મૂર્તિ બાલક
ભરત ખેલતો પીડી નિર્દોષ પશુપંખીને.
અકસ્માત નિહાળીને પોતાનો જ કુલાંકુર,
હૈયામાં છલકી ઊઠી વાત્સલ્યભરતી વડી !
પિતૃભાવ તણી વ્હાવી તદા નિર્મુક્ત જાહ્નવી

ભીંજવે પુત્રને રાજા - પુત્ર આકુલવ્યાકુલ !
અજાણ્યા સ્પર્શથી કોપે, કોપી બાલક કંપતો,
'માતા ! માતા ! વદી ન્યાળે રાજાને કૈંક શંકતો !'
કારુણ્યમૂર્તિ વ્રતશુદ્ધશીલા,
વિષાદની મંગલ ધન્યતા ધરી;

કલ્યાણની કંકુમપંક્તિ ભદ્ર
આંકી પધારે વરદા શકુંતલા !
પનોતા રસના તીર્થે આવાં સુધન્ય દર્શન,
નિઃશબ્દ નમવું ન્યાળી, તપોમૂર્તિ ! નમોનમઃ

**9 : નવેમ્બર : 1939**

## તુજમાં શું એવું ભર્યું ?

કરી નયન બંધ મેં વિમુખ તુંથી થાવા ચહ્યું,
તદા હૃદયનું દલેદલ ધરી છબી કાં રહ્યું ?
અને હૃદયથીય દૂર હડસેલવાનું કર્યું'
બન્યું જીવન શૂન્ય કેમ? તુજમાં શું એવું ભર્યું ?

**10 : જૂન : 1938**

# અભિસાર

શૂન્યતાના મહા ગાઢા અંચળે વીંટળાઈને,
સૂતી'તી ચેતના સર્વ નિદ્રામાં નગરી તણી.

કોના છતાં નૂપુર ગૂંજી મીઠું
અખંડ આ નીરવતા જગાડે ?
ને કોણના પાદપરાગ કેરા
ધરા પરે સ્વસ્તિક ચારુ ફોરતા ?
મેઘલી રાતની ગાઢી શૂન્યતા સમશાન શી,
કંપાવી કાળજાં એવી હતી તોય ડર્યા વિના ;
ઘેલી આ સુંદરી કોણ ? કોને કાજ ઉમંગમાં
શણગારો સજી સોળે જતી આમ ઉતાવળી ?

વસંતની યૌવનમ્હોરી મંજરી
સમી પ્રમત્તા રુપગર્વિતા કો,
બનીઠનીને અભિસાર ખેલવા,
કામોત્સુકા કંથ કને જતી હતી.

બાજન્તા વાદ્યનો તાર તૂટતાં ગીત થંભતું,
વા થંભે વેગીલું નાવ આવતાં ઢગ રેતનો;
તે વિધે થંભતી એ કાં ? 'કોણ છો પથમાં તમે ?'
કંપાવી મૌનને પ્રશ્ન આપમેળે સર્યો ક્યમ ?

ત્યાં તો ધીમે ગગનપટમાં વાદળો ગાઢ ભેદી,
વેરી હાસ્યો ઝરમર લસે ચંદ્રમાં; કૌમુદીના
શીળા સ્પર્શે કુમુદિની ખીલે, વાયુ વારિ સુષુપ્ત
ને ફૂલોની સુરભિ પર દે પાદ ધીમેથી વાય !

વર્ચસ્વે વીર્યના ભવ્ય શોભતો ધ્યાનમગ્ન કો,
યોગી ન્યાળી પથે એણે પૂછ્યું ‘કોણ તમે ? ક્યમ ?’

અને અગ્નિજ્વાળા થનગન ઊઠે નાચી સહસા
પ્રવાતે ઝંઝાના, ત્યમ ઉર તણી સુપ્ત મનીષા
રહે જાગી; વેલી તરુવર પરે કાય કુમળી
વીંટાળે તે રીતે : શરીર વીંટવા ન્યાળી પુરુષ !

અને નયનપલ્લવી નિજ શરીર કેરી છટા
મદે છલકતી નિહાળી, મલકાઈ માધુર્યમાં
હસે અધૂકડું : વદે વચન પુષ્પધન્વા તણા
શરો સમ પ્રમુગ્ધ ‘પ્રાણ ! અભિસાર મારી સહ-’
વદી થડકતાં ઉરે ; કનકવેલ કાયા તણી
સુડોલ, તલસી રહે પરમ પૂર્ણ પૌરુષને !

‘હું ? ના રે, ના વખત મમ’ આ શબ્દ ગાંભીર્યપૂર્ણ
બોલે યોગી ‘પ્રિયતમ બની કોક વેળા ઊભીશ,
તારે દ્વારે તુજ ઉર તણી એષણા તોષવાને,
આજે-ના ! ના! વખત મમ, જા જ્યાં જતી હો તહીં તું !’

*   *

ફૂલસુગંધ મીઠી પ્રસરી બધે,
વિરમી જાય અદીઠ અનંતમાં !

મૃદુ પ્રદોષ તણું તન વીંટતી,
વિવિધ રંગભરી સળ સાળુની
સળવળી રસરૂપ વહાવવા,
તિમિરમાં ભળતી વીખરાઈને !
તનતરુ પર તે વિધ પલ્લવો,
રૂપકલા ભર યૌવનની છટા,
નયનરાગ, પરાગ, કુમાશના,
મલપતાં ક્ષણ માત્ર જ રાચવા !
પળમહીં ભરી ભૈરવનું બળ
અણપ્રીછયા અનિલો અનલેભર્યા,
જીવનબાગ મહીં દઈ ઝાપટો
કદમ સંહરવા સઘળું ભરે !

કાળસિન્ધુ મહીં મોજાં વર્ષોનાં થનગી જરા,
સૂતાં'તાં સ્હોડ ખેંચીને એક એક કરી ઘણાં :

આજે યે મેઘલી રાત, શૂન્યતા સમશાનની
પ્રસારી ગાઢ પોઢી'તી સર્વત્ર નગરી મહીં :
ફરીથી 'કોણ છો આંહી ? કેમ આમ પથે સૂતા ?'
સર્યો ક્યાં કોણનો પ્રશ્ન હલાવી થર મૌનના ?

શશાંક ફિક્કું નભમાંહી તેજ
વેરે જરા ને ઘનથી છવાય !
ધરા થણે અંક સૂતેલનું મુખ,
દેખાય પૂરું નવ એ પ્રકાશમાં !
ઉત્તરે પ્રશ્નના 'કોણ ?' 'ઓરે' દુઃખ તણી બૂમ
કંઠથી માંડ કાઢીને સૂતું એ જ્યમનું ત્યમ !

પ્રદીપે જિંદગી કેરા રૂપવાટ જળી જતાં,
અંધારુ આવર્યું ગાઢું-ત્યજાઈ અભિસારિકા :
રોગિષ્ઠા, પાપિણી, ત્યક્તા આજે આમ ધરા પરે
સૂતેલી પંથમાં; ઊભો સાધુ પૂર્વ તણો કને !

પરમ મંગળ પાવનકારી ત્યાં
સ્મિતકળી વદને સ્થિતપ્રજ્ઞના
વિકસતી મૃદુ સૌરભ ફોરતી :
'સમય ચાલ સખી અભિસારનો !'

વચનો સાંભળી ખોલે નેત્રો જ્યાં અભિસારિકા,
નિહાળે પૂર્વનો સાદ્દુ સ્પર્શતો તનને નિજ :
તદા શબ્દામૃતે કર્ણો, દર્શને નેત્ર, ને તન
સ્પર્શોથી ધન્યતા પામે અનન્ય અભિસારની !

**29 : ડિસેમ્બર : 1936**

# ચંદ્રા

ને સૌ એના કમળમુખને ચૂમવા રોજ રાત્રે,
નાનાં-મોટાં, રૂપ-કુરુપ કે વર્ણના ભેદ ભૂલી
આવે, ને એ સ્મિતકુસુમના સ્વસ્તિકો ચારુ વેરી
રહેતી હૈયે થનગની થતી ઊર્મિમાળા અનંત
પીંખાવીને, પળપળ સહી વેદના કો અકથ્ય

મલિન જીવનપંક મહીં તનુ
ડૂબવી શોધતી શું રસપોયણી?
જગતનાં ઘનઘોર તમો મહીં,
ભટકતી ક્યું તેજ નિહાળવા?

રૂપજીવા હતી તો યે જન્મોજન્મ તણો સખા,
ઝંખતી ઝંખનામૂર્તિ બનીને શૂન્યચિત્ત એ;
કોની રાહે ધરી શ્રદ્ધા ભાવિ જેવું અગોચર
વાંચતી વ્યોમનું હૈયું એને ન્યાળી પળેપળ?

હશે જ શા મન્થનની પ્રચંડ
ઝડી ઝીંકાતી ઉરમાંહી એના ?
હશે જ વા કો સ્મૃતિપુષ્પ પૂર્વનું
મ્હોરંતું ત્યાં શતશત મૃદુ પાંખડીએ પ્રફુલ્લ ?

સૌભાગ્ય એનું નયને ય ન્યાળવા
મયંકને ના ભવવ્યોમ કેરા ?
ને ઝીલતાં હાસ્ય સુમંદ એનું
બહાવવી ના ભરતી કદીય ?

ને એની કામના કેરા મૂર્ત મંગળ પૌરુષે
ભર્યો, ઊભો ગૃહે આવી દેવદાસ અચાનક :

ઊગ્યા ઊઠી અંકુર સૌ અપૂર્ણ
પ્રગાઢ એને ઉર વૃત્તિ કેરા;
અને મૃદુ ભાર સહી લજામણી,
લજાઈ ઊઠી સહસા જ આપથી !

અંધારું ચીંધવા કાજે લિસોટો ક્ષણ તેજનો
સળકી આથમ્યો, ત્યારે સમજી સ્થિતિ સત્ય તે !

ને તે પછી જીવબીન કેરો
તંતુ બન્યો એ; સ્વર સુપ્ત ઉરના
બન્યા અધીરા રણકાર વ્હાવવા !
અંગાંગની ચેતનમંજરી ધરી
વસંતનો વૈભવ મુગ્ધ ભાવે
ફૂલી ફાલી ચહે અર્ઘ્ય અર્પવા જ ચિરંતન !

ને એ ?
એ તો એના ઉરઉદધિનો વાડવાગ્નિ અબૂઝ

હૈયા કેરા પ્રણયરસથી અન્યના, ભાવશૂન્ય
આવ્યો'તો ઠારવા કાજે ચંદ્રા પાસે અચાનક !

સંતાપના ડુંગર શા શિરે પડ્યા
પ્રચંડ કે વીજઝીલેલ વૃક્ષ શું
ઘડીકમાં પલ્લવપુષ્પહીણું
શોષાઈ તૂટ્યું તન એ પ્રફુલ્લ ?
ને સ્વચ્છ એ જીવનજાહ્નવીજળ
ડહોળાયલાં મ્લાન બની દીસે ક્યમ ?
શે નિર્મળી નેનકળા મહીં ઊંડે
ભર્યા દીસે દુઃખ, વિષાદ, મ્લાનતા ?

એવા તે શાય ઑથારે ભીંસાયું ઉર એહનું
કે કે નિત્યે મૂક ધા નાખી જીવે જીવ્યાંમૂવાં સમું ?

હતાં સ્વજન કોઈ ના ? નહિ ભવાબ્ધિમાં હોડલી
બની પથ તરાવવા હૃદય પ્રેમભીનું મળ્યું ?
હતું જ નવ કોઈ કે સઢસુકાનહીણું રહે
વિદ્દીર્ણ ઉરનાવ એનું ડૂબતાં સુધી આથડી ?

જીવનવ્યોમ મહીં ઘનઘોર યે
પરમ મંગલ તેજ પ્રસારતી
યુગયુગાન્તરની સખી સંગિની
હતી; છતાં ક્યમ ઇન્દુકલા સમી
ક્ષણ ઊગી ગઈ આથમી પાર્વતી ?

મૃત્યુની આંધીમાં ડૂબે અનેકાનેક તો પછી,
ડૂબે એકાદ તો તેનો કરે કોઈ શું ઑરતો ?

મૃદુલ ના તનવેલડી શૂન્યમાં
ભળી હતી પ્રિય પારુતણી છતાં
ઊગીને આથમી આભે દેવદાસ તણા સદા !

સદેહા કરુણા જેવી પળી પારુ પરગૃહે
તે દેખી દાઝતું એનું હૈયું ભગ્ન નિરંતર.

ને જિંદગીનો પથ દીર્ઘ કાપતાં
પડી ખડી, શેષ રહેલ એના
વ્હિલાયલા જીવનની મૃદુતા
પરે ધરીને ડગ શૂન્ય ભાવે,
છળો, તિરસ્કાર, કલંકકાલિમા
તણો ધરી બોજ, રૂપાજીવાનો
ઋણાનુબંધને બેઠો પ્રાણાધિક પિયુ બની !
નિગૂઢ જે નીંગળતા વ્રણો પડ્યા
અનેક હૈયે મૃદુ દેવદાસના,
ચંદ્રા ચહે જીવન ધન્ય માની
રુઝાવવા આતમધાર રેલી;
તો યે એનું હૃદય સ્મૃતિમાં પારુની લુબ્ધ દીસે !

ભૂત વા ભાવિનાં પીવા અલભ્ય જળઝાંઝવા,
ધીમે ધીમે બને એ તો જિંદગીરણમાં મૃગ.

કથા એ જાણતી તો યે હૈયે પૂર્યાં છલોછલ
પ્રેમામૃતે ચહે ચંદ્રા રણો તપ્ત રસાળવા !
વીનવી ભાવ અશબ્દ થકી રહે :
‘હૃદયમંદિરમાં વસજો, પૂજું
પુનિત મૂર્તિ સમાન ગણી’ :- તદા
‘નવ હું જે નિરખો નજરે તમે’
ઊચરતો સત ગૂઢ સનતાન
નાદથી ભવ્ય એના હૃદયતલ થકી ઊઠતા દેવદાસ.

તો યે તે ઘેલુડી ચંદ્રા વહાવી ઉરથી સુધા,
તોષવા આરજૂ એની ગણે ના અવહેલના !

પરંતુ જે વજ્રઘા વિધાત્રી
ઝીંકે સદા અંતરમાં અદીઠ,
સીંચે કદી સ્નેહ અખંડ તો યે
પ્રયત્નથી માનવ ના રુઝાય ?
વંટોળમાં કાળ તણા ભયંકર,
જતાં ઊડી ડુંગર સિંધુ ને યુગો
મૂક્યા વિના જ્યાં અવશેષ એમનાં
કેવી રીતે ટકે ત્યાં ચરણ લથડતાં માનવી રાંક કેરાં ?

સહી વ્રણ નિગૂઢની અસહ પીડ એનું તન
પળે પળ વ્હિલાઈને તિમિરશૂન્યમાંહી ભળે,
છતાં નયન ઝંખતાં દરસ એક પારુ તણાં;

પ્રિયા-હૃદયમાંહી જે યુગયુગાન્તરોથી રમી
રહી; વળી રચાઈ જે જીવન અન્ય શી એહના-
પ્રિયા--પ્રિયતમા--પવિત્ર ઉરમૂર્તિ શી પાર્વતી!

અને ટમટમી રહ્યો જીવનદીપ એ જાળવી
‘ભૂલીશ નવ કોદિ હું’ વચન વેદનાનીતર્યાં
વિદાય વખતે વદી, પથ પળ્યો.

અને ભગ્ન શી
રહે કરુણ દૃષ્ટિથી યુગ અનન્ત શો પંથ એ
નિહાળી, ઉરભાવને શબદદેહ આપ્યા વિના
વદીઃ ‘ઘણું ય, સ્થાન જો હૃદયમાં મળે તેટલું !’
અને અધવચેજ એ,
પળ્યો પથ અજાણ કો;
અજાણ પથ જ્યાં જઈ, નહિ જ કોઈ પાછું ફરે !

અચાનક શું આવશે જ્યમ સ્વયં હતો એકદા
ઊભેલ ઉર પાસ, જે યુગ અનેકથી ઝંખતું
પ્રમુગ્ધ; કદિ આરજૂ પૂરણ એની થાશે અને
પ્રફુલ્લ પ્રિય દર્શને ઉરપરાગ મ્હોરેલ તે
પદે પ્રણયઅર્ઘ્ય અર્પી ફરી ધન્ય થાશે હવે ?

**20 : ઑગસ્ટ : 1936**

# ચિર વિયોગ

નિર્જળ વનવગડાના આરા,
અંતર ઝીલી ધોમધખારા;
અફાટ નિરખી સ્મરતો તારું,
દાઝેલું હૈયું!

સ્તબ્ધ ઢળેલી સંધ્યાપાંખો,
તેજવિહોણી તારકઆંખો;
ને રજનીઅંચળમાં કાળા,
તારા પડછાયા !

નિર્બળ ડગલે ડુંગરકેડી
સંગવિહોણી જાયે ખેડી ?
એ પછડાટો પળ પળ કેરી,
વ્યથા મને કરતી !

પંથ જુદા પણ ટૂંકો ગાળો,
બાંધ્યો વીંખી મમતામાળો,
ધાતો પાછળ, તોય તું હું કાં
જુદાં ને જુદાં ?

**4: નવેમ્બર: 1939**

# ગયો નવ હું હોત તો

ગયો ન હત તો હતું ઠીક નિહાળવા હું દગે
જીવંત ઇતિહાસના જીરણ શેષ ખંડેરને !
ગયો પથ અખૂટ ને કઠણ ભોમ, ઝાડી ઊંચી
ખૂંદી લથડતા પદે, ઉઝરડા સહી અંગપેં;
દીઠું નવ કળા, ન શિલ્પ તણી મૂર્તિ જેવું કશું;
દીઠું કરુણ કાવ્યને વિલપતું મૂંગા નાદથી !

હશે ત્યહીં અનેક વાસ વસતા, હશે ગર્વમાં
દમામભર આસને મરડતા મૂછો રાજવી,
સુણી હલક ને થતી ઠમક નીવિબંધે ગૂંથી
સુણી મધુર કિંકિણી, લલિત વેલ લાવણ્યની
નિહાળી વદતા 'થવા હજુ દિયો'- હશે શું ન ત્યાં ?

ગયું સકલ એ મહાનલ મહીં જળી કાળના,
રહેલ અવશેષ ભસ્મ; કદિ લુપ્ત એ યે થશે !
અનંત ધનવૈભવો, મદ, છટા મૃતપ્રાય શા
નિહાળી, શતધા વિદીર્ણ કરી આત્મ પ્રશ્ન સ્પુરે

અભંગ ભડ દેહ ના મનુજનો શકે થંભવી
પ્રવાહબળ કાળનું ? અહ-કુમાશ, લાવણ્ય ને
છટા રૂપ અનન્યની સ્વપ્ન શી થતી લુપ્ત શું
ઘડીક ચમકી અખંડ બસ નીંદમાં મૃત્યુની ?

પ્રતીક પુરુષાર્થ કો પ્રબળ કેરું ખંડેરમાં,
મુસાફર રડ્યોખડ્યો જ પગથાક ઊતારતો
રહે નિરખતો તદા; ન ગુણદોષ, કીર્તિ, કૃતિ
રહે અમર વિશ્વમાં; અમર એક कालः प्रभुः
પળેપળ ન સત્ય શું દિલ વલોવતું ડારતું?
હતું ઠીક, ગયો ન'તે તવ ત્યજી સખે ! હૂંફ ને
વિસારી દઈ વર્તમાન, તન ન્યાળવા ભૂતનું !
જતાં હરખ, ને નિસાસ વળતાં ! અરે તેથી ત્યાં
ગયો નવ હું હોત તો ?

**2 : નવેમ્બર : 1935**

## પ્રગતિ

સુદૂરની પાસ કદીક પ્હોંચવા
વિરાટના રંગતરંગ પેખતો;
ડગે ડગે પાય ઉઠાવીને સદા
રહે ધપંતો અણુ દીર્ઘ પંથે!

**24: જૂનઃ 1935**

# મુકામ ભણી

મહા ખગનું રૂપ કાળ ધરી નિત્ય ઊડ્યા કરે,
ન થોભ, નવ થાક, ના પલકનો વિસામો ધરે;
નિરંતર વિશાળ પાંખ બળજોર વીંઝી ધસે,
ગ્રહી અકળ છાંય એની ધરતી વ્યથાથી હસે !

મહાન ખગરાજ કાળ! તુજ ઝાપટે જે ચડ્યાં,
અસીમ અતિ ઉગ્ર વેગભર વેજ્પાંખે ઢળ્યાં,
અભંગ ગઢ, ગામ, જાત, દળ, રાજ્ય જે જે પડ્યાં,
અનંત ધન, જોમ, શક્તિ તૃણ શાં બનીને લળ્યાં,
પથે અદીઠ માનવીનયન જ્યાં હજી ના વળ્યાં,
કહે કથની એ વિરાટ ઇતિહાસખંડેરની !

ઉઘાડું મમ બારણું જીવનખંડનું નાનડું
ડુમાય ઉર રાંકડું અગણ દશ્યથી કેટલું !
વટાવી નવ ટૂંક આ પ્રથમ જિંદગીની હજી
અને ઝઝૂમી પ્રાણ કાં લથડતો ધરી મૂર્ચ્છના ?

પચાવી સહુ ઝેર જે અમૃત હેતનું વ્હાવતી,
બળી નિજની જાતથી અગનઝાળ જે ઠારતી,
અભદ્ર ગ્રહી ભદ્ર જે સકલ અન્યને અર્પતી,
ગઈ અધપથે ત્યજી ભવની સંગિની જે હતી

પથે જીવન દીર્ઘના સબળ ટેકણી માહરી !
પછી સઢસુકાનહીણ જ્યમ નાવ કો આથડે,
તરંગ સહ આમ તેમ : અણજાણ કો વાયુની
કદી પ્રબળ ઝાપટો ખડક પાસ ખેંચી રહે :
રહ્યો પળપળે હું તેમ ભવસાગરે આથડી !

અષાડી ઘનઘોર રાત મહીં વાયરા સૂસવી
રહ્યા અતિ અદમ્ય યૌવન તણા; અરે રાંકડી
બચી ઉરની નાવ માંડ ખડકે જતી જે ધસી :
વિનાશ મુખથી બચી, પણ અતૃપ્ત કૈં ઝંખના
રહે ડસડસી હરેક પળ ઝેર રેલાવતી!
પડ્યા પ્રબળ ઘાવ કૈં, જીવનનાં પીધાં ઝાંઝવાં,
મહેલ મનના મસાણ બની કૈંક વેળા ગયા !
સમૃદ્ધ સ્વપ્નો અનંત કણ રાખ કેરા થયા !

અદીઠ પથ ડુંગરાળ, રણ ને અરણ્યો તણો
પદે અબલ ખૂંદી, સાથ નવ સંગી, આગે જવું:
હજી પ્રથમ ટૂંક આ, હૃદયલોહ કેરું કરી,
ઉઠાવી કદમો મુકામ પર પ્હોંચવું આખરી !

ઉઠાવ ખગરાજ! આ લઘુક ખંડને ઝાપટે,
તું થાપ મમ જિંદગાનીકણ પાંખના આસને,
ભલે ઝપટથી થતી અસહ વેદના અંગમાં;

વિરાટ ! લય થાય છો લઘુક તત્ત્વ તું સંગમાં !
પ્રઘાત તુજ પાંખનો ગતિ અથાક ઝંઝા તણી
અપંગ તન પ્રાણની અફલતા બધીને હણી,
મને ધરબી, લૈ જશે ઝટ મુકામ છેલ્લા ભણી !

**15: માર્ચ : 1942**

## તમને

રુઝાતા ઘાવોને કઠણ કરની અંગુલિ વતી
અડો મા! પક્ષ્મોનો સ્પરશ મૃદુ યે એ નહિ સહે!
પ્રસંગે આળા ઘા સુહૃદશુશ્રૂષાથી જ મટશે,
કટાણે સ્પર્શ્યેથી રુધિર વ્રણથી ઑર વહશે !

**24: સપ્ટેમ્બર : 1937**

# નવજીવન

ઉષા તણું કુંકુમઆર્દ્ર કાવ્ય
ધરી લલાટે, ધરી સ્વર્ણસ્વસ્તિકો
સંધ્યા તણા; ચૂમી સુધાંશુ પૂનમે
મંદ્ર નાદે હતાં વારિ ગૂંજતાં મમ એકદા.

આજે વળી ગ્રીષ્મ તણી પ્રચંડ
ભઠ્ઠી બધું જીવનવારિ શોષવા
ધખે; છતાં આશ અનેક સ્વપ્નો
તણી કૂંણી તટે ઊગી રહે વેલ સુરક્ષિત !

વીતી જતાં ગ્રીષ્મ, ધખેલ વારિ
ગર્જે બની મેઘ રસાળવા ધરા !
આયુષ્યદાતા ધનધાન્યગંજ
સર્જીને પશુપંખીના રાખે પ્રાણ પ્રફુલ્લિત !

કામના જિંદગી કેરી સાધનાવહ્નિમાં તપી
શિવાર્થે લોકના પામે વરેણ્ય નવજીવન!

**9: ડિસેમ્બર : 1937**

# તમારી આંખ

ઘાયલ તમારી આંખથી,
હૈયું પડ્યું હેઠું ઊંચા એના સુરક્ષિત ધામથી,
વીંધાઈ લાખો ઠામથી,
સુંદરી! ઘાયલ તમારી આંખથી!

જ્યાં આપની સ્વારી ફરી,
હોંશે ધસી મેં ત્યાં દીધી આ ચખ તણી ચાદર ધરી;
જ્યાં આપની નજરું ઠરી,
હૈયું બિછાવ્યું ભોળુડું મેં ભાવથી!

પાયો અછડતા માંડતા,
બેધ્યાન ચાલે આપ તો પરવા વિના ચાલી જતાં;
ને મિલનઝંકારના
રહી જતા મારા અધૂરા ઓરતા !

રે, દૂરના પાયલ તણા,
ઠાલા સૂરોને સાંભળેલા જિંદગીવેરાનમાં;
સંઘરું શા કામના ?
જ્યાં થઈ પડ્યા ઘાયલ સમૂળા સાનમાં ?

**10: માર્ચ: 1942**

# હું ને એ

'તું તો મારો પ્રિયતમ ખરો ! અન્ય સર્વે અજાણ્યાં
હૈયાથી આ; કમળકુમળો તોય પૌરુષપૂર્ણ
ન્યાળ્યો આજે પ્રથમ જ તને' બોલી, 'હા'- 'ના' કરું ત્યાં
ચૂમ્યું મારું હૃદય ધ્રૂજતું તુર્ત એણે; હું યે તે
સંતોષાતી જુગજુગ તણી ભૂખ જાણી હસ્યો'તો
ચૂંથી, કૂંણી અરણિ સરખી, અગ્નિપેં રૂપ હાસ્ય
કેરાં પ્હેરી પરણ કુસુમો ખીલી જે દેહવલ્લી !

ક્યારે ? કોને ? કશું ય પૂછશો મા ! પૂછું હું જ કે કહો
એને ત્યાં શે તુરકી શિરપેં પૂંછ હિલ્લોળ લેતી
ટોપીવાળા લઠપઠ જતા આદમી, હું તમે, સૌ?
નાની ખોલી મહીં ટમટમે દીપ, વા ભવ્ય મ્હેલે
જ્યોતિપુંજો ઝળહળ જળે, તે છતાં આ ખગોળે
શોભી રહેતા શતશત શશી, નેન બે ગૉખગૉખે
પેખી લેવા સફર કરતા શું હશે સર્વ રાત્રે,
પોતા કેરું ગૃહ ત્યજી-ત્યજી ગોદ હૂંફાળવી કો ?
એવો શો ત્યાં અજર રસ કે સૌ જતાં હોંશભેર ?

ત્યાં અંધારું મઢી લીધું બધું તેજથી, અગ્નિ ઊંડો
હાંકી દીધો સુભગ રૂપથી, વેલ સૂકી અપર્ણા
અંગાંગોની જળ થળ વિશે એક ને અદ્વિતીયા
હોય તેવી ભરચક ભરી રાગ પુષ્પે પરાગે

શોભી રહેતી ગજબ ભભકે મૂક ભાવે નિમંત્રી
‘આવો આવો પ્રિયતમ બની સૌ-તમે ને ગફૂર !’

એને ના શું કદિય મનમાં એમ થાતું હશે કે
વ્યોમે જ્યોત્સ્ના લટમહીં કળા ગૂંથી કાયા પ્રસારી
સૂતી હોયે, રવહીન પદે અભ્ર ઓઢી સુધાંશુ
આવે, નિદ્રાભર નયન હું પાથરી પંથ વચ્ચે
હોઉં બેઠી અધીર હૃદયે રાહ જોતી હમેશ,
ને ઓચિંતી સરસ વિલસે વેલ ઐકયે પિયુના
-એ પિયુ જે વિધિનિરમિયો અગ્નિસાખે મળેલ !
એ દિનો ને સ્વપ્ન મધુરાં કાળગંગાકિનારે
દાટ્યાં ઓરે ! કંઈ નહિ ભલા, હાટ માંડ્યું પછી શું ?

‘હ્યાં આવો હ્યાં’, શત શત શશી, નેનના મૂક સાદ
ગૉખે ગૉખે, ઠમઠમ થતી કિંકિણી મંજુભાષી
નીવીબંધે ગ્રથિત, તુરકી ટોપી કેરી કથાથી
સંધ્યાઘેરું હૃદય બનતાં પાદ ધીમે ઉપાડી,
ત્યાગી સૃષ્ટિ અરવ પગલે રૂપજીવા તણી મેં !

**13: ડિસેમ્બર: 1935**

# ઊર્મિલા

રાજ્યાભિષેકોત્વસનો મહાન
પ્રસંગ એ મંગલઃ ઘેલી ઘેલી
ઝંકારતી મંજુલ પાયનૂપુર
ઘૂમી રહી આમથી તેમ હર્ષમાં !
અચિંતવ્યું વજ્જર અંતરિક્ષથી
એ અંતરે કોક ઝીંકી જતું રહ્યું !
અસહ્ય એ ઘાવ તણી વ્યથાને
તું કોડિયે કાય તણા ઘૂંટી રહી !
અધૂકડાં અંતર વાણીદ્વારે
ભીડી દીધી ભોગળ મૌન કેરી !
સંકોરીને પ્રાણદીવેટ કોમળી
ગૈ જિંદગીના ઘન અંધકારે !
વળાવીને વલ્લભ પ્રાણહીણી
તું અન્યનું જીવન થૈ જીવી રહી !
ને વેદનાઝેર પીતાં પચાવતાં
તેં ફોરવ્યા પૂંજ પ્રકાશ કેરા !
રે ! જિંદગીની અતિ ભવ્ય આ કલા
ક્યાંથી મળી ? ઉચ્ચર ઓ તું ઊર્મિલા !

**19: ફેબ્રુઆરી: 1940**

# જસમા

કૃતાંતની દાઢ મહીં ચવાઈ,
મહેલનાં આજ બન્યાં મસાણ!
ઘંટારવો ભવ્ય સહસ્ત્રલિંગના
મૂંગા બન્યા શૂન્ય વિશે સમાઈ!

સમૃદ્ધિ એ, સાહસ, શૌર્ય, સત્તા,
પ્રસિધ્ધ એ પાટણ સિદ્ધરાજનું;
ડંખો ભરી અંતર ભૂતકાળના,
થ્યું બેસણું પથ્થરની જમાતનું !

એ પથ્થરે પથ્થર એક ગાથા,
ઢંઢોળતી અંતરના કમાડને;
'ધખેલ વેળુઢગ જેવું ચિત્ત
આકંઠ બે બિંદુ થકી છિપાય?

સૌન્દર્યમાં ભાન ભૂલેલ રાજા,
ખપી ગયો ખપ્પરમાં વિનાશના !
સરોવરે આજ ન બિંદુ એક,
સહસ્ત્રલિંગે ન કશું અભંગ !

આ પથ્થરે પ્રાણ હવે પરાગશે ?
ને વેદના ડંખ તણી શું વામશે ?

ખંડેરની રાખ થશે સજીવ ?
થશે તૂટ્યા પથ્થર કો દિ દેવ ?
થાયે કદિ જો જસમા સમોવડી,
છાંયે બને નિર્ભય સિધ્ધરાજની !
-સૌન્દર્યનું રક્ષક શૌર્ય થાય તો !

**9: એપ્રિલ: 1941**

# મંથરા

પીધી ને પરને પિવાડી
કલેશપિયાલીથી જ જીવાડી,
રઘુકુલમણિ તણી ફૂલીફાલી,
હાય ! કરી ઉજ્જડ તેં વાડી !

મમતાતાર ગ્રહી તેં લીધો,
ને એને અવળો વળ દીધો;
માનું ઉર જીવનરસ દ્રવતું,
થ્યું બે પળમાં ઝેર નીતરતું !

છત્તર છોડી વનેવન ધાયા,
સીતા, લછમન ને રઘુરાયા;
તાત ઢળ્યા ધરી ઘા ધરણી પર,
તોય હલ્યું ન ચલ્યું તવ અંતર ?

કે તું માત્ર નિમિત્ત બનેલી ?
જીવનક્રમ ચકડોળ ચઢેલી ?
થઈ ઠાલે કર ભાર ભરેલી
ધ્યેય વિના ભભવાટ ભમેલી ?

અણનમ ઝૂઝે ઝંઝા સામે,
આફતને યૌવન નવ નામેઃ

માનવ એમ બને બળવત્તર
-રાઘવ એમ થયા લોકોત્તર-
એમાં ગૂઢ ભર્યો તવ ઉત્તર?

એ કાજે વ્રત અન્ય ફગાવી,
રઘુકુલમાં આ આગ જગાવી?
કક્યીઉરમાં ઝેર ભર્યું તેં?
કલંક ગાઢે ભાલ ભર્યું તેં ?

કે માનવનું નબળું અંતર
જોઈ શકે ન કશું મર્માંતર?

**8: ઑક્ટોબર : 1942**

# જલસો જોયા પછી

દબાવી ચાંપો ને ઝળહળ બધી બત્તી પ્રજળી
અને પંખા કેરી મધુર લહરી મંડી વહવા;
ખૂંપાવી કાયાને મખમલમઢ્યાં કૉચ ખુરશી
મહીં બેઠેલાં યે સ્થિર અચલ નેત્રે નિરખતા,
રૂપાળા રંગોનાં ચઢઉતર જેવાં પગથિયાં
પરે હીંચોળાતા વિવિધ સ્વર ઠેકા ઠમકતા !

બુઝાણી બત્તી ને ઘન તિમિરમાં માંડી ડગલાં
ઘરે આવ્યો ત્યારે, દિવસભરનો થાક ભૂલવા
પડેલી પાંગેતે અરધ ઊંઘમાં ન્યાળી ગૃહિણી
થયું કે રંગો શું ? વિવિધ સ્વર શું ? ને શું ઠમકા ?
મારે-જેને તિમિર ઘનથી વ્યાપ્ત આ આંગણામાં
આળોટી આયખું આખું રુદનપડઘા સાંભળી મ્હાલવાનું !

અજાણ દાવાનળની પરે જ્યાં
આયુષ્યની જાજમને બિછાવવી !
જ્યાં આથડે જીવનની પળેપળ,
કરાલ કો ભેખડ સાથ વ્યર્થ !
આષાઢની શ્યામલ મેઘભીની
ભેંકાર રાતે, અથવા ઉનાળે

મધ્યાહ્ને ધોમધીખ્યા ભવરણ ખૂંદવા આથડી આમતેમ
સોનેરી પામવાને મૃગજળ ઝગતું દૂર એકાદ ટીપું !

અસ્તિત્વકાજ હોયે જ્યાં ઝૂઝવું બસ સર્વદા !

**18: એપ્રિલ : 1937**

## મમ કને તું શું માંગતી ?

ભર્યા હૃદયથી છલેલ મૃદુ ભાવ કેરી કથા,
રહે તલસી જ્યોતને પ્રગટ વાણીદીપે થવા !
સખી ! હસી અધૂકડું મમ કને તું શું માગતી ?
મને તવ સ્મિતે જ જ્યાં અમલ જ્યોત એ લાધતી !

**5: માર્ચ: 1940**

# આંતર રસ

આ તરુવરની રમ્ય ઘટાનાં,
હસતાં પલ્લવ કૂંપળ શાખા;
ભાવિ સ્વપ્ન તણા મલકાટે
જીવનના ઘાટે !

ધોમ ધખ્યા, વર્ષા વીંઝાણી,
ઝંઝાનિલે પાંખ પછાડી,
સુગંધ શોભા રંગત સંચિત
મૃત્યુડગે અંકિત !

તેમ છતાં અણનમ ઊભેલું,
તરુવર શાખપ્રશાખવિહોણું
એકલદોકલ, ઘાવ સહંતું
સ્વપ્નો સાચવતું !
કલંક, છળ ને તિરસ્કારના,
દાવાનળ સો ભડકે જલતા,
ઉરમાં ઊંડાં વહતાં રસનાં
છાંટણથી શમતાં !

ધોમ ઝડી વર્ષાની ભીષણ,
ઝંઝાનિલ, અગ્નિનું બૂંગણ,

આજે નવ; પણ હાય ! ઘટા ના
ના પલ્લવ શાખા !

તરુનું આજે બાહ્ય ક્લેવર
અણનમ ના; ભંગાયું કણકણ !
કારણ? અણદીઠા ઉચાટે
અધવાટે?
હા-અધવાટે દૈવજ રૂઠ્યાં
આંતર રસ ખૂટ્યા !

**4: નવેમ્બર: 1938**

## મેં

મેં તો મારી નબળી દૂબળી પાંખ હૈયે તમારા
વીંઝી હોંશે અગનભડકો ઠારવા, ને અરેરે !
ઊઠ્યો એ તો અધિક પ્રજળીઃ ભાગ્યહીણો જ હું કે
જોવું-રોવું રહ્યું જીવનમાં ભગ્નહૈયે હંમેશ !

**8: ઑગસ્ટ :1936**

# બાબાગાડી હાંકનારી

અને બાબાગાડી ગઈ સરી, સર્યું સૌમ્ય વદન
રૂપાળાં ખીલેલાં કુસુમ સરખું ગાડી મહીં જે
વિરાજેલું ; એનાં તન નજીકથી વાહન જતાં
સર્યાં ; બૂમો, મોઢાં અગણિત રૂડાં, રંગ, સુરભિ,
સુહાગી સંધ્યા સૌ અરવ સરતું વ્યોમપટમાં !

હવે હૈયે એને મધુર બજતાં ગીત, પુનિત
સુણાયે ઋચા ને વિમલ જલ કૌમાર્યસરિતા
તણું સત્કારાર્થે અતિથિવરને પાય ધરતી,
દુકૂલે વીંટાળી કનકવરણી વેલ વપુની
પ્રમુગ્ધા કો કન્યા વિજન વગડો અંતર તણો
રસાળે એનો; ને વિવશ ઉર, રોમાંચિત તન,
વધૂવેશે ઝંખે વિગત નિજ સૌભાગ્ય વિસરી,
મહામૂલું મોંઘું પરમ જનની કેરું પદ ત્યાં
-'ચલો આયા' શબ્દો શ્રવણ પડતાં બાળક તણી,
ધીમે હાંકે ગાડી નિયત સ્થળમાં એહ રમણી !

**6 : નવેમ્બ ર: 1936**

# અવાવરું ઘર

થયું ઘર અવાવરું, જીરણ ભીંત ને છાપરું
ટકે પડું પડું થતાં : પથિક સર્વ રસ્તે જતાં
ઉરે અનુભવે અદીઠ ભય, કંપ, વેગે ભરે
ડગો અરવ, ભ્રૂં ધરે અગમ તત્ત્વ ભારેખમ.

અનેક સ્મૃતિ પૂર્વની: કિલકિલાટની મુગ્ધતા
ધખે પ્રખર ધોમમાં-વિજનતા ય મૂંગું રડેઃ
અને નમતી સાંજમાં ધૂસર પાંખની સ્તબ્ધતા
અખંડ ધરતાં બને ઘરસ્વરૂપ બિહામણું.

પરંતુ મધરાતની મધુર ચાંદનીનું અમી
પીતાં મલપતું ફળીઃ અકથ ભાવ મૂંગા બને
સજીવ,- 'કરકંકણો જીરણ સાંકળો ખોલતાં
સુમંદ રણકારથી જીવનને કરે જાગતું !'

-અને પથિક ન્યાળતાં પથ ડરી વદે દૂરથી
'સલામત જવું ન રે, ઘર અવાવરુની કને !'

**24 : ઑક્ટોબર : 1937**

## માને

તમારી મા! છબી જૂની ઝાંખી પાસ રહી નથી,
મોઢું કે ઘાટની વાત કદિ કો યે કહી નથી.

નમાયાં શૈશવે કીધાં, પરાયાં પય ધાવિયાં
અન્યનાં કડવાં વેણો ગણી અમૃત ચાવિયાં.

રખડ્યાં, રઝળ્યાં, દાઝી કૂંળી પાંખ ઉમંગની,
અંતર પાડતું ચીસ મૂંગી માતઉછંગની.

નેત્રને ઠારવા કાજે છબી યે નવ પાસ છે,
ઉરના પાત્રને ઠાલાં વેણની ય ન આશ છે.

ભટકી ભવના ધોમે મળે શીતળ છાંય તો
વિસામો કરવા પામું, ના મુકામ સદાયનો !

છાયા એ ક્ષણની કિંતુ અર્પે ચેતન કેવડું ?
તમારી યાદથી ત્યારે અંતર ધબકે બેવડું !

છબી ના સ્થળ, તો યે તે માંગલ્ય ક્યાંકથી ગ્રહી;
અતૃપ્ત ઉરની મારે તોષવી આરજૂ રહી !

**25: સપ્ટેમ્બર: 1942**

# એ મૃત્યુ પામ્યો !

એ મૃત્યુ પામ્યો !
પચ્ચીશીના ઉંબરમાં પ્રવેશતાં,
આ જિંદગીપિંજરને વિછોડી-
ઊડી ગયું પ્રાણનું પંખી એનું
ક્યાં ? કોણ જાણે ! સહુ જાણતાં એ
અહ, મૃત્યુ પામ્યો !
આ ઘા સહી વૃદ્ધ પિતા ઢળી પડે,
છાતી કૂટી રાંકડી માત તો રડે !
ને પારકે ઘેર પળેલ બ્હેની
સ્મરી સ્મરી કૈં હિબકાં ભરી રહે!
-એનો ગ્રહી હસ્ત ઊભી ભરોંસે-
રે ! એની તો જિંદગી ઝેર કીધી !

ના ગોઠિયો, બંધુ, ન ઓળખીતો
મારો હતો કે અવસાન એનું
સ્મરી; વહાવી ઉરધાર નેનથી,
હું થાઉં દુઃખી-

ન કેમ દુઃખી હું ? અરે, રડો નહિ !
એ હીબકાં આ શ્રવણો પડો નહિ !

રે, નેન ભીનાં નજરે તરો નહિ !
આ અંતરે વ્યર્થ વ્યથા ભરો નહિ !

છતાં ય નિત્યે ખટકે ઊંડે મને
મર્માંતરે પ્રશ્નકણી અદીઠીઃ
માબાપ ને બ્હેન રડી રડીને
અખંડ હૈયે સ્મૃતિને ટકાવશે;
વ્યથા પરંતુ કયમ એ શમાવશે
-બે કંકણો નંદવવાની સાથે-
જેણે દીધું નંદવી હૈયું એનું ?

વ્યથા શમો, વા પ્રજળો અખંડ;
સ્મૃતિ રહો વા ન રહો : ગયો એ !
શેં શોચી એ દુઃખી થવું જ મારે ?
-ને ભાવ એ આ ઉરને વિદારે!

**8 : ડિસેમ્બર : 1939**

# પાંથદાન

દોરી, લોટો, દીવો, લાઠી, ભાતાથી ડબરો ભર્યો,
શાને કોક દઈ જાતું મને પાન્થ અજાણને ?

વિષાદ કેરી અતિ ઉગ્ર હોળી,
જળાવી હૈયે સ્વજનો સંબંધીના;
પળ્યો હશે કોક પથે અજાણ્યા
જવું જ્યાં છેવટે સૌને સૃષ્ટિના ક્રમ આદિથી!

દીધેલું પ્હોંચશે માની પ્રવાસસાધનો બધાં,
કોઈને કાજ શ્રદ્ધાથી આપી કોક ગયું મને :

વૃદ્ધત્વને માતપિતા તણા હશે
રે લાકડી નિર્જીવ આ વહંત !
ચેતાવવા સ્થૂલ પ્રદીપ, પત્નીએ
સૌભાગ્યજ્યોતિ ન હશે ઉશેટ્યો ?
ના હીબકે બ્હેન હશે રડંતી
અપાતાં સાધનો ન્યાળી પ્રવાસીને પ્રવાસનાં ?

અજાણ્યાં આપણે બન્ને મળ્યાં તેમ જનાર યે,
મળ્યો'તો જાણજો : બાપુ ! યાત્રા માંહી અચાનક :
યાત્રા છે શાશ્વતી, યાત્રી અનંતાનંત આથડે
એકાકી, સાથમાં વા કો ઋણાનુબંધને ક્ષણઃ

આશ્વાસને શબ્દ અનેક આવા,
ઉચ્ચારવાના મનમાં શમાવી,
હું માહરા જીવનમાં પ્રવાસને,
બનાવવા સિદ્ધ મને મળેલ
પાંથદાન ગ્રહી મૂક અણદીઠા પળું પથે !

**25ઃ એપ્રિલઃ 1937**

# उपरताने-

સુહાગી ઇન્દુરેખા શી વિલસી ક્ષણ બાલિકા,
થઈ લુપ્ત ઉરાકાશે તમ વ્યાપી રહે પુનઃ

કો કાવ્યની કોમળ કલ્પના શી
તું પાંગરી પ્રાણ ! અવૃત્ત, વૃત્તમાં
ઉતારવા હું ચહું ને પ્રયાણ
કરી ગઈ ક્યાં ક્ષણ અર્ધ માત્રમાં ?

ગૃહ સૂનું થયું પુત્રિ ! સૂનાં યે ઉર રાંક બે
થયાં-સૂનું થયું વિશ્વ-સૂકી સૂની વનશ્રી યેઃ

રે! શોકઘેરું ગૃહ હાસ્યભાવે
કિલ્લોલતું કો દિ થશે; થશે તમઃ
વિલુપ્ત કો ઝાકઝમાળ તેજમાં !
સૂકી વનશ્રી પચરંગી ચૂંદડી
ધરી, બની કો મદમત્તયૌવના,
વહાવી વિશ્વે રસરૂપ મુગ્ધતા
પ્રફુલ્લ હોશે પ્રતિવર્ષ રાચતી !

ન માત્ર સૂનું ઉર માનવીનું,
ભૂલી પીડા કો વ્રણની નિગૂઢ,
સ્મિતાંકુરો ધારી કદાપિ મ્હોરતું !

નૈરાશ્યના ઓટ ભવાબ્ધિવારિમાં
લહે ન કો દિ ભરતી સુઆશની !

દુ:ખપ્રહારો કંઈ તીવ્ર ઝીલતાં
રહે હમેશાં ઉરભગ્ન માનવી,
પડી ખડી આખડી શીર્ણ જીવતા !
ને શૂન્ય શાં જીવનનાવ અબ્ધિમાં
વિદીર્ણ કો પ્હાણ પરે થતાં સુધી,
સુકાન ના....! ના સઢ ને હલેસતાં!
છતાંય તે,
આબાલ વૃદ્ધ,
નિરાશ હો, હો ઉરભગ્ન તો યે,
વ્રણો તણી પીડ સહી અસહ્ય,
ટકાવવાને વપુવેલ માત્ર, સૌ
ર્‌હે સાચવી કેવળ લુપ્ત ભવ્યતા
તણી સ્મૃતિ જીર્ણ, અકથ્ય ભાવથી !

અમે યે વેલ અંગોની અપર્ણ તોય રક્ષીએ,
મિલાવી ભૂતમાં ભાવિ,વર્તમાન વિસારતાં !

અશોકનાં પલ્લવલીલમે ગૂંથ્યું
ટીંગાડીને તોરણ, દીપ કેરી
રચી કમાનો કંઈ ભવ્ય, મંડપે
આલેખતાં કુંકુમસ્વસ્તિકો રૂડાં,

ગવાડીને મંગલ ગીત સ્વાગતે
વિધાત્રીનિર્મ્યા જન કોકનાં, તદા
'અમૂલ્ય લ્યો આ ધન ને નિભાવજો
દુઃખે સુખે સંગી ગણી સદાય'
વદી ; ઘટે ના શુભ લગ્નટાંકણે
વિલાપ ઈચ્છી ત્યજતાં તને ત્યાં
બા બાપુ બન્ને હશું અશ્રુ રોધતાં !
અપૂર્ણ કોડ એ, પુત્રિ ! તારી સંગ પળ્યાં,, પળ્યું
સુખ સંસારનુંયે ને ઝૂરવું સ્મરતાં રહ્યું !
પ્રદીપ શું જીવનનો બુઝાયો
પ્રભા હજી ના પમરી જગે ને ?
સુકોમળું જીવનવાદ્ય મૂક
છેડ્યો ન એકે સ્વર ને વિરામ્યું ?
...ના! ગૈભળી ભવ્ય પ્રદીપ-ગીતે,
તું તો હવાં કો દિ વિભિન્ન થાય ના !
વિહંગ કેરા રવમાં સુરીલ
વાચા સુણું; ને વદનાબ્જ ન્યાળું
સુકાવ્ય શા નિર્મલ બાલ્યભાવમાં !
રસાર્દ્ર તારું સ્મિત, તેજ નેનનું
ઉજાસમાં ચંદ્રી તણા લસંત !
થયેલ તું લુપ્ત ન બ્હેન ! નિત્ય હું
તને નિહાળું છ નિસર્ગ-વિશ્વમાં !

**14 : જાન્યુઆરી : 1936**

# સ્મૃતિ

શશિવિહીન સરે રજની તણી
તિમિર-પાલવ કોર જળે; અને
ચરણ શ્રાન્ત ત્યજી તટ અબ્ધિનો
લથડી આથડી મંદિરિયે પળે.
અણપૂર્યા ઉરભાવ ત્યહીં ઊઠે,
સમદ સૌ ધરી રૂપ અભિનવ;
થડકતાં ઉર તાલ મિલાવીને,
રણઝણી રવ મૂક નિમંત્રતા.

હાં હાં ! કોના સુભગ સ્પરશે ગાત્ર નિસ્તેજ કંપે ?
ને ઝૂકે શેં વિકલ વપુવેલી મૃદુ પર્ણ પુષ્પે ?
ને કો આવી અરવ પગલે-

‘હલેસતા નાવ નથી અને કહો
ઘડી ઘડી પ્રીતમ ! ‘ઓ ! પ્રિયે ! પ્રિયે !’
નવાજી શબ્દે મધુરે મને તો
વિલુબ્ધ નેણે નિરખી રહો શું ?

સમુદ્રસેજે શત તારલીથી
મઢેલ જ્યોત્સ્ના પટ પાથરેલો
હતો; અને માદક ભવ્યતા શી

કલ્લોલની લોલ લીલા નિહાળી,
હલેસતાં નાવ હતાં અમે બે.

'પણે ! સખી ! જો કટિ-મેખલા થૈ
ધરા તણી સાગરરાજ રાચે,
તરંગમાલા ય સમીર સંગે
લસી રહે આતમ ઐક્ય સાધી,'
એવું કહી જીવનસંગિનીને-
મને મુખે ચુમ્બનમ્હોર આંકી,
ભીડી લીયે એ ભુજ-યુગ્મમાં....હું
વદું હં ! હં ! નાવ સમાલી લ્યો વા
પ્રમગ્ન પ્હાણો પર એ અચૂક,
પટકાઈ થાશે શતધા વિદીર્ણ !

'તો શું ભલા !' હાસ્ય પ્રફુલ્લ વેરી,
વદે પિયુ 'પ્હાણ પરે હું સ્તંભ
ને તેજના પુંજ શી કાય તારી
શિરે ધરી, અન્ય જળે ઘૂમન્તાં
વ્હાણો તણાં સૂચક-સ્તંભ થાશું.'

ઓ રે ! હ્યાં શેં સુખદ કરુણા કલ્પનાપાંખ ભવ્ય
વીંઝી વેગે અબલ હૃદયે ગાઢ છાયા પ્રસારે ?
શાને હૈયે સ્મરણ ઊમટે રુદ્ર જેવા ધસારે ?

ભવાબ્ધિકાંઠે પિયુવ્હોણી આજે,
વિભાવરી સંગ ઊભું હુંયે ને
મઢી લીયે નીરવ કાય મારી
તમિસ્રની ગાઢપ્રગાઢ છાયા !

**18ઃ જુલાઈઃ 1935.**

# હું જાણું

અંધારી રાતને હૈયે ઝીંકાતી વાયુની ઝડી,
ને એમાં તેજને ઘોડે સવારી મેઘની ચડી.

ખૂંદીને આંગણું આખું આભનું હડિયો કરી,
ગજાવી નોબતો ધીંગી સવારી બઢતી રહી.

સામૈયું પ્રાહુણા કેરું યથૈવ કરવા હસી-
હસીને મોકળું, દ્યાવાપૃથિવી ધધણી રહી.

ન જાણું કોણ કન્યા કે જાણું ના વર કોણ છે ?
સંતતિ શિવ, હું જાણું, કાજે સંલગ્ન રૌદ્ર બે !

**29 ઃ ફેબ્રુઆરી ઃ 1940**

# જાદવજી મા'રાજ

અને વહ્યાં વર્ષ કંઈક તોય તે,
શાળ તણો સેવક સાવ મામૂલી
પાનાર પાણી, નવ જદુ કાં ભૂલું ?

મહત્ત્વનો માનવ એ ન'તો, ન'તો
સત્તાભર્યો કે શતકોટિ વાર
ખુશામતે બેવડ દેહ વાળી
હોઉં નમ્યો હું ; નવ સ્નેહી, ના સગો
જડાયેલો અંતર; તો ય યાદ એ !

અમે સહુ બાળક, દેહ એહનો
કસાયેલો, શ્યામલ નેન નિર્મલ,
'પીવો મીઠું શીતલ તો જરા જલ'
સ્નેહાર્દ્ર વેણો, જગની ધમાલમાં
વર્ષો વીત્યાં તો ય હું પેખું-સાંભળું !

થિજાવતું અંતર શૈત્ય હોય કે હોયે
ધખ્યા ધોમ અસહ્ય ગ્રીષ્મના,
ગડૂડતો વા કદિ મેઘ ત્રાટકે
શિરે; છતાં ટંક ન એક સાંભરે
કે પંકભીના કર ધોઈ 'લ્યો-પીવો'
વદ્યો ન હોયે કદિ એહ ભૂલમાં !

નિશાળ, જદ્દુ, સહુ બાળકો અમે,
કર્યા ન હોયે કંઈ કેમ કામણ,
ઊભે હજી હ્યાં નયનો સમીપ શેં?

સ્મરી પુનઃ ભૂત તણી સ્મૃતિને,
મને થતું એક હજાર કારણે,
તપ્યાં-ધખ્યાં અંતર અન્ય ઠારવા
કરી રહું સ્વાર્પણ હું કશું ના?

પાડું રચી નિત્ય હું સ્વપ્નનાં ઘરો
તરંગમાં, રહે નવ કો અખંડ કાં ?
અભંગ શું ભસ્મ થકી ચણાય
મહેલ ના કો દિ મનોરથોના?

છો સર્જવા સૃષ્ટિ સુભવ્ય સ્વપ્નની
રહે સદા જીવન માંહી દુઃખ, ને
સંતાપના તાપ મહીં તપાવું!
સ્નેહોષ્ણ સૌ અંતર આપ્ત કેરાં
નિહાળવા શીતલ છો થરે ભર્યાં!
નિંદા તણા કાદવથી લીંપાઈને
કઠોર છો વજ્રથી ય નિત્ય હું
ધિક્કારની અંગઉપાંગ ભાંગતી
ઝડી સહું ; સર્વ વરેણ્ય માહરે!

કતાર હ્યાં નગ્ન, ભૂખ્યાં જનોની
ખડી; ઘણાં દીર્ઘ પથે પળેલને

સ્મરી દહે અંતરપુષ્પ એમનાં!

કિરીટ શી કોટિક મસ્તકોની,
તે યે પડી ધૂસર ધૂળ માંહે
મા-માતૃભૂમિ પરથી પીંખાઈને!

રૂપાજીવા અગ્નિથી યે વધુ હ્યાં
ધખેલ હૈયા પર હાસ્ય ધારતી
નવી નવી સ્હોડ અનેક સેવીને
નભાવતી કાય; - ખસો સદાય તે
મૃણાલ શી કોમળ કુંકુમે ઘડી

પ્રિયા તણી વેલડી; ઇન્દ્રજાળ શાં
ખસો બધાં કીર્તિ તણા સુહામણાં
સ્વપ્નો;-ખસો અંતરનીય ઝંખના
સુકાવ્યની નિર્મલ જાહ્નવીનું
પિવાડીને વારિ હંમેશ મ્હાલવું!
ખસો ! -મને એ જગ સાંકડું પડે!

કશું ય ના! અંતર તો ધ્વનિ ઊઠે
કે વાવરી શીતલ સત્ત્વ આત્મનાં,
બળ્યાં-ઝળ્યાં અંતરપે અનેકનાં
ક્યારે ભલા જીવનનાં રસાળાં
સત્ત્વે સીંચીને ધખતી ધરાને,
સાર્થક્ય આ જીવનનું જરી લહું!

માનવ્ય કો માનવ મામૂલીનું
આ અંતરે રિદ્ધિ ગણી હું સંગ્રહું !

20: ડિસેમ્બર : 1935

## શુભ ચિંતન

અન્યોન્યનાં જીવનની કળાને,
સર્વાંગ-સંપૂર્ણ બનાવવાને,
વહાવતા આતમધાર મંગળ,
સવર્ણ ભિન્ન બે અંગો સાધે છે સહચારને.

અભિન્નતા એહ બની વિશાળ,
ચૂમી રહો વ્યોમકિનાર દૂરની !
વટાવતાં વર્તુળ સ્વત્વ કેરાં,
ઊર્ધ્વગામી બની રાચો અનંતાનંત યાત્રિક :

યાત્રી, યાત્રા અને પંથ સદૈવ પ્રિય ! ધન્ય હો !

**15: ફેબ્રુઆરી : 1937**

# રાજો ટપાલી

રે! કોઈના અંતર શી ધખેલી,
બળી ઝળી ભોમ પરે હજી તો
શીળી ફૂટે રેખ ન એક ને ત્યાં
'હાલો' તણી બૂમ હંમેશ મારા
ભરી દીયે ખંડ અખંડ નાદે,
જ્યાં ચારની ઝાલર ઠોક બાજે !

'રાજા' ઢૂંઢે નેન અનેક ને એ
'લાવો' કહી પત્રની પોટલીને
શિરે ધરી પંથ પળે સદાયે.

મારે ય, જ્યારે વ્રત જિંદગીના
થશે પૂરાં, ઝાલર કાળ કેરી
બજે, પડે બૂમ કદીક 'હાલો'
તદા જવું જીવનબોજ સર્વને
શિરે ધરી દીર્ઘ પ્રવાસપેં ન શું ?

રાજા શિરે ધોમ ધખ્યા હશે કે
વર્ષા તણી ઝીંક ઝડી ઝીંકાણી
હશે ; હશે વજ્જર પાંખ માથે
બેસી ન ઝંઝા રમણે ચડેલ ?

પદધ્વનિ તો ય દશાન્તરોમાં
સૂની પડેલી દિશામાં લપાય, ને
તેપેં સુવે ધૂસરછાઈ સંધિકા.

રે, પંથ આ જીવનનો અનેક
ભરેલ છે વાંકવળાંકથી ને
પડી ખડી કૈંક ગયા, હજી જશે
પ્રવાસી એ પંથની પાર એકલાં !
ને એ જ પંથે અણધારી વેળા,
'હાલો હવે' બૂમ તણા જવાબમાં,
જવું થશે અંતરિયાળ મારે !

રે! ક્યાંય ના તે શિરપેં કદા શું
ધિક્કારના ધોધ અનેક ઠાલવે?
રજોટડી કાય પરે ફરે ના
માલિન્ય વા દંભ તણી કદી ય?
ખૂંદી ખૂંદી ગાઢ થરો અનેક
વિભાવરી પાલવથી ઝરેલા
અંધારના, પાય ધપ્યે જતા સદા
એ ધ્યેયપેં ધ્યેયવિહીન એના.

જે જે ભર્યું પોટલીમાંહી ઠાલવી
રાજા તણા પાય પુનઃ પુનઃ સદા
રહે ખૂંદતા એકલ એ જ પંથને!
અનન્તને ઘુમ્મટ કોક તારલી,

શશિકલા વાંકડી નેન ઊંચકી
પેખ્યા કરે કાયમનો પ્રવાસી આ!

મારેય તે ;
મારી મનીષા, અણજિત સિદ્ધિ,
ખંડેર જેવાં શમણાંની રિદ્ધિ,
-હોયે કદિ ભાર ભરેલ ના તો-
પિતા પદે ઠાલવવાની ખાલી,
ઘસાયેલી જીવનઝોળી મારી.
અને પુનઃ ચક્રની જેમ ઘૂમવું
ગરેડ માથે બની દોર ઝૂમવું!
જન્મો તણા રંગતરંગમાં સદા
ખૂંદેલ પાછું ખૂંદવું ફરી ફરી!

અનેક મારા સ્વજનો મહીંથી
ગતાત્મની કોક અબોલ તારલી
સુડોળ એના નયનો નમાવી
રહેશે અહો ભાવ કયા કયા ધરી
અનન્તને આંગણથી મને હ્યાં
ભવારણે ભાટકતો નિહાળી?
હું રાહ જોઉં;

કે ક્યાહરે ઝાલર બૂમ તો ફરે,
પડ્યાં ખડ્યાં જીવનખંડને ભરે;
ને વિત્ત કે સત્ત્વ રળેલ મારું,

બની ગયું બોજભરેલ પોટલું
શિરે ધરી પંથ પ્રયાણ આદરું
જેથી બને લક્ષ્ય સુસ્પષ્ટ પાધરું !

**6: એપ્રિલ: 1935**

## સંગાથ

અંધારે આંકડા ભીડી સાંકડી કેડીએ ડગ
માંડીને બેય જાતાં'તાં આથડી, ઊઠતાં પડી.
થાક્યા'તા પાય, છોલાણી કાયા ને શ્વાસ ખૂટતો,
લોચાતો જીવ, તો યે ના હાથથી હાથ છૂટતો !
'કહોને કેટલે દૂર ?' બોલું ત્યાં લથડ્યો પગ,
અંકોડા હાથના ઢીલા-ક્યાંનું ક્યાંય પડ્યું તન!
પલાણે ઘાવ કૈં ઑર કાયાને, વળતાં કળ,
ઢંઢોળી શૂન્યતા સાદ વહાવે લોચને જળ:
રુઝાશે ઘાવ, વ્હીલાશે અંધારું, ઊગશે પ્રભા;
થશે આ સર્વે તો શું ના મળશે જન બે જુદાં ?

**11 : જાન્યુઆરી : 1938**

# ગુરુજનોને

અપાત્ર અતિ તુચ્છ હું હૃદયકોડિયું માટીનું
ધરી, તમ સમીપ કેમ બની દીન ઊભો રહું ?
ચિરંજીવ તમારી ના મમતાનો મને હક્ક કે
-હતે કદિક હક્ક તો ય છલકંત હૈયે ઊંડે-
સુધા તમ તણી ઝિલાય; કયમ આપને યે વૃથા
ઉમંગ ચઢશે સુધા મમ અપાત્રમાં ઢોળતાં ?

પરંતુ લઘુ પાત્ર આ છલછલી ઊઠે અમૃતે,
કઠોર જડતા ટળે સ્પરશ પામીને ધન્ય એ!
વિશાળ તટ ભાવિનો-લહર લોલ ડોલી રહી
અને બજતી મંદ્ર કૈં સ્વપન ભવ્યની ઝાંઝરી.

વ્યથા અસહ ને વિષાદ અતિગૂઢથી પાંગરી
લસે ક્ષિતિજ ટોડલે મૃદુલ વેલ માંગલ્યની!
ભરી અબલ પાયમાં પથ અનંતની પ્રેરણાઃ
તમે જીવનમાં દીધી ધરબી સિદ્ધિની એષણા.

**10 : નવેમ્બર : 1939**

# વણકરનું કાવ્ય

ન રંગરસિયેણની કનકકાય શોભાવવા,
કદાવર શરીરનું સકલ જોમ કાંડે ભરી,
વળે કમર બેવડી, નયન કોડિયે ઝાંખપ,
સમગ્ર તનની નસેનસ પડે તૂટી ત્યાં લગી
વણી પટકુળો હવે, શરીર પોષવા પૂરતાં
મળે ન ધન ધાન્ય ને ખતમ જિંદગીને થવું !

વળી પટકુળો રૂડાં વિવિધ રંગનાં ના હવે
થવું ખતમ; જે થયાં ખતમ મુક્તિસંગ્રામમાં
શહીદ, શબ એમનાં કફનહીન કૈં કૈં પડ્યાં :
અગણ્ય જનની કતાર કંઈ-નગ્ન ભૂખ્યાં કંઈ
ઊભેલ; કંઈ કેડીએ જીવનની પડી આખડી
અપંગ વળી વસ્ત્રહીન બનીને નભે માળખાં !

પણે ભભડી રે ઊઠી દિન તણી ચિતા વ્યોમમાં !
જુઓ નયન લૂછતી તિમિરપાલવે સંધિકા !
અબોલ ડૂસકાં ભરી તરલ તારકો ડાઘુ શા
રહ્યાં સમસમી જુઓ ખતમ થૈ જતી ન્યાળીને
ચિતા દિવસની ! જુઓ ભભડી અગ્નિ છેલ્લો ઊઠે !

ન કંકણ, ન નૂપુરો, નયનની છટા બંકિમા,
ન મુગ્ધ મુખચંદ્ર કે થડકતાં ઉરે હીંચકી

રહે મલકી, અન્યને મલકતાં કરે દૃશ્યથી
વણી પટકુળો જ તે નભવું..................................!

કતાર કંઈ જીવતાં શબ તણી ખડી ઢાંકવા,
અને અમર આ શહીદશબ ટૂકડે વીંટવા,
ન રંગભર રેશમી પટકુળો, પરંતુ રહ્યાં
વણી કફન ટૂકડા; ખતમ થ્યેલને એટલો
ધરી લઘુક અર્ધ્ય આ ખતમ જિંદગીને થવું !

**2ઃ મેઃ 1938**

# તેં

સંકોરીને ટમટમ થતો દીપ તેં તજ પૂર્યું,
જેથી હૈયે મઘમઘ થતું આટલં સ્વપ્ન સ્ફુર્યું !
હાવાં ખૂટે ઘૃત કદિક ને જ્યોત વ્હીલાઈ જાય,
કિંતુ પેલી સુરભિ સ્વપ્નો કેરી હૈયે જડાય !

**29ઃ ફેબ્રુઆરીઃ 1940**

# તને

તને હૃદયને પૂછું મિલનજન્ય ઉત્સાહમાં,
ઊઠ્યાં થથડી હાર્દ ને વિક્લ અંગની માધવી
થયેલ નવપલ્લવી; કુસુમસત્ત્વ શી ગંધમાં
અચાનક નિહાળીને 'પ્રીતમ' તું વદી તે ઘડી,
અનંત પ્રકૃતિ તણી ઠમકતી રહી ઝાંઝરી,
દઈ પરમ તાલ ત્યાં લીન ન'તી બની બેલડી?

હતી વચન, સ્પર્શ, રૂપ, રસ, ગંધ પીવા તણી
ઉરે અતલ ઝંખના; પૂરણ તો થઈ તે ઘડીઃ
થયાં વિકલ નેન, કર્ણ સહુ ગાત્ર આ તૃપ્ત ને
રહ્યો રસબસે તદા નિતરતો સુધાંશુ સમો.
ઘડી, ઘડીક એ પછી, વમળમાં રહું આથડી
જરી જગ ધમાલ માંહી નિરખી ન ત્યાં તો મને
થતી કવણ તૃપ્તિ વા વિફળ ઝાંખી તૃપ્તિ તણી?

સખી ! પ્રણય શુદ્ધ તો વ્રણ અનેક ઝીલે છતાં
વસંત થઈ ફોરતો જીવનવાડીએ ને પછી
ન શૈત્ય, નહિ તાપમાંય મુરઝાય, એ તો રહે
લીલોછમ સદાય તે અમરવેલ શો વાધતો !
ન સત્ત્વ, પડછાય, જે ઘડીકમાં જતું ઓસરીઃ

છતાં જન બુભુક્ષુ સર્વ નિજ ભૂખ સંતોખતાં,
સૂઝે નવ સૂઝે અને પરમ ભાગ્ય એને ગણી,
પડી, ફરી ફરી પડી ; ભવભુલામણીમાં ભમી,
રહંત મલકાઇ કે 'પ્રણય પાંગર્યો ધન્ય છે !'

ઉરે ઉર અડી ન'તો ધડકિયાં કદી આત્મ બે,
ન'તો કમળદંડ શો કર ગ્રહી કદી હીંચક્યો
ભવાબ્ધિ ભરતી પરેઃ અગર દુઃખઘાવો તણા
નિગૂઢ થર જે ભર્યા છ વડવાગ્નિ શા અંતરે
પ્રકાશ કદી પામતા; ભડભડાટ છોને બધું
ચૂંસે હૃદયહીર ને કુસુમકોમળી કાયને
કરે ભસમ, તો ય તે ખડખડેલ એ માળખાં
પરે સ્મિતની વેલ રહે ઉરઊંડાણ આચ્છાદતી !
છતાં પ્રણય એ હતો સકળ જીવની ચેતના,
અનંત રૂપ ધારી જે વિલસતો બધે વિશ્વમાં !
તને પ્રકૃતિમાલણે બકુલ, માલતી, મંજીનો
પરાગ ભરી શિલ્પમાં, રૂપની રેલ મ્હેંકાવવા
સૂજીઃ નિટિલ પે ગૂંથી નભ થકી લઈ વાંકડી
કલા ભ્રૂકુટિભંગમાં; થડકતું કર્યું જ્યાં ઉર
સદેહ રણકી ઊઠી પરમ ગીતધારા તહીં,
સુણું હરહંમેશ જે ઉદધિ ગર્જને રૌદ્ર ને
ટુહૂરવ મહીં મીઠા મૃદુલ કોકિલા કંઠના !
સદૈવ કટિમેખલા થઈ અખંડ રહે અર્ણવ

ધરા-હૃદયરાજ્ઞીને સકળ અંગઅંગે ભીંસી,
ઝણી, ઝણઝણી ઝીણું પ્રણયગીત સંલાપતો :

ઉષા અધ ઉજાસ ને તિમિરની ધરી ઓઢણી,
અધીર થઈને જતી પ્રીતમ સ્હોડ માંહી અને
વિસારી તનભાન ત્યાં વદનનું મદોન્માદિની
ચૂસે ચશચશી મધુ મૃદુલ ભાનુમાં જે ભર્યું,
તદા નવવધૂ મુખે સકલ અંગની લાલિમા
ધસે ધસધસાટ ને અબુધ વિશ્વને સાંપડે
કથા પરમ પ્રેમની રસગીતે રહી નિર્ઝરી!
કહીશ રસરાગપૂર્ણ પ્રણયધ્વનિ તે સમો
ઝીલાય ક્ષણજીવને જુગજુગાંતરે યે કદા?

વદાયસમયે મને ચરમ દૃષ્ટિથી પેખતાં
હતાં નયન અશ્રુસંચિત ગુલાબનાં ફૂલ શાં,
વ્યથાસભર કંઠ, ભાવ ઉરના બધા રોધતી
'જરૂર કદી આવશું' શબદમંજરી ખેરવી
સકંપ લથડી પડે ઉરઉમંગની ભસ્મમાં!

પછી ક્યમ ન તું કહે વચન પાળવા યે કદી
પધારી ? વીત્યું તેજ, ભૂત પછડાટ અંધારનાં
કરે કડડ ત્રટતાં જ નિરગ્રંથના આંગણે!

હતાં ચરણ ચૂમતાં નૂપુર એ રવોત્પાદક,
અને પરમ નેનજ્યોત પથદર્શકો માહરાં;

પરંતુ ભળી એ ગયાં અહહ આજ આનંત્યમાં!
રહ્યું છ લહી કર્ણ, નેન સહુ ગાત્ર નિષ્પ્રાણ શા,
પડી, લથડી, આથડી, તિમિર ઘોરથી આવર્યાં
પથે કુટિલ વિશ્વના, પ્રિયતમે! સ્મરીને તને
નિગીર્ણ થતી કાયને ભટકવું સદા ભાગ્યમાં!

**27: ડિસેમ્બર: 1934**

# મળો તવ

ન'તી કરવી વાત ને હૃદય કાબુહીણું થઈ
ત્યહીં વદી પડેલ; વ્યર્થ કરી કેમ ઉચ્ચાર એ
હવે વિલપવું ભલા ? અવર સ્હોડસંગી તમે
અમેય પર સ્હોડ સેવી, ગત સ્વપ્નસૃષ્ટિ બધી
કરી દફન ને પછેં જીરણ પર્ણ શાં આથડી
કદી મળવું તો ન વાત, પગથોભ યે ના જરી !
પ્રયત્ન કરી હાસ્ય ને નયનબારણે તોરણ
જલાશ્રુ તણું ટાંગવું અધિક દુઃખ રેલાવવા !

હવે ઊચરવું ય શું ? કુસુમગર્ભરાગે ઘડી
સુડોળ તવ દેહવેલ, મુખ, નેન ને શ્રી પરે
ફર્યું પટલ શ્યામ ને સુભગ અંગ રેખાંકનો
બન્યાં વિરૂપઃ ને બન્યું ઘસરકા સહી કાળના
નિતાંત તનુ માળખુંઃ વ્રણ અરૂઝની વેદના
મહીં લૂણ ઠસાવવું સ્મરણનું જ સંબોધીને ?
અને કૃશ, વિરૂપ, અસ્ત નિશદિ' થતી ભવ્યતા
તણી કરવી ઠેકડી જ સ્મૃતિ આપીને પૂર્વની ?

'ઉકેલી હજી તો શકે લટની ગૂંચ યે ના પૂરી
અને હૃદય જાગતાં પરણવા તણા કોડ શા !'

કહી હસી પડે ત્યહીં જનનિ બેયની મીઠડી;
મહાલય રચી ઝીણી કુંકરીનું યદા મ્હાલતા
સમાવી જગ ફૂલડે અમલ બાલ્યકાલે સદાઃ
હતી ખબર તે દિને શિશુપણું, શિશુ કલ્પના
અને ઉર અબંધનીય લહી લોથ તેની ભલા
ભવિષ્ય, ભભડે ચિતા સમયની સદા તે મહીં,
સુણ્યા વિણ નિષેધ રે ! અદય એજ ધક્કેલશે,
'અહીં ભસમ ભૂત કેરી તનલેપ કાજે કહી !'

હવે વદવું શે ભલા સભર વેલ સૌન્દર્યની,
પરાગ પ્રણયોર્મિનો સમદ સૌ ધરી ઝૂકતી
અપર્ણ થઈ, ને થઈ પ્રખર ધોમ મધ્યાહ્નમાં
તપાવી તન છિન્ન જ્યાં વિધિકરે વ્રણો વેઠતી !

વિતાન મઢતું તમઃ, નિનદ પર્ણ વૃક્ષો તણાં
બજાવી જરી ખંજરી મધુર કંઠસોહાગની
અમૂક; બસ એ સમે! હૃદય ગાઢ આશ્લેષમાં
થવા વિલીન ઝંખતું, કર વપુ મૃદુ તાહરું
નિબધ્ધ થઈને ભીંસે; નિમિષ પૂર્ણ ના થાય ને
થતાં પદ અલોપ, સૂર પગલાં તણાં તાલથી
ભળે ધબક સાથ આ ઉર તણી, સરે નિઃશ્વસ
પ્રિયે ! સ્મરણ માત્રથી ગત દિનો તણાં, તો હવે
મળો, તવ વદ્યા વિના જ શતકોટિ શબ્દોથી યે
ધરી પ્રબળ મૌન કહો નિરખવું ન રે ! ઉત્તમ ?

અને ક્ષણિક જેમ શાશ્વત મળ્યાં હતે તોય તે,
પીયૂષ તવ પ્રેમનું મલિનતા બધી લૂછવા
ભરેલ મમ હાર્દમાં, પૂરણ ના થતે તો પછી
મળ્યાં ન, વિધિનિર્મિયું ઠીક થયું જ શું એ નથી?

પ્રિયે ! હૃદયવારિ મૂક, સ્થિર, શાંત પોઢ્યું તહીં
તવ સ્મરણકુંકરી ઉર અનેક વર્તુળની
રચે અહ પરંપરા ય સહ દુઃખ કેરા દવ
રહે પ્રજળી આત્મઃ શી કરુણ શોકઘેરી દશા !

હવાં પ્રિય ! ન શબ્દ, મૂક ઉરઊર્મિથી આપને
રહી નિત નિહાળી, ચૂમી પદપંક્તિ પૂજીશ હું.

**6 : જૂન : 1935**

# આમંત્રણ

ક્ષમા નહિ કરો સખી, જીવન માહરાં છો છતાં
રહો વિનવું વેગળાં ; પુનિત પંક્તિ પાદાબ્જની
ચહું ન કદિ પાડજો મુજ કને-અરે ધૂળમાં !

શું કામ પદરાગ કે સુભગ કંઠની માધુરી
પ્રભા નયનદીપની ખરડવી પધારી, વદી,
નિહાળી; કદી અંગુલિ સ્મરણ કેરી શે ફેરવી
તૂટેલ ઉરવાદ્યની સ્વરબસૂરતા છેડવી?
રહો અલગ, માહરે કપટ કલેશ ને દંભથી
શું કામ મઢવી કુમાશ તવ સ્નેહની નિર્મળ?

હતું મન મહીં ઘણું, પરમ ભાગ્ય જો નૂપુર
સદૈવ પદ ચૂમતું થઈ શકું; પધારો તમે
છતાં કયમ નકારતો કમનસીબ હું તો હવે?

કમાન કવિ કલ્પના તણી પલાણી આભે ઊડે,
ઊડે મધુર ધારપેં સ્વરની ગાયકો, રંગથી
અદીઠ દુનિયા કરે ધબકતી ચિતારો, સૃજે
સમગ્ર ઉરવાંછના સુભગ શિલ્પમાં શિલ્પી કો!

તમે કવન, સૂરની મધુર ધાર, રેખાવલી,
કળા સુભગ શિલ્પની; ક્યમ કઠોર, મેલા રજે

ભરેલ મમ આંગણે પદપરાગ રોળી જજો
કહું ? અગર રોળતાં હું નજરે ય ન્યાળી શકું ?

ન રે કવિ, ન ગાયક, સ્વપ્નસૃષ્ટિ સર્જાવતો
ન ચિત્રક, ન શિલ્પી કે સરસતા ગ્રહી ધન્ય એ
ઉડીશ અવકાશમાં; નવ અનેક તત્ત્વો સ્થૂલ
ભર્યાં મમ ઉરે કરી રસળતાં, શકું પાથરી
બિછાત પથમાં યથૈવ સનમાનમાં આપના !

ગઈ વિશદતા શમી શિશુ તણી અને યૌવન
તણો તરવરાટ ને વિવશ અન્ય કેરી પીડા
ધરી, ઉર થતું જ તે સરલતા, ભલી લાગણી
ગઈ; જગતનીરના વમળમાં મળી ઘૂમતી
દીવાલ મહીં પૂરી પ્રાણ નિજ જાત સંરક્ષવા
પ્રપંચભર સ્વાર્થ કેરી જનની સમી દીનતા !

અકલ્પ્ય રસ રૂપની અમલ જાહ્નવી શાં તમે
રહો મલપતાં સ્વતંત્ર અણદીઠ ત્યાં, હું અહીં
રહીશ નિરખી છવી તમ તણી; અને દર્શને
અજીવ વગડે સૂતી વિજનતા યદા જાગશે
કલોલ કરતી તદા, સફળ ભાગ્ય મારાં ગણી
પુકારીશ પધારજો હર પળેજ આમંત્રણે !

**22 : સપ્ટેમ્બર : 1936**

# ભૂલી ગઈ ?

અને મળ્યાં વર્ષ કંઈક આખરે
સોપાનપેં મંદિરનાં છતાં યે,
વદ્યા વિના શબ્દ હું સંગ મંગલે!
 લળી પડી ઈશપદે તું તન્મય
બની; રહું હું મનમાં મુંઝાઈ કે
ભૂલી ગઈ?

ભૂલી ગઈ? કો શશિહીન રાત્રિએ,
વિસ્તબ્ધ મારા નયનો સમીપ તું
પીઠીભરી વેલ વીંટાળી અંગની
પાનેતરે,' પ્રાણ! હવે હું જાઉં છું
અન્ય ગૃહે' ઉચ્ચરી અશ્રુ રોધતી
ઊભેલ; હું 'જા, તું સિધાવ દેહથી,
દેહી હશે સાથ સદાય તો-' વદી
ઢળી પડ્યો ભસ્મ મહીં ઉમંગની!

અને તમે કો રસપૂર્ણ પુષ્પ શાં
સુગંધ મૂકી સ્મરણો તણી પળ્યાં!

ને મંદિરે દર્શન મૂર્તિનાં ત્યજી
ચહું વદો કાંઈક, મૂર્તિ શી ઊભી

અબોલ કાં ? આજ મળ્યાં છતાંય તે
ભૂલી ગઈ ? હું મનમાંહી શોચતો
અનુત્તર પ્રશ્ન, નિહાળું નેનમાં
કારુણ્યની નિર્મલ રેલ રેલતાં
એનાં, તદા ઉત્તર તો મળે મને
‘હવે પિયુ ના નજરે ય આવશો પરાઈની.’

**26 : નવેમ્બર : 1935**

# તારું સ્મરણ

ઉજ્જડ ધોમ ધખેલા વગડે,
જળની સેર ધીમા શા ડગલે,
ખૂંપે ઊના રેતી ઢગલે,
એમ તું સંસારે !

અંચલ શ્યામલ સંધ્યા કેરું,
ઢાંકે કો ખંડેર જૂનેરું,
નિર્જનતા ત્યાં રડે મૂંગેરું
તવ પાડી પગેરું !

માઝમ કો ભેંકારી રાતે,
ધ્રૂજે ધરતી વીજપ્રપાતે,
ડોલે ડુંગર ભીષણ ઘાતે
ભમવું ત્યાં તારે પછડાટે?
મન રડતું મારું ઉચાટે,
વીતેલી વાતે !

ઓરે, જગ બેસૂરી નૉબત,
બિછડેલી સંભારી સૉબત,
અગન પથારે ફૂલના પોઢણ
વ્યથા પરે સ્મિત કેરા ઓઢણ-

વણહાર્યા, વણથાક્યા મનવા,
ભવઆરા ભમવા !

**23 : એપ્રિલ : 1942**

# જીવનની કરુણા

છે શું મૃત્યુ પરમ કરુણા જિંદગાની તણી ? વા
છે ભૂંસાવું પ્રિયજન તણા હાર્દથી રે કરુણ ?

ભેટે ભાવે અલગ હૃદયો કોક દિ, મૃત્યુથી યે
પાડ્યાં ના કો અલગ પડતાં હાર્દમાં, ક્યાં કરુણા ?

હૈયું જેને પરજન ગણે, તોય હૈયું મિલાવી,
હોંશે હોંશે સ્વજન કરરતાં ગાઢ ભાવે વિશેષ
હેવા થાતો જીવનભરનો ધર્મ, ઇચ્છા-અનિચ્છા;
તો તો જોજો જરૂર કરુણા મૂર્ત રૂપે હશે ત્યાં !

**18: ડિસેમ્બર : 1935**

# તમારા વિના

અને કદીક સ્વપ્ન હોય? ક્યમ સત્ય આ સંભવે
પળેપળ પડી ખડી, અસહ બોજ માથે ધરી,
અજાણ પથમાં સદા ભટકવું તમારા વિના?

જતાં ક્યમ રહ્યાં કહો પરમ મુગ્ધ ભાવે હજુ
તમે નયનતેજ ને વિશદ જ્યોત કામાર્યની,
ધીમે ટમટમંત આ જીવનદીપમાં પૂરવા
-અઘોર તમચૂડમાં શબ સમાન નિઃશબ્દ આ
ભીંસાઈ મમ આસપાસ પથરાયલી સૃષ્ટિમાં
પ્રકાશ ધરવા- પ્રફુલ્લ પમરાવવા પ્રાણ એ
કરે કર મિલાવીને મમગૃહે પધાર્યા અને?

અને તિમિર ઘોર કાં? સ્મરણ માત્રમાં કાં તમે?
સ્મરી ફરી ફરી સ્મરી ફક્ત ઝૂરવાનું ક્યમે?
સુહાગી સ્મિતની છટા, નયનતેજ યે ભવ્ય ક્યાં?
ક્યહાં સુખસમુદ્ર શો પ્રણય આપનો ને ક્યહાં
સનાતન વિયોગજન્ય ઉરદાહનું દુઃખ આ?

હશે નવ શું સ્વપ્ન એ ? શી વિધ સત્ય આ સંભવે :
કલોલ કરતો રસાર્દ્ર મમ બાગ દાવાનળે
વિનષ્ટ પળમાં બની; અહહ-ભસ્મ આંહી તહીં
ઊડી પથ અદીઠમાં નયનને રૂંધે ઝાપટે!

ન જાણું પથ કેટલો ? મજલ ખેડી વા કેટલી?
ન જાણું કદિ પ્હોંચશું પથની પાર વા ડૂકશું?
ન જાણું વ્રણ રૂઝશે વકરશે જે વા એ વધુ?
ન જાણું-પણ જાણું હું મજલ ખેડવાની હજુ!

અને વિજન વાટ, ખેપ અતિ દીર્ઘ તો શીદ હું
રડી વિફળ તાહરા દરસ કાજ ઝૂરી મરું?
શું કામ નયનો થકી વહવી કાવ્ય કારુણ્યનું
ધરાતલ અદીઠની સુભગ રંગરેખાવલી
તણી મધુરતા અકલ્પ્ય વણસાડવી; વ્હાવતાં
સહસ્ત્રશત ધારથી હૃદયઘાવને આંસુમાં?

તમે શિવસ્વરૂપિણી સરિત શાં તરુઓ, તટો,
અનેક ધનધાન્યનાં જળવિહીન ક્ષેત્રો, ધરા
સુપુષ્ટ કરતાં વહી; અધવચે જ મૃત્યુ તણા
અખૂટ રણમાં ભળ્યાં ; વિમલ સેર છેલ્લી ય તે
રસાર્દ્ર કરવા ધરી જીવન તપ્તને, તો પછી
ન મંગલ લહું કશેઃ જ્યહીં સમર્પણ સ્વત્વનું
તમે પ્રિયતમે ! ત્યહીં ; ચિર વિયોગ કેરી વ્યથા
શું કામ સહવી પડે સ્વપ્નમાં ય મારે હવે!

**6 : જાન્યુઆરી : 1936**

# જીવનસ્વપ્ન

નિત નવા રસરંગથી રેલતી
પુનિત શાશ્વત બ્રાહ્મ સમી ઉષા,
સલિલની મૃદુ સેજ થકી રહે
નિજ કરે મુજ અંગ સુષુપ્તને
-કમળને પ્રતિદિન જગાડતી.

સ્વરહિલોળથી કૈંક હીંચોળતા
વિહગના ગણ, ને અવકાશમાં
પરમ જ્યાં નભલોચનિયું લસે
સકલ પાંદડી પ્રાણ ભરી હસે.

શિશુ મટી જ્યમ યૌવનમાં ભરું
પગલી, ને રૂપ, રંગ, કલા, બધી
વિકસતી નિજ આત્મ તણી તદા,
કુસુમસત્ત્વ શી ગંધ મહીં મને,
જળ મહીં નિજ કાય ઘડાય ને
પરમ પ્રેમ પવિત્ર તણા રહે
જળની આત્મ વિષે બસ ! ઝંખના.

અલકની લટ ઇન્દુમુખી તણા,
ફરકતી મૃદુ ગૌર લલાટ પેં,

ભ્રૃકુટિભંગની રૂપકલા ગૂંથી
ચટુલ નેનની જ્યોત સદા ચૂમે.

નિજ કરે કદિ કોઈક આવીને,
પ્રિય તણી લટ લોલ વિલોલમાં
ચૂંટતું ગૂંથણ કાજ, અને પછી
દિન જતાં લટ, લોચન એ કરે
પરમ પંથ પરે પરિયાણ ને
પ્રીતમ તો મુજ દેહતણી બધી
સુકલ પાંખડી-ભૂતની સંસ્મૃતિ
હૃદય સાથ જડે, ઉરવેદના
નયનથી સહુ નીંગળતી રહે!

અગર તો શિવશીર્ષ પરે કદિ
યજન કાજ જવું, : પછી ભક્તના
નમણ થૈ દ્વય નેનની સાથ હું
પલળતું રહું અશ્રુ અમ્લાનથી!''

સ્વપ્ન અંતરમાં વિલસી રહે
દિન પ્રતિદિન આત્મવિકાસનું.

દિન વીત્યા કંઈ એમ ઉલાસમાં
મન મહીં 'કદિ કોઈક આવશે
સ્વજન' અંતર આશ ભરી છતાં
પદરજે ય કદી નવ ન્યાળવી !

ક્ષિતિજલોચનિયું ધખતું ગયું,
ધખતી અંતર આગ જ ગ્રીષ્મની
દુબળી કાય થઈ સરની, બધું
સલિલ જીવનનું છીછરું થયું.

સ્વરઝૂલો, રસરંગની ઝાંઝરી,
રૂપકલા, લટ, લોચન, લાલિમા
વહી ગઈ; રહી અંતરના દલે
ચિર વિષાદની શ્યામલ શાશ્વતી
પ્રસરતી ઘન છાંય અને-અહ!
કમળની કૂંણી કાય ઢળી પડે
ભસમ અંતરમાં ભરી સ્વપ્નની!

જીવન સ્વપ્ન સમું થયું તો ય તે,
સ્વપન જીવનનું નવ કાં ફળ્યું?

**21 : જાન્યુઆરી : 1935**

# માનવ વૃક્ષ

ને ઝીલતાં અમૃતધાર ચંદ્રની
વસંતના માદક વાયુ સંગ સૌ
હસ્યાં હશે પલ્લવ, મર્મરધ્વનિ
કરી; અને રંગ છટા રૂપાળી
શિરે ધરી ઇન્દરચાપ કેરી
લસ્યાં હશે કો દિ; હશે ઉષાનાં
રસાર્દ્ર ને શાશ્વત કાવ્ય માંહી,
શાખા, કૂણી કૂંપળ, પર્ણ, પુષ્પ
ડોલાવતાં કાય અભંગ તાને
આ વૃક્ષની કોક સમે જરૂર !

ને ગૂંથવા કેશકલાપ માંહી,
ચૂંટી હશે મંજરી કો વધૂએઃ
સુકોમળી કો મદલોલ માધવી,
મિટાવવા એકલતા ય એની
હશે વીંટાતી, કલ કોકિલાએ
ક્યાં હશે ઐક્ય વધાવવા એ.

ને વૃક્ષ એ આંગણ આજ મારે
ઝડી સહી કાળ તણી અસહ્ય,

સૂકું અટૂલું રસરાગહીન
થઈ ઊભું લુપ્ત થવા પળે પળે.

ઉદ્યાનમાં વિશ્વતણા વિશાળ
મને થતું-
ન તું ય શું માનવવૃક્ષ જેવું?

કૌમાર્યની નિર્મલ ભવ્ય ભાવના,
અને યુવા-ની રસરૂપઝંખના,
ને પ્રેરણા મંગલ, વીર્ય, પ્રેમ
ભરી, ઘટા શાં નિજ અંગ અંગમાં
લસે; તદા વજ્રઘાવ કાળના
પડે અને નિર્બલ ને વિરૂપ
બની, પડી આથડીને જરા-માં
નિહાળવા વૃક્ષની પેર નાશ ના
પડ્યો રહે અર્ધ પથે જ માનવી?

આ પંથ શું? જીવન શું? શું કાળ?
શું વિશ્વ આ સ્વપ્ન નિગૂઢ છે કો?
નિસર્ગનાં તત્ત્વ નિસર્ગબાળ
કને ય શું ભેદ કદી ન ખોલતાં?

અનંત ઊર્મિભેર ને અગાધ,
ઉલેચવો સાગર કેમ ખોબે?

ને આંગણું વ્યોમ તણું વિશાળ
ડગે ડગે પાર શી રીત પામવું?

ઠૂંઠા ! અજાણ્યા અહ ! જ્ઞાનથી એ
બન્ને, હું તું; તો નવ યોગ્ય એ કે
સંકોરીને જીવનજ્યોત જ્યારે
અન્યોન્ય ભીડી બથ, દીર્ઘ નીંદમાં
શિરે ધરી સ્હોડ સુવર્ણ રંગની
સૂશું; તદા જીવનબાગ માંહી
ઉકેલશું ભેદ શું વૃક્ષ? માનવી?

19ઃ સપ્ટેમ્બરઃ 1935

# જીવન શું ?

જીવન શું ભવસાગરમાં પિતા!
જળપ્રમગ્ન પ્રચંડ પહાણથી
પ્રતિતટે, નિજ નાવ સમાલીને,
લલિત નૃત્ય તરંગનું ન્યાળતાં,
તવ પદે ઢળવા મળ્યું માત્ર ને?

ક્યમ હું માત્ર વદું? ચતુરાઈ ને
ખરચવી નવ શક્તિ પડે બધી?
સુખદ પંથ વિશે ય સમુદ્રના
ખુશાખુશાલ મુસાફરી માણતાં
ઉઝરડો કદિ જો જરીયે પડે
મૃદુલ કાય મહીં; વ્રણ એ પરે
સલિલ છોળ તદા ઝીલી અબ્ધિની
સહવી પીડ ન લૂણ તણી પડે?

તવ પદે ઢળી ધન્ય થવા નહીં
અડગ નિશ્ચય, હિંમત, દક્ષતા,
બળ અથાગ ઘટે તનમાં ભર્યું?
ત્યમ છતાં વદી 'માત્ર' હું મૂર્ખ શે
મલકતો! કહું? -એકલ આત્મનો
નવ શું સ્વાર્થભર્યો પુરુષાર્થ એ?

અવર નાવ અનેક ભવાબ્ધિમાં,
થથરતાં નિરખી નવ તાંડવ
અનિલનું? યમદાઢ સમા પડ્યા
જળ તળે કંઈ પ્હાણ ગળી જવા
પથભૂલ્યાં સહુ નાવઃ અજાણ કો
નવ વિદીર્ણ થતાં પટકાઈને?

સહીસલામત જાત સમાલીને
નિરખવો અહ-! નાશ જ અન્યનો
નવ અયોગ્ય? ન ઉત્તમ તેથી તો
સહીસલામત પંથ બનાવવા
અવરનો, અધપંથ વિશે તનુ
જળપ્રમગ્ન પહાણ પરે ધરી,
સૂચક સ્થંભ થવું મરવા પછી?

**18ઃ ડિસેમ્બરઃ 1935**

# કવિતાને

હવે રહી અંતર એક ઝંખના
કે ચૂમવા પાદ પ્રફુલ્લ પદ્મ શાં
હું કિંકિણી નૂપુરની બની રહું!
ને ઠાલવું અંતર અર્ચને ભર્યું!

ભલે ન ત્યાં એકલ ફક્ત હોઉં કે,
અનેકમાં સ્થાન હું ગૌણ મેળવી,
ખરીશ અર્ધ ક્ષણમાં! ન કે તમા
પડ્યા પરે એક હજાર આવતાં-
જતાં જનો ઠોકર મારીને મને
મિલાવશે ધૂલિ મહીં કરી કણ!

રહીશ તો સંગ અનેકની ન શું
ચૂમી ચૂમી પણ પ્રફુલ્લ પાદનાં
બનીશ હું ધન્ય? ખરીશ તો ય તે
સહી પદાઘાત અસહ્ય અન્યનાં,
બજાવતાં અંતર મૂક માહરું
બસૂર તો તે ય હું ગીત ગૂંજીને
થઈશ ના ધન્ય?

**7: ડિસેમ્બર: 1935**

# અમે

અઘોર ઘનઘોર રાતઃ બની કુદ્ધ ઝંઝાનિલો
ભમે, વડની ડાળ તોતિંગ ખડે, પડે વૃક્ષ કૈં,
સુષુપ્ત જળ સાગરે ગિરિવરો બનીને ધસે,
પ્રપાત વીજનો વિશાળ નભ ઘુમ્મટે ધ્રૂજવે
અને પ્રલયપાંખની ગતિ પ્રચંડ વર્ષાશરો
ભરી, ધરતીને વીંધેઃ દશ દિશે ધ્રૂજે રાંકડી!

અમે પથ ભૂલ્યા, ભમ્યા, ધરતીયે ઢળ્યા, આખડ્યા,
થયા વિવશ, ભાંગી હામ, દિલમાં ડગી રે, ગયા!
પરંતુ તજ્યું દૂર ઠામ, ડગ ફેરવ્યે શું વળે?
હવે ધપવું એજ ધ્યેય, ન તમા ન આશા ફળે!

ત્યજી ઘરની છાંયઃ ઝાકળભીંજેલ બે ફૂલ શાં
ત્યજી નયન, મિત્ર ને દૃઢ વિછોડી બંધો બધા
ચિરંતન પ્રવાસ-યૌવન પિપાસ-ઓ, ઝંખના!
બની મૃગ રણે ધસ્યા વિફળ પામવા ઝાંઝવા!

ન થાય પથ પૂર્ણ ને અધવચે તૂટે તાંતણો,
થવું ખતમ તે દિ આંબી લઈ પાસનો આંતરો,
બિછાત તનની ધરી, અદીઠ કેડી વા કોતરો
બતાવી, બની કોક કાજ પથચીંધણા પથ્થરો!

**27ઃ નવેમ્બર : 1942**

# છૂંદણાં

ધરતીના રસકસ સુકાણા,
ઉપરથી ભાલાં ઝીંકાણાં
સૂરજનાં ઢોળે શું વળશે
ટીપું પાણીનું?

* * *

ભર વસ્તીમાં જે છેવાડો,
એનો શો કરવો દેખાડો ?
અંતરનાં ઊંડા ઘાવોને
કામ ન વાણીનું!

* * *

આરોગી અમૃત સૌ સાથે,
વખ ઘોળીને એકલ હાથે,
સુખદુખકાવડ મૂકી કાંધે,
ભમવું ભવ વાટે!

**21 : ડિસેમ્બર : 1940**

# પછી રે શાને તને શોધવો ?

હજુ તો ઉંબરે ઊભો હ્યાં અને એવડો લાગ્યો શો બોધ?
આયખું આખું બાકી આ પડ્યું કરજે ત્યારે તું શોધ!
મન મહીં કોડ ઊઠી પોઢતાં,
અગમની કરવાને શોધ;
કેદિરે મારે તને શોધવો?

પછી તો ભમું ભવસાગરે લેવા તાહરો તાગ,
જળને ઊંડાણે કાદવ સેજમાં વડવાનળ આવ્યો હાથ!
દાઝયું રે હૈયું મારું રાંકડું,
કરતાં તાહરી શોધ;
કેવી રે રીતે તને શોધવો?

સઘળાં લઈ ડામ્યા ગાત્ર ને માથે કૂડો બોજ અપાર,
ડગલાં દઉં દેહ સાચવી સૂના સમદરની પાર;
પડખે સુણું પણ જોઉં ના!
અંધાપો યે અનંત?
કેમ રે કરી તને શોધવો?

પડદો છૂટે ને તૂટે બંધનો, બોજ બધો થાયે દૂર,
તૂટલી આ કંથા તે દિ માહરી મલકે ઝીલી તારાં નૂર;

દૂર રે સુણું, જોઉં પાસ હું;
અંતર ધબકે અધીર,
પછી રે શાને તને શોધવો!

**2 : માર્ચ : 1935**

## વર્ષારંભે

હું યાત્રી થાક્યો પગદંડી ઢૂંઢી
ઢૂંઢીને નાનડા પાયે સંતત ઘૂમતા રહી.

ના રે, ધ્વજા, ઝાલર, દીપજ્યોત
આ નેત્ર સામે પલકે; વિરામવા
ઝંખી રહે કાય સમગ્ર ચિત્ત.
હૈયું ભરે ત્યાં સ્વર પ્રાણવંતો,
સંજીવની ચેતન શક્તિ સીંચી;
‘આરાધ્ય અર્ચવા યાત્રી, સાધના સબળી ઘટે!’

વિશ્રબ્ધ ઉરમાં મારા શ્રદ્ધાનું સીંચતાં અમી,
સ્મરીને ધન્ય હું તેને વર્ષારંભે રહું નમી.

13 : નવેમ્બર : 1940

# હું ચહું

સહસ્ર લક્ષ રશ્મિના વરેણ્ય ભર્ગ ઝીલીને,
અખંડ તાત! માહરે પ્રચંડ કો પ્રભાભરી
તમિસ્ર ઘોર ફેડવા જલાવવી ન દીવડી!
ન ઉષ્ણતા ગ્રહી હિમાદ્રિ અંતરે મનુષ્યના
ભર્યા ઊંડા ચહું હું રે, વહાવવા ય ભાસ્કર!

પરંતુ પ્રાણપુષ્પ તેજ ઉષ્ણતા ગ્રહ્ય વિના,
વ્હિલાય કોડ સંગ કે બની હું ફુલ્લ કોઈ દી
હસું, હસાવું અન્યને 'પ્રફુલ્લ પુષ્પ આ ચૂંટો;
ભલેઃ કુમાશ, રૂપ ને સુગંધ માણતાં કહો
પ્રફુલ્લ ચિત્ત એમનાં ય તે થશે ન શું તદા ?

ન પુંજ તેજ ઉષ્ણતા તણા, જરીક દે કણી;
કણી પિતા ! મને થશે મહાન પુંજ જેવડીઃ
વિકાસ સાધવા ચહું ન અન્યનો હું, આત્માનો;
વિકાસ કાજ અન્યના હું રાંકનું શું રે ગજું?

**25 : ઑક્ટોબર : 1935**

# ધારિત્રી

ભૂકંપોના લાખ હૈયે બળે દા',
ખોળો ખૂંદે ઘોર સંહારયજ્ઞ;
નિત્યે આવા વેદનાઘાવ રહેતાં,
શે દીસે મા! નેત્રપદ્મો પ્રસન્ન?

વર્ષા કેરું બાજતું જ્યાં મૃદંગ,
વેણી મધ્યે ગૂંથીને ઈન્દ્રચાપ,
ઢાંકી અંગો સર્વ લીલા દુકૂલે,
નર્તે હૈયે શી ધરી હર્ષછાબ?

તું હૈયામાં વેદના ગૂઢ ભારી,
વ્હાવે ધારા અમૃતા પ્રાણદાત્રીઃ
મા ! દે એવો મંત્ર તું કૈં શિખાવી,
જેથી હૈયે ઘાવ ઊંડા રુઝાવી
અર્પું કૈં જે હોય માંગલ્યકારી,
થાયે ટૂંકી જિંદગી ધન્ય મારી!

**20 : ફેબ્રુઆરી : 1942**

# ટીકા

**પૃ0 3 નોતરું :** પ્રસિદ્ધ થયું 'માધુરી'માં, ઑક્ટોબર, 1940. સાંજની વિવિધ સૌમ્ય શોભાઓથી હૃદયને જગાડી રહેતું ઇષ્ટતત્ત્વનું નિમંત્રણ અને તેને પામવાની વિકટતાનું કરુણ ભાન, એ આ કાવ્યનો વિષય છે. 3 સહસા-ઓચિંતી. 4 અને તારાં નેત્રો મારાં હૈયાને મધુર રમણે નિમંત્રે છે. 7 પંગુ-પાંગળું. 9 લઘુક-ન્હાનું. 12 માનીને- 'બાંધ્યું' સાથે જાય છે.

**પૃ0 4 એંધાણી :** પ્રસિદ્ધ થયું 'કુમાર'માં, અષાડ, 1994. 3 ત્યાં-આવા વિકટ જીવનવિગ્રહમાં 14 ઠેક બજૈયા-હે બજવૈયા, તું મૂંગી ઝાલરને ઠોક. જીવનનાં અનેક અણખેડ્યાં વિકટ કાર્યક્ષેત્રો છે, ત્યાં તારી કલ્યાણકારી શક્તિની ટકી રહે એવી એંધાણી મૂકતો જા. આ (વિકટ, અણખેડ્યાં કાર્યક્ષેત્રોની) મૂંગી ઝાલર પર (તારી એંધાણી રહે તેવી શુભ શક્તિનો) એવો તો ડંકો કરે કે તે ચિરંતન ગુંજારવે (તારી કીર્તિ) ગાઇ રહે કે 'ધન્ય અન્ય કાજે જીવ્યો ભૈયા!' 13 માં આવતા પ્રસિદ્ધ અંગ્રેજી પંક્તિના પડઘા પછી આ સુંદર રૂપકનો વિનિયોગ કવિને ઋણમુક્ત કરે છે.

**પૃ0 5 કોઈ નહિ :** પ્રસિદ્ધ થયું 'માધુરી'માં, એપ્રિલ, 1941. 9 નાયકના (કે નાયિકાના?) પ્રશ્નો ઉત્તર આ વિરલ ભણકારથી મળે છે! બહાર કોઈ આગંતુક છે એવું તીવ્ર ભાન, અને તે પણ કહીકહીને 'કોઈ નહિ' એટલું જ કહે, અને બહાર જતાં આ માત્ર આભાસ ઠરે-વિગતોનું આ આયોજન વિયોગવ્યથા પર બેવડો ભાર મૂકે છે.

**પૃ0 6 : તારાં પગલાં :** પ્રસિદ્ધ થયું 'પ્રસ્થાન'માં. 3-4 'મલકે' પછી અલ્પવિરામ છોડી દઈ 'ગંધ' પછી અર્ધવિરામ વાંચવું; વસંત રૂપ, રંગ વ૰ સીંચીને મલકે છે. 6 બોલે-મણિમેખલાન્યાયે 'ઝરણાં' અને 'પંખી' એ બન્નેની સાથે લેવું. 10 શહાદત-શહીદ થવું તે, આત્મબલિદાન. 16 સ્ફુરે-

અર્થની તેમજ અવાજની દૃષ્ટિએ આ શબ્દ નબળો છે. આ ક્રિયાપદમાં ક્રિયાની જે નાજુકાઈ સૂચવાય છે તે અહીં બંધબેસતી નથી. વળી ‘પૂરે’ સાથે આ શબ્દ અંત્યપ્રાસ બન્યો છે તેથી છંદની દૃષ્ટિએ તેની ત્રુટિ વધારે છતી થાય છે. 19 ઘાટ-આકાર.

**પૃ0 7 સુકાની હો!** : ‘પ્રસ્થાન’માં, ફાગણ, 1998. 5 ધૂંધળી ઝાંખી, મૂંગા... સાદ- ‘નોતરું’ યાદ આવે છે. 20 કેદુનાં-કેટલાય દિવસોથી, ઘણા દિવસથી. કાઠિયાવાડનાં ગામડાંના પ્રયોગો એ ‘ધરિત્રી’ની પદાવલિનું એક અંગ છે. 21 ઇંધણા ચેતાણાં-અદમ્ય ઝંખનાનાં. પહેલી કડીમાં છેલ્લી પંક્તિનો ધ્રુવપદ સાથે અંત્યપ્રાસ મેળવ્યો છે, તે પછીની કડીઓમાં ટક્યો નથી. ગેય કાવ્યોની એક મોટી શોભા તે pattern આકારવિધાન. લયબંધ પણ સહેજ શિથિલ છે.

**પૃ0 9 આંખ્યુંને અણસારે** : અપ્રસિદ્ધ. 1 આંખ્યું-આંખનું યશ્રુતિયુત બહુવચન. કાઠિયાવાડી ગામઠી પ્રયોગ છે. 8 સેજ-શય્યામાં. 9 પિયાસું-પ્યાસનું બહુવચન; તીવ્ર ઇચ્છાઓ. 12 વાવડ-સમાચાર. 14 ‘અડધી રાતે’ પછી અલ્પવિરામ મૂકવું. 22-23 આ પંક્તિઓ કાવ્યના સુંદર ધ્રુવપદને સાર્થ કરે છેઃ આવનારે જતાં જતાં તેની રીત પ્રમાણે ધીરેથી આંખો ઊંચી કરીને જોયું. અને ત્યારે જ નાયિકાએ એ આંખોમાં પોતાને ચિર-પરિચિત આંખોનો અણસાર જોયો. 24-25 અને ત્યારે મોડી મોડી, તેની જન્મજૂની પ્રીતિ વર્તમાનનાં કૃત્રિમ બંધનોને તોડીને ઝબકી-જાગી ઊઠી. વિષયની દૃષ્ટિએ આ કાવ્ય તેમજ ‘કોઈ નહિ’ પ્રો. મનસુખલાલ ઝવેરીના ‘ટકોરા’ (આરાધના, પૃ0 73)ની યાદ આપે, વિશેષે કરીને આ કવિ મનસુખલાલની અસર નીચે ઊછર્યા છે એમ જાણતા હોઈએ તો. પરંતુ આ વિષયની કૃતિઓનું એક આખું ફળ, કદાચ બંગાળી કવિતાની અસરથી, આપણે ત્યાં ઊભું થયું છે. સર૰ સ્નેહરશ્મિનું ‘તે રાતે’ (અર્ઘ્ય), ઉમાશંકરનું નાટક ‘બારણે ટકોરા’, વ૰ વ૰

**પૃ0 11 અદીઠ પગપાની** : પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં, નવેમ્બર-ડિસેમ્બર, 1937.

1 અવમાન-અવગણના. 4 અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. 5 અદીઠ-અજાણી વ્યક્તિની, ચિરઝંખેલી પણ ન પામી શકાય તેવી ઇષ્ટમૂર્તિની.

**પૃ0 12 જતાં રહ્યાં? :** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં, માર્ચ, 1937. 8 તોયે-સંધ્યા આવી મ્લાન, નિરાશા પ્રેરે એવી હતી ત્યારે પણ. 11 વપુ-શરીર. તવ-ત્યારે. 14-17 પહેલી ત્રણ પંક્તિઓને છેડે વિરામચિહ્નો ન વાંચવા. ‘પીવાં’ સુધારીને ‘પીવા’ વાંચવું. સંપુટ-બે હાથના પંજા વચ્ચે પોલાણ રહે તેમ જોડવા તે. અન્વય : અદીઠાં ભવરણનાં ઝાંઝવાનાં નીર કૌમારના મંગલ સંપુટે ઝીલીને પીવા (જવાની) એ આપની વિદાયવેળા હતી. વ. 20 ‘ભગ્નાશ’ પછી અર્થવિરામ વાંચવું. 25 અલ્પવિરામ ન વાંચવું. 27 હસી રહું હું-હસીને મનને મનાવું.

**પૃ0 14 તનેજ :** પ્રસિદ્ધ થયું ‘કુસુમ’માં, માઘ, 1996. આથી જરા જુદું પડતું મનસુખલાલનું કાવ્ય ‘તમે જ’ (આરાધના, પૃ. 33) આનું બીજ હોય તો નવાઈ નહિં. 1 તને જ કાં?- માત્ર તનેજ જોઈને આ ભાવ કેમ ઊઠ્યો ? 2 હજ-સુધારીને ‘હજી’ વાંચવું. 10-13 અલ્પવિરામ ન વાંચવા. અન્વય : (આ બધી મંજુલ સુરાવલિમાં) તારી એકલ અને અજાણ સ્વરરેખામાં જ મારા આત્માનો પ્રતિધ્વનિ કેમ સુણ્યો? 16 અલ્પવિરામ ન વાંચવું. અન્વય : એક જ પ્રણયાબ્ધિઈશ્વરના બુંદોનો હું, તું, અને ચેતનહીન તત્ત્વો પણ સમૂહ છીએ. 22 વિરાટકાયાકણ-વિરાટ કાયા એજ કણ એમ લેવું પડશે. 26 સોહી-- ‘સોહી’ જોઈએ. 27 અન્યાશ્રયે--કવિને ‘અન્યોન્યાશ્રયે’ અભિપ્રેત હોય. 33 અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. 30--34 અન્વયઃ મારા ઉરની ચેતનાને,--પ્રભુરૂપ પ્રેમના પ્રદીપની પનોતી પ્રભાને, (તારા જીવનના) કુંઠિત વર્તુલે પૂરી સગર્વ મ્હાલવું? 37 દ્વિધા-શિથિલ પ્રયોગ છે. દ્વિધા એટલે બે રીતે, પણ કવિ ‘બેવડા બળથી’ એમ કહેવા માગે છે. જીવનજાહ્નવી ગ્રહી- ‘જીવનજાહ્નવીમાં મળીને’ એમ કવિને અભિપ્રેત હોય; આ અને બીજાં

શરૂઆતનાં કાવ્યોમાં લાંબા, પ્રવાહિત વાક્યોચ્ચયો સાધવા જતા ઉદ્ગાર શિથિલ થઈ જાય છે.

**પૃ0 17 રાજેસરની દેરીઓને :** પ્રસિદ્ધ થયું 'પ્રસ્થાન'માં, જેઠ 1995. રાજેસર-કાઠિયાવાડમાં હળવદનાં સ્મશાન પાસે સેંકડો ખાંભીઓ અને દેરીઓથી છવાયેલું મેદાન છે. 1-2 ધોરતી અઘોર ઉર નિંદને-પુનરુક્તિ થાય છે. 3-4 'ફિક્કી'નો 'ઝબકી' સાથે વિરોધ થાય છે. 5 અડીખમ-આપત્તિઓની અસર ન થાય તેવાં, અણનમ. 8 ઊભા યુગ અનંતથી ! -ઉપર 'જરીક થાક લેવા ઊભાં' એ પંક્તિખંડમાં પાળિયાઓને જોઈને યાદ આવી જતા શૂરવીરોના જીવનસંગ્રામોથી થતો કવિના મનનો ક્ષણિક આભાસ વર્ણવાયો. 13 પડ-પટનું રૂપાંતર છે. ઉત્તર કાઠિયાવાડમાં, કદાચ કચ્છની અસરથી, પટ શબ્દ મેદાનના અર્થમાં વપરાય છે. 16 રાખનો 'ભીંસાય ભરડો ઉનો ધરતીની પરે' એ વર્ણન યથાર્થ નથી. 17 નિઃશૂન્ય- 'તદ્દન સૂનું'ના અર્થમાં વપરાયું છે. 18 વર-શ્રેષ્ઠ. 'વર પડોશી'માં બે અતિભિન્ન પદાવલિનો વિરોધ થાય છે. 24 સાથરે-સાદડી ઉપર. 25 વિશ્વકૌટિલ્ય-જગતની કુટિલતા. 30-35 કોઈ અકલ્પ્ય રીતે આ સ્થળ આકર્ષે છે એમ એમ કહેવા માટે આ પંક્તિઓ બહુ નબળી છે. અકળ-ન કળી શકાય એવું. 37 ધણપાદરે-પાદરે, જ્યાં સવારે અને સાંજે ધણ એકઠું થાય છે. રીડ-મદદ માટે ચીસ નાખવી તે. કા0 ગા0 પ્ર0 39 નીંગળતું-નીકળતું, ટપકતું. 41 ઘરચોળું-સ્ત્રીઓને પહેરવાનું લાલ રંગનું, ભાતવાળું, કિંમતી વસ્ત્ર. 47 'તેવા'ને સુધારીને 'તેવાં' વાંચવું. આ પંક્તિ શ્રી. રામનારાયણ પાઠકની 'ધરો અગરુ દીપ ચંદન ગુલાલને કુંકુમ' (શેષનાં કાવ્યો, પૃ.19) એ પંક્તિના સંસ્કારે ઘડાઈ હોય એવું લાગે. 41-48 લગ્ન સમયે અગ્નિની સાખે આપેલાં વચનોના બંધનને છોડીને સ્વામીને મૃત્યુપંથે જતો જોતાં, ચિતા પ્રગટાવવાનો અગ્નિ લઈને પાછળ પળી. 53 પડઘી-ઘોડાના ડાબલાના પડઘા. 60 ધાડિયું-લૂંટારા, બહારવટિયા

વ0 નું મોટું ટોળું. 64 અહીં વૃત્તની દૃષ્ટિએ ‘અંજલી,’ ‘ભૂમી’, જોઈએ. જોડણી પણ આડી આવતી નથી. સંકૃતમાં આ અને લહરી, મંજરી, વેણી, સુરભિ, ભાવી, વગેરે અનેકાનેક શબ્દોના અંત્ય સ્વરમાં લઘુગુરુનો વિકલ્પ છે. એટલું જ નહિ, સંસ્કૃતના પદ્યબંધમાં સંધિ, સમાસ થડ-કાર વ0 નો લાભ ઉઠાવીને કવિઓ શબ્દના છેલ્લા સ્વરને સાચવી લેતા. એથી ઊલટું, ગુજરાતીમાં શબ્દનો છેલ્લો સ્વર અત્યંત વિકારશીલ છે, આવા સ્વર સાચવી લેવાના રસ્તા નથી, છતાં જોડણીના જે વિકલ્પો સંસ્કૃતમાં મળે છે તે પણ આપણે લેવા બંધ કર્યા છે. આપણે ત્યાં યુનિવર્સિટીના શિક્ષણથી અંધાધૂંધી થઈ ગઈ અને ચોકસાઈ આવી તેનું પહેલું દર્શન નરસિંહરાવમાં થાય છે. સાથે સાથે આપણા પ્રશ્નપૂરતું તેનું ‘સંકોચક બળ’ પણ ‘કુસુમમાળા’ના અર્પણકાવ્યના ‘કોટિ’થી શરૂ થાય છે. ‘તરણી’ની જોડણીમાં વિકલ્પ છે છતાં કાન્તનું ‘સાગર અને શશી’ ઉતારતાં એ બન્ને વિકલ્પો સાતે લઘુગુરુ ચિહ્ન યોજે છે. (જુઓ એમનાં મનોમુકુરો). એ ઉત્કટતા, આ શબ્દો પૂરતી આજે આપણા બધાજ કવિઓએ સ્વીકારી છે. આ કવિ એજ ચીલે ચાલ્યા છે. 66 આ લીટીમાં ‘તન’ યોગ્ય નથી.

**પૃ0 21 શકુંતલાઃ** પ્રસિદ્ધ થયું ‘નવચેતન’માં ફેબ્રુઆરી, 1941. આ કાવ્યને કવિએ ચાર વિભાગમાં રચ્યું છે; પહેલો વિભાગ દુષ્યંત શંકુતલાનો સભામાં અસ્વીકાર કરે છે ત્યાંથી શરૂ થાય છે. તે પછી તેમાં દુષ્યંતના પ્રણયનો ઉદ્ભવ અને પછીની વિસ્મૃતિનું સૂચન છે. બીજો વિભાગ પંક્તિ 47 થી શરૂ થાય છે, તેમાં કવિ દુર્વાસાનો શાપ, શંકુતલાનું વિરહ અને આશંકાભર્યું આશ્રમજીવન, વિદાય, અને ફરીવાર અસ્વીકાર વર્ણવે છે. એ રીતે કાવ્યના ઉપાડથી તે અહીં સુધી વિષયનું એક ચક્ર પૂરું થાય છે. ત્રીજો વિભાગ પં. 132થી શરૂ થાય છે. તેમાં અસ્વીકાર પછી શંકુતલાના જીવનનું સૂચન છે. ચોથો વિભાગ પં. 148થી શરૂ થાય છે. તેમાં ‘પૂર્વના સ્મરણો’થી

દુષ્યંતથી દુષ્યંતની વ્યાકુળતા, અને છેવટે શંકુતલાનું મિલન વર્ણવાય છે. આ પ્રમાણે કાવ્યમાં કોઈ એક પ્રસંગ કેન્દ્રરૂપ થતો નથી. આ કાવ્યની રચના શ્રી. મનસુખલાલના ‘મહાપ્રસ્થાન’ (આરાધના, પૃ. 135)ની રચના સાથે સરખાવવા જેવી છે. તે કાવ્યમાં યુધિષ્ઠિરના મહાપ્રસ્થાનના નિશ્ચયને સમજાવવા માટે મહાભારતના અનેક પ્રસંગોનું સ્મરણવર્ણન આવશ્યક બને છે. કવિ યુધિષ્ઠિર પાસે સુતેલી દ્રૌપદીને સ્મરણોનું ઉદભવસ્થાન બનાવે છે, અને panoramaની એક પદ્ધતિનો-પશ્ચાદર્શનનો વિકટ ઉપયોગ કરીને પાત્રની-યુધિષ્ઠિરની આંખોથી જ એ લાંબી સ્મરણમાળાનું ગ્રથન કરે છે. તેથી એક જ પ્રસંગ પર કાવ્ય માંડવાની તેમની પ્રતિજ્ઞા તુટતી નથી. એથી ઊલટું, આ કાવ્યમાં કવિ પોતેજ સ્મરણો મૂકે છે. તેથી, કદાચ, આ કવિને, પ્રો. ઠાકોર જેને પ્રસંગકાવ્ય કહે છે (જુઓ નવીન કવિતા વિષે વ્યાખ્યાનો, પૃ. 101-2) તે નહીં, પણ એક પ્રકારનું અંજલીકાવ્ય જ અભિપ્રેત હોય...6 ગૂંજે-સુધારીને ‘ગુંજે’ વાંચવું. 8 અંતર્ગૂઢ-અંતરમાં છુપાયેલું. 13 અટ્ટાટ-સુધારીને ‘અટ્ટાટ’ વાંચવું. અટ્ટાટહાસ એટલે ખડખડાટ હસવું તે. પંક્તિને અંતે પ્રશ્નવિરામ ન વાંચવું. 16 પંક્તિને છેડે અવતરણચિહ્ન મૂકવું. 18 પંક્તિને છેડે અર્ધવિરામ ન વાંચવું. 30 બન્યા-સુધારીને ‘બન્યા’ કરવું. અડાબીડ-બહુ જ મોટાં. 31 મધુશ્રી-વસંતની શોભા. 35 કલધ્વનિ- (પંખીનો) મીઠો અવાજ. 42 પંક્તિને અંતે અર્ધવિરામ ન વાંચવું. 44 કંડારતો-કોરીને ઘાટ આપતો. 47 પુંસ્કોકિલો--નર કોકિલો. 49 એલાવેલ-એલચીનો છોડ. 50 માધવશ્રી--વસંતની શોભા. 53-55 લીટીઓને છેડે વિરામચિહ્નો ન વાંચવાં. રસરાજ--વસંત. 59--60 ઉપેક્ષા--આતિથ્યમાં બેદરકારી સહેવી પડે તેવી કો સુલભપ્કોપનો--પ્રકોપ સુલભ છે, સહેલો છે, એવા દુર્વાસનો રોષ ભભૂક્યો. 64 લીટીને છેડે અલ્પવિરામ ન વાંચવું. 68 સતત--સતત. ઘૂમતા-સુધારીને ‘ઘૂમતો’ વાંચવું. 71 જલ--ઉપર વર્ણવેલું ભાગ્યનું જળ. સંગમોત્સુક--

મળવાને આતુર. 72 ઉરગાથા-મનની વાત; શંકુતલાએ કમળના પાન પર લખેલો સ્નેહસંદેશો. 74 નિરોધી--રોકીને. 78-79 વાક્ય શિથિલ છે. 87 ફેંકી--ઠીક નથી. 93 કાષાય--ભગવું. 95 શમિગર્ભ--શમીવૃક્ષમાં રહેલો. 96 ધૂમાકુલિત--ધુમાડાથી અકળાયેલી. 103 દીર્ઘાપાંગ-જેની આંખના ખૂણા લાંબા છે તે, અહીં શકુંતલાએ પાળેલા મૃગબાળનું નામ. 110 અંતસ્તલથી-હૃદયના ઊંડાણથી. 118-120 પક્ષ્મોની-પાંપણોની. પ્રતિરૂપો (images માટે પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો શબ્દ)ના આયોજનમાં અસાધારણ સચોટતા જોઈએ. અહીં ‘પક્ષ્મોની પાંદડી’, ‘કપોલપલ્લવે,’ ‘હસ્તનાં પત્રે,’ અને વચમાં ‘નેત્રનાં દ્વાર’, એ પ્રયોગોમાં એક પ્રકારની પલ્લવગ્રાહિતા આવે છે. 123 અર્ધવિરામ ન વાંચવું. 128 અંગુલીક-વીંટી. 219 છલના-છેતરપિંડી 141 લીટીને છેડે અર્ધવિરામ ન વાંચવું. 145 રસાળીને-રસમય કરીને. આ કવિનો personal idiom- અંગત પ્રયોગ છે. 146 ગૂંજતા-સુધારીને ‘ગુંજતાં’ વાંચવું 151 જ્યોત્સનાને-વનજ્યોત્સ્નાને. વેલીનું નામ છે. 160 લાસ્ય-સંગીત સાથેનું નૃત્ય 166 ગ્હેકં-ટહુકતો શિખંડી-મોર 167 નવાંબુદોની-વર્ષાના આરંભે નવું જળ ભરી જતી વાદળીઓની 168 સૌદામિની-વીજળી. 170 નતમુખે-નમેલે મુખે 175 ઉરભૂ-હૃદયભૂમિ. 183 ‘અંભોધિ મૌક્તિકો અર્પે, બજાવે નિત્ય ઝાંઝરી’ (ફૂલદોલ પૃ0 55) એ મનસુખલાલની પંક્તિના સંસ્કાર જાગ્રત થાય છે. 185 અર્ધવિરામ ન વાંચવું. 191-193 કેવળ પ્રશ્નોથીજ આગળ વધવા જતાં કેવી નબળાઈ આવી જાય તેનો આ નમૂનો છે. 196 સ્ફુલિંગ-તણખો. 204 વ્રતશુદ્ધશીલા-વ્રત વડે શુદ્ધ જેનું શીલ છે તેવી. 205 અર્ધવિરામ ન વાંચવું.

**પૃ0 31 તુજમાં શું એવું ભર્યું:** પ્રસિદ્ધ થયું ‘પ્રસ્થાન’માં પોષ, 1996.

**પૃ0 32 અભિસાર:** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં, નવેમ્બર 1936. કવિએ અહીં રવીન્દ્રનાથના ‘કથા ઓ કાહિની’ના એક કાવ્યનો આધાર લીદો છે. જુઓ

યુગવંદના પૃ 0 99. એ કાવ્ય પણ રવીન્દ્રનાથના એજ કાવ્યનો અનુવાદ છે. શ્રી. મેઘાણીના કાવ્યમાં પ્રાચીનતાની સૌરભ ઊઠે તેવાં પાત્રોનાં નામ, સ્થાન, પ્રસંગ, ઋતુ, ફૂલો અને વસ્ત્રના રંગાદિનો પણ નિર્દેશ, એ બધું છે. આ કાવ્યમાં એ સહુ છોડી દેવાયું છે તેથી તેમાં સ્પષ્ટતા અને પ્રકાશ નથી રહ્યાં. બીજી બાજુએ જોતાં આ કાવ્યનો આરંભ, તેના અંગોનું ગ્રથન, અને એક બે સ્થાન બાદ કરતાં તેનો સંક્ષેપ તેને કથાનુંજ રૂપ ન આપતાં કાવ્યનું રૂપ આપે છે. 3 ગૂંજી-સુધારીને ‘ગુંજી’ વાંચવું. 8. અર્ધવિરામ ન વાંચવું 12 રૂપગર્વિતા કો-શ્રી. મેઘાણીના કાવ્યમાં ‘વાસવદત્તા નામે કો પુરવારાંગના’ છે. 14 કંથ-કાંત. 18 ‘ક્યમ’ને અવતરણ ચિહ્નોમાં મૂકવું. 24 યોગી-મૂળમાં ‘સંન્યાસી ઉપગુપ્ત’ 27 અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. 28 ગુરુવિરામ છોડી દેવું. 25-34 કદાચ અહીં શ્રી. મેઘાણીનું કાવ્ય વધારે સુંદર છે. 37 એષણા-ઇચ્છા. 47 ‘પરાગ’ પછી અલ્પવિરામ ન વાંચવું. 39-52 અહીં પણ, આદિ અને અંતનાં અભિસારચિત્રો વચ્ચેના અંતરનો શ્રી. મેઘાણીના કાવ્યમાં વધારે સારો ઉપયોગ થયો છે. 53--54 શ્રી. મેઘાણીના કાવ્યમાં ‘વર્ષ પૂરું નથી વીત્યું’, છે. અભિસારિકા તેના યૌવનમાં જ શીતળાનો ભોગ બને છે. 55 આ પંક્તિ પહેલાં વિભાગસૂચક તારકચિહ્નો હોવાં જોઈએ. 75--76 અંતનો સંક્ષેપ ધ્યાન ખેંચે છે.

**પૃ0 36 ચંદ્રા :** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં, નવેમ્બર, 1936. શરદચંદ્રના ‘દેવદાસ’ના બોલપટ પરથી. 8 તમો--અંધારાં. 28 અંધારું ચીંધવા કાજે-સચોટ પ્રયોગ છે. 36 ને એ? - અહીંથી પૃ0 79 સુધી વર્ણનનો વિષય દેવદાસ બને છે. 37 વાડવાગ્નિ-વડવાનલ. 53 વિદીર્ણ--ભાંગી ગયેલું, ચીરાયેલું. 63 ‘તનવેલડી’ પછી ‘આભે’ ઠીક નથી. 96 એમનાં--સુધારીને ‘એમના’ વાંચવું. 102 વળી જે તેના બીજા જીવન જેવી હતી તે, પાર્વતી.

107 ભગ્ન શી--ચંદ્રા.

**પૃ0 42 ચિર વિયોગ :** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં, ડિસેમ્બર, 1939. 2 અર્ધવિરામ ન વાંચવું. 13 ટૂંકો ગાળો--બે પંથો વચ્ચેનું અંતર.

**પૃ0 43 ગયો નવ હું હોત તો :** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં ઑગસ્ટ, 1936. 4 અંગપે-- અંગ ઉપર. 9 નવી--નાડી. કિંકિણી--ઘૂઘરી. 14 મૃતપ્રાય-- મરવાની અણી પર આવેલાં. શા--સુધારીને ‘શાં’ વાંચવું.

**પૃ0 44 પ્રગતિ :** પ્રસિદ્ધ થયું ‘કુમાર’, વૈશાખ, 1994માં. 2 અર્ધવિરામ ન વાંચવું.

**પૃ0 45 મુકામ ભણી :** અપ્રસિદ્ધ. શરૂઆતનાં કાવ્યોથી આ કાવ્ય કેટલું બધું જુદું પડી જાય છે ! પહેલી ચાર લીટીઓ વાંચતાં મનસુખલાલની

‘અનંત અવકાશમાં પ્રબળ પાંખ વીંઝી જતો
ઉડી ગહન કાલ મુક પદરેખ પાડ્યા વિના’, (ફૂલદોલ પૃ.73)

એ સમર્થ પંક્તિઓ યાદ આવ્યા વિના ન રહે. પણ આ કવિએ એ પાંખની વિગત ઉપરથી અહીં કાલ--ખગરાજનું એક સંપૂર્ણ પ્રતિરૂપ સર્જ્યું છે. વળી ત્યાં તો કાળ માત્ર નાટકના સૂત્રધારની જેમ કાવ્યની શરૂઆતમાં જ છે. અહીં કવિના મનની રંગભૂમિ ઉપર એ આખા કાવ્યમાં હાજર છે; એટલું જ નહીં, એ મુખ્ય પાત્ર છે, અને એને સંબોધીને જ કાવ્ય આગળ વધે છે; અને એની પાંખને-કાળના બળને કવિ ‘મુકામ ભણી’ પહોંચવા માટે પોતાનું સાધન બનાવવા માગે છે. વિશેષે, ચોથી પંક્તિ કવિનું ગાંઠનું જ ગોપીચંદન છે. ‘ગ્રહી અકળ છાંય એની’ એ પ્રતિરૂપને પક્ષે જેમ સાચું છે તેમ ભાવપોષણને પક્ષે પણ સચોટ છે. ‘ધરતી વ્યથાથી હસે’નું સંકુલ, વિરોધભર્યું સત્ય કાંતની ‘વૃત્તિની કૈં ખબર ન પડે એ પ્રમાણે હસે છે’, એ ‘કલ્પના અને કસ્તૂરીમૃગની અપૂર્વ પંક્તિની લગભગ બરાબરી કરે છે. 10

કહે--5 ના 'કાળ !' સાથે લેવું. 12 ડુમાય-ડૂમો પરથી ક્રિયાપદ. 36 આ લઘુક ખંડ--પંક્તિ 11 નો 'જીવનખંડ'. 42 ધરબી-પોતાની સાથે જડી દઈને.

**પૃ0 47 તમને:** પ્રસિદ્ધ થયું 'ઊર્મિ'માં, ઑગસ્ટ, 1939. 2 આ ઘાવો સુંવાળી પાંપણ અડકશે તે પણ નહીં સહે.

**પૃ0 48 નવજીવન:** અપ્રસિદ્ધ 3 અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. 4 મંદ્ર--ગંભીર. 7-8 'આશાનાં અનેક સ્વપ્નો'ની એમ ભાવાર્થ છે. 14 વરેણ્ય--પસંદ કરવા જેવું, શ્રેષ્ઠ.

**પૃ0 49 તમારી આંખ:** અપ્રસિદ્ધ. 3 ઠામથી-ઠેકાણેથી. 5 કલાપી યાદ આવે. 6 ચખતણી--આંખની. ચખતણી ચાદર-મારી નજરરૂપી ચાદર તમારા સ્વાગતાર્થે તમારા પંથ ઉપર બિછાવી દીધી. આ તોફાની અતિશયોક્તિ આવા કાવ્યને પોષક બને છે. આ કાવ્યની શ્લોકરચના પણ અત્યંત અનુકૂળ છે. 7 નજરૂ--નજરનું કા0 ગા0 બહુવચન. 9--10 માંડતા-સુધારીને 'માંડતા' વાંચવું. આમ છતાં આપ તો મારી કશી પરવા વિના, મારી ચાદરને પણ ગણકાર્યા વિના, -- આંખ સાથે આંખ પણ મેળવ્યા વિના, ફાવે તેમ, પોતાને જ રસ્તે ગયાં. 13 પાયલ--ઝાંઝર. 14 અર્ધવિરામ ન વાંચવું. 16 સમૂળા--તદ્દન, મૂળમાંથી. જ્યાં આટલા જ અનુભવથી કારી ઘા વાગી ગયો હોય ત્યાં માત્ર પાયલના સૂર સંઘર્યે શું વળે ?

**પૃ0 50 હું અને એ: અપ્રસિદ્ધ.** 4 હું યે તે--જેને પાછળથી તેના જીવનની ઘૃણા, વેદનાનું ભાન થયું તેવો હું પણ. 6 અરણિ--એક વૃક્ષનું નામ છે. બહારથી લીલુંછમ છતાં તેની અંદર અગ્નિ રહેલો હોય છે એવી માન્યતા છે. અગ્નિપેં--એના, વારાંગનાના જીવનની, હૃદયની અગ્નિ જેવી વ્યથા ઢાંકીને. 10 લઠપઠ-હૃષ્ટપુષ્ટ. 16 અજર--જૂનો ન થાય તેવો. 23--32 એના હૃદયમાં પણ કુલસ્ત્રીઓના જીવનના ઓરતા જાગે છે પણ એ સ્વપ્નોના સંભવનો

ભૂતકાળે નાશ કર્યો છે. 24--26 જ્યોત્સના લટમાં કળા ગૂંથીને સૂતી હોય ત્યાં ચંદ્ર આવે એ વર્ણનમાં વિરોધ આવે છે. શરૂઆતનાં કાવ્યોની કેટલીક ક્ષતિઓમાંની આ એક છે. 28 વેલ--અંગની. 33 મુંજા-ભાષી--મીઠો અવાજ કરતી. 35 સંધ્યાઘેરું--અહીં દિલગીર.

**પૃ0 52 ઊર્મિલા :** પ્રસિદ્ધ થયું ‘કુસુમ’માં જેઠ--આસો, 1996. ઊર્મિલા--લક્ષ્મણની પત્ની. સર0 બોટાદકરનું આ પાત્ર પર કાવ્ય. 11 સંકોરીને--સંકોડીને, સંકોચીને. 16 પૂંજ-સુધારીને ‘પુંજ’ વાંચવું. 18 ‘ઊર્મિલા’ વાંચવું.

**પૃ0 53 જસમા :** પ્રસિદ્ધ થયું ‘કવિતા’માં. સિદ્ધરાજ અને જસમા ઓડણ વિશેની દંતકથા પરથી રચાયું છે. 1 કૃતાંત-યમરાજ, કાળ 6 પ્રસિધ્ધ સુધારીને ‘પ્રસિદ્ધ’ વાંચવું. અને અર્ધવિરામ ન વાંચવું 8 થ્યું કા ૦ ગા ૦ પ્રા૦, થયું 10 લીટીને છેડે ગુરુવિરામ વાંચવું. 12 આકંઠ-ગળા સુધી 9--12 ત્યાં પત્થરે પત્થર એકજ વાત પુકારે છે કે મોહથી જેનું હૃદય રણની જેમ તપી ઊઠ્યું હોય તેને સૌંદર્યતૃષાની સાચી તૃપ્તિ ક્યાંથી હોય? 15-16 જસમાના શાપથી. 16 પરાગશે-પરાગ પરથી ક્રિયા પદ. 22 સિધ્ધ-રાજની-સુધારીને વાંચો ‘સિદ્ધરાજની’.

**પૃ0 55 મંથરા :** પ્રસિદ્ધ થયું ‘કવિતા’માં. કવિનાં છેવટનાં કાવ્યોમાં આ કાવ્ય ધ્યાન ખેંચે તેવું છે. શરૂઆતના કાવ્યોમાં દેખાતી મર્યાદાઓ-લાંબા વાક્યોચ્ચયો સાધવા જતાં ઉત્પન્ન થતી શિથિલતા, ભાવકથનની અસ્પષ્ટતા, પ્રતિરૂપોનો ગતાનુગતિક વિનિયોગ, અને વાણી તેમજ વિષયમાં બીજા કવિઓના પડઘા,-- આ બધાં બંધનોમાંથી આ કાવ્ય સંપૂર્ણ રીતે ઊગરે છે. એટલું જ નહીં, પણ વિષયવરણીમાં તેમજ નિરૂપણમાં, તેની સીધી વાણીમાં તેમજ સચોટ સંક્ષેપમાં, તેના છંદમાં અને તેના તાટસ્થ્યમાં આ કાવ્યનું પ્રસ્થાન નવી જ દિશામાં છે. 1 પીધી-મંથરા પોતે કલેશખિન્ન થઈ હોય તેમ

આપણે જાણતા નથી. 2 કલેશપિયાલીથી જ - આ શબ્દ 'પિવાડી,' 'જીવાડી,' અને 'વાડી,' એ ત્રણેય શબ્દો સાથે જતાં, આ કડીમાં ભાષાલાઘવ સધાય છે. 5-6 તેં માતાની પુત્ર પ્રત્યેની નબળાઈભરી મમતાનો ભારે કુશળતાપૂર્વક દુરુપયોગ કર્યો! 7 માનું-કૈકેયીનું. 9 ધાયા-સુધારીને 'ધાયાં' વાચવું. 9-10 અલંકારોના ઠઠારા વિના પણ કવિની વાણી કેટલી સહજતાથી લાડકી થઈ શકે ! 12 હલ્યું ન ચલ્યું- ભાષાની કરકસરનું ઉદાહરણ છે. તું એટલી દુષ્ટ કે દશરથનું હૃદય વીંધાયું તો પણ તારું કૃત્ય તને ડંખ્યું નહીં, હૃદય પણ પીગળ્યું નહિં? 13 ઉપરના પ્રશ્નમાં રહેલી કેવળ માનુષ, મર્યાદિત ભૂમિકા છોડીને કવિ વધારે તટસ્થ, વધારે ચિંતનપ્રેરક, મર્મવેધી પ્રશ્નોની પરંપરા છેડે છેઃ 13-14 કે એ તારી ઇચ્છાનો વિષય નહોતો? આ જીવનક્રમના સર્જકે તેમાં અનિષ્ટને પણ સ્થાન આપ્યું છે; તેની આયોજનાના ચક્રોનું તું પોતે જ અનિચ્છાએ સાધન, ભોગ તો નહોતી બની રહીને? 15--16 અને તારા જીવનમાં ધ્યેય, --કશું કલ્યાણ કરવાનું તો હતું નહીં, તેથી છેવટે, આ એક જે અનિષ્ટ કૃત્ય કરવાનું તને સોંપવામાં આવ્યું હતું તે તું કરી છૂટી, ને ભારમુક્ત થઈ? 17-21 કે આ યોજનાનો તું માત્ર દીન ભોગ બની ન રહેતાં, આ અનિષ્ટ કૃત્યની તારી સરાણ ઉપર જ માનવ રાઘવનું યૌવન વધારે ધારદાર, વધારે તેજસ્વી અને દેવત્વભર્યું થશે એમ જાણીને તું સ્વેચ્છાપૂર્વક જ એનું અંગ બની ગઈ હતી? 22-23 અને એમ હોય તો, તારા હાથમાં કદાચ બીજું કંઈ કરવાની પણ થોડી ઘણી શક્તિ મુકાઈ હશે તે કરવામાં ન પડી જતાં, સીધી તારા જીવનના આ, --રઘુકુળમાં આગ જગાવીને, અનિષ્ટ બની જઈને પણ ઇષ્ટનું ગવરૌ  કરવાના, -મહાન્ ધ્યેય તરફ જ વળી? 24 કકયી-સુધારીને 'કયી' વાંચો. 24-25 અને આમ તારું ઊંચું કર્તવ્ય સમજતાં તેં હસતે મુખે લોકનિંદા સ્વીકારી?... આ પ્રમાણે કવિની અનિષ્ટ વિશેની કલ્પનાઓ, એની માનુષ ભૂમિકાથી શરૂ થઈને ક્રમશઃ ઊંચી

ભૂમિકા સાધતી જાય છે. અને છેવટે તો કવિ એને લગભગ દેવત્વ પ્રેરતા બળ તરીકે સન્માનીને એને ભાલે તિલક કરવા જાય છે. 26-27 પણ કવિનું તાટસ્થ્ય આ સમાપનમાં પરાકોટિએ પહોંચે છેઃ કે પછી મનુષ્યના હૃદયને અનિષ્ટનું મર્માન્તર-બીજું કોઈ રહસ્ય-સમજવાની શક્તિ જ નથી મળી ? પાત્રદ્વારા અનિષ્ટનું આ ચિંતન બની શકે તેટલું સરસ છે.

**પૃ0 57 જલસો જોયા પછી :** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં, નવેમ્બર-ડિસેમ્બર, 1937. શરૂઆતની પંક્તિઓ તેની મધુર પ્રવાહલહરીઓથી જીભે રમી રહે તેવી બને છે. 3 ખૂંપાવીને-ઊંડી ઉતારીને. મખમલમઢ્યાં-સુંદર, લયાર્થાનુસારી સમાસ છે. 4 નિરખતા-સુધારીને ‘નિરખતાં’ વાંચવું. અલ્પવિરામ ન વાંચવું. 6 ઠેકા-તાલ. 5-6 મનના કેટલાક અનુભવો એવા સંકુલ હોય છે કે વાણીમાં તેને વિગતવાર મૂકવા જતાં તેનું સૌંદર્ય કથળી જાય ; અને મિતાક્ષર થવા જતાં પંક્તિઓમાં નિહારિકાપુંજ જેવી અસ્પષ્ટતાનો આભાસ આવે. આવા અનુભવવર્ણનમાં કવિઓને પોતાની પંક્તિઓ, વિગતોનું રસહીન વાહન ન બનતાં, સંક્ષેપ અને સૌંદર્ય સાધે છે તે જોવા માટે બીજો રસ્તો-અસ્પષ્ટતાનો-ન છૂટકે જ લેવો રહે. બેશક, કંઈ પણ નિખાલસપણે કહેવા માગતી પંક્તિઓમાં વાચક પોતાની અનુભૂતિનું ઊંડાણ કામે લગાડે પછી અસ્પષ્ટતા જેવું બહુ થોડું રહે.... આકર્ષક રંગોમાં સજ્જ થયેલા નટનટીગણના નૃત્યની મુદ્રાઓ અને ગતિ, તેના સંગીતની સૂરાવલિ અને તાલ, તેના પર આવતો જતો વિવિધરંગી પ્રકાશ, -- આ બધાંના વિરલ સંવાદની એવી ધૂન મચી, મન પર એવી ઇંદ્રજાળ ફેલાઈ કે જાણે રંગોની પગથાર ઉપર સૂરો વેગભરી, તાલબદ્ધ ગતિથી વારાફરતા ચડઉતર થતા, હીંચોળાઈ રહ્યા હોય તેવું ભાન માત્ર પ્રેક્ષકોને રહ્યું. ‘રૂપાળા’ અને ‘ચડઉતર’ એ બે વિશેષણોનો એક પંક્તિમાં જ અમુક જ સ્થાને વિનિયોગ જોતાં ‘રુપાળી છાતીની ચડઉતર થાતી ધબકમાં’ (‘અજબ દયિતે’, આરાધના, પૃ. 5) એ મનસુખલાલની આ

કાવ્ય પ્રસિદ્ધ થયા પછી લગભગ એક વર્ષે લખાયેલી પંક્તિ યાદ આવે છે. 9 પાંગતે-પાંગતે, પથારી કે ખાટલાના પગ તરફના ભાગ ઉપર 11-22 અહીં થતાં વૃત્તપરિવર્તન અને વૃત્તમિશ્રણ યથાર્થ છે. 12 આયખું-આયુષ. 15 જીવનની પળેપળ-કવિના મનમાં સમુદ્રલહરીઓનું પ્રતિરૂપ હશે.

**પૃ0 58 મમ કને તું શું માંગતી ? :** અપ્રસિદ્ધ. 2 ‘જ્યોતને’ પછી અલ્પવિરામ મૂકવું. 1-2 તારા હૃદયમાં છલકતી સ્નેહભાવની મૃદુ કથાની જ્યોત વાણીદીપે પ્રકાશે એમ તું ચાહે છે.

**પૃ0 59 આંતર રસ :** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં, ફેબ્રુઆરી, 1939. પહેલી બે પંક્તિઓનાં વિરામચિહ્ન છોડી દઈને ત્રીજી પંક્તિને અંતે અલ્પવિરામ વાંચવું. 15-16 જ્યાં સુધી ‘આંતર રસ’- હૃદયમાં જ (આશાશ્રદ્ધા-દિનો) ઊંડો રસ હતો ત્યાં સુધી વિપત્તિની કશી અસર ન થતી; બાહ્ય શોભા ગઈ છતાં ક્લેવર અણનમ રહેલું. શમતાં-સુધારીને ‘શમતા’ વાંચવું. 18 બૂંગણ--ગાડામાં પાથરવાની ચાદર. 19--26 હવે તો આંતરરસ ખૂટતાં બાહ્ય ક્લેવર પણ ભાંગી ગયું છે.

**પૃ0 60 મેં:** પ્રસિદ્ધ થયું. ‘કૌમુદી’માં, જૂન, 1937.

**પૃ061 બાબાગાડી હાંકનારી :** પ્રસિદ્ધ થયું ‘નવલિકા’માં, દીપોત્સવી અંક, 1993. એક વિધવા આયાનું માતૃત્વઝંખનાભર્યું દિવાસ્વપ્ન વર્ણવે છે. ઋચા--વેદનો મંત્ર. 9 દુકૂલ--બારીક, રેશમી વસ્ત્ર. 12 વિગત--ગયેલું. 14 અલ્પવિરામ ન વાંચવું.

**પૃ0 62 અવાવરું ઘર :** પ્રસિદ્ધ થયું ‘સ્વર્ણભૂમિ’માં ઑક્ટોબર, 1939. 11-12 રાત્રિના ભય, શાંતિ અને સ્તબ્ધતાભર્યા વાતાવરણમાં એક સહજ રણકાર કેવો ફેલાઈ જાય તે દર્શાવવા કવિએ સુંદર સ્વરવ્યંજન-સંકલના કરી છે, વિશેષે તો રણકારયુક્ત શબ્દોના અનુરણનથી. સર0 ઉમાશંકરના

અપૂર્વ સૂરાવલિઓ જગાડતા ‘ગીતાગંગોત્રી’ની પંક્તિઓ :

મુનિકન્યકા સમી રમંતી ઝરણી રે,
કંકણનો રણકાર અનિલમાં રેલતી. (ગંગોત્રી, પૃ.14)

**પૃ0 63 માને :** અપ્રસિદ્ધ. 11 કેવડું?-કેટલું બધું ? 12 આ પંક્તિ સુધારીને આ પ્રમાણે વાંચવી : ‘તમારી યાદથી ત્યારે ધબકે હૈયું બેવડું ! ‘ 13 સ્થળ સુધારીને ‘સ્થૂળ’ વાંચવું. અર્ધવિરામ ન વાંચવું. 14 આરજૂ તીવ્ર ઇચ્છા.

**પૃ0 64 એ મૃત્યુ પામ્યો ! :** પ્રસિદ્ધ થયું ‘કવિતા’માં. 5 સહુ જાણતાં એ-સહુએ માત્ર આટલું જ જાણ્યું કે. 16 અર્ધવિરામ ન વાંચવું. 32 ને ભાવ એ-મારે દુ:ખી ન થવું જોઈએ તે આશ્વાસનનો ભાવ.

**પૃ0 66 પાંથદાનઃ** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં, જુલાઈ, 1937. કોઈ પણ રસ્તે જનારને પ્રવાસની સામગ્રીનું દાન આપવાથી તે મરનારના આત્માને પહોંચે છે એવી માન્યતાથી ઘડાયેલા એક આપણા જૂના રિવાજ પરથી આ કાવ્ય રચાયું છે. 8 શ્રધ્ધાથી-સુધારીને ‘શ્રદ્ધાથી’ વાંચવું. 12 સાભાગ્યજ્યોતિ-સુધારીને ‘સૌભાગ્યજ્યોતિ’ વાંચવું. 21 અલ્પવિરામ ન વાંચવું. 22 સિધ્ધ-સુધારીને ‘સિદ્ધ’ વાંચવું.

**પૃ0 68 ઉપરતાને-ઃ** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી’માં જુલાઈ, 1936. મૃત્યુ પામેલી પુત્રીને સંબોધીને 10 તમઃ- અંધારું. 12 વનશ્રી-વનરાજિના અર્થમાં વપરાયું લાગે છે. 16-17 વિરામચિહ્નો ન વાંચવાં. 20 સુઆશના-નવી કવિતાનુ છંદ પૂરતું દઢ સ્વામિત્વ એ એક લક્ષણ છે; એ જોતાં ‘સુ’ ‘પ્ર’ વ0 ઉપરસર્ગોનો માત્ર પૂરક વર્ણ તરીકે ઉપયોગ થાય તો મર્મજ્ઞોને ખટક્યા વિના ન રહે. 36 લીલમ-લીલા રંગનું એક રત્ન. 41 કોકનાં-સુધારીને ‘કોકના’ વાંચવું. 44 ‘વદી’ પછી અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. પળ્યાં-સુધારીને ‘પળ્યા’ વાંચવું. 50 પમરી-આ પદાવલિથી મનસુખલાલ દ્વારા ન્હાનાલાલ યાદ આવે. કાવ્યનો અંત અધૂકડો છે.

**પૃ0 71 સ્મૃતિઃ** પ્રસિદ્ધ થયું. સામળદાસ કૉલેજ મૅગેઝિનમાં શરૂઆતના આ સરસ કાવ્યમાં કવિ અવતરણચિહ્નોની મુશ્કેલી ઊભી કરે છે. 9-11 આ પંક્તિઓ પૂર્વના અનુભવનો આભાસ કે તેના સ્મરણની જાગતિ સૂચવવા લખાઈ હોય. 12 અહીંથી નાયિકાનો પૂર્વનો અનુભવ વર્ણવાય છે. 15 અહીં અવતરણચિહ્નો પૂરાં થવાં જોઈએ. 16 અહીં અવતરણચિહ્નો ન જોઈએ. 25-26 જીવનસંગિનીને મને--આ અતિસ્પષ્ટ નિર્દેશ જ કવિની નબળી પકડને લઈને છે. 28 ‘વદુ’ પછી અવતરણચિહ્નો જોઈએ. 29 પ્હાણો--પાષાણો, પત્થરો. અંતે અલ્પવિરામ ન જોઈએ. 32-35 કલ્પના તાજગીભરી, મનોહર છે. ખડક પર હું સ્તંભ અને મારે શિરે ધરેલી તેજના પુંજ જેવી તારી કાયા, દીવાદાંડી થઈશું. 36 કલ્પનાપાંખ--અહીં સ્મૃતિ, જે કલ્પનાનું એક અંગ છે.

**પૃ0 73 હું જાણું:** અપ્રસિદ્ધ 2 તેજને-વીજળીના તેજને. 3 હડિયો-હડીનું બહુવચન, દોડાદોડી. પણ સવારીથી જે વ્યવસ્થિત, ક્રમિક, ધીરગંભીર ગતિનો અર્થ સૂચવાય છે તેની સાથે આ શબ્દ વિરોધ રચે છે. 5 પ્રાહુણા. મહેમાનો. ‘પ્રાહુણા’, ‘ધીંગી’ વ0 શબ્દો ભાવને અત્યંત પોષાક બને છે. 6 દ્યાવાપૃથિવી--આકાશ અને પૃથ્વી. આ શબ્દ નાન્યતર બહુવચનમાં વપરાય છે. 8 શિવ--કલ્યાણકારી. સંલગ્ન-ઐક્ય પામેલાં રૌદ્ર-ઉગ્ર.

**પૃ0 74 જાદવજી મહારાજઃ** પ્રસિદ્ધ થયું. ‘કૌમુદી’માં, મે--જૂન, 1936. 14 શત્ય--ઠંડી. 15 ધોમ--તડકા. 21 કેમ-- ‘કેમ જાણે’નો અર્થ છે. 32 અલ્પવિરામ ન વાંચવું. 29 ભસ્મ અહીં ભસ્મનો ખાસ અર્થ નથી. જીવનનું અલ્પ બળ. 34--35 આપ્ત--સ્વજનો. જેનાં હૃદય સ્નેહથી ભર્યાં હોવાં જોઈએ તે સ્વજનો પણ ભલે બેદરકારી દાખવે. 41 ખડી-ઊભી રહી. દીર્ઘ-મૃત્યુને પંથે. કવિનો અંગત પ્રયોગ લાગે છે. 43 કિરીટ-મુગટ 58 વાવરી-વાપરી.

**પૃ0 77 શુભ ચિંતનઃ** પ્રસિદ્ધ થયું ‘પ્રસ્થાન’માં, ફાગણ, 1993. મિત્રના લગ્નપ્રસંગે લખાયું છે. 4 સવર્ણ-એક જ જ્ઞાતિના. 8 ઊર્ધ્વગામી-- ઊંચે

જનાર.

**પૃ0 78 રાજો ટપાલીઃ** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં, અષાડ, 1991. 7-9 ચાર વાગતાં ટપાલી ટપાલ કાઢતો હોય ત્યારે જ જે ટપાલ નાખવા આવે તે લઈને. 18 દશાંતરો-ટાઢતડકાની આવી જુદી જુદી સ્થિતિમાં. 21 ધૂસરછાઈ--ઝાંખા રંગથી છવાયેલી. 29 તે-- ‘પણ’ના અર્થમાં છે. શિરપેં--નાયકના. 31 રજોટડી--ધૂળના અર્થમાં વાપર્યું છે. 21 માલિન્ય--મલિનતા. 36 એના-ટપાલીના. 54 ગતાત્મની-આગલા ભવની. 65 પાધરું--સીધું, સીધે માર્ગે.

**પૃ0 81 સંગાથઃ** પ્રસિદ્ધ થયું ‘પ્રસ્થાન’માં, શ્રાવણ, 1995. 4

લોચાતો--અકળાતો. 7 કળ વળતાં ઘાવનું દુઃખ વધારે તીવ્ર થયું. 8 શૂન્યતા-શૂન્યતાને.

**પૃ0 80 ગુરુજનોનેઃ** પ્રસિદ્ધ થયું સામળદાસ કૉલેજ મૅગેઝિનમાં, ફેબ્રુઆરી, 1940. 6 મમ અપાત્રામાં--ઉપર પ્રમાણે હૃદય કોડિયું માટીનું નો અર્થ લાગે છે ; અલ્પપાત્ર. મારા જેવા અપાત્ર પર સ્નેહ શી રીતે વરસાવી શકશો ? 11 વ્યથા અસહ-વિદાયની? 14 ધરબી--જડી. એષણા--ઇચ્છા.

**પૃ0 83 વણકરનું કાવ્યઃ** પ્રસિદ્ધ થયું ‘બે ઘડી મોજ’ના દીપોત્સવી અંકમાં, 1995. 1 રંગરસિયેણની-- આ સુંદર શબ્દ સુંદરમની પંક્તિની યાદ આપે છેઃ ‘નહીં સુરભિવંત, રંગરસિયેણ, તું પદ્મિની’, (કાવ્યમંગલા, પૃ0 125) 5 પટકૂળ--રેશમી વસ્ત્ર. 12 નભે માળખાં-હાડપિંજર જેવાં થઈને ટકી રહ્યાં છે. 13 ભભડી-ભડભડ બળી. 16 રહ્યાં-સુધારીને ‘રહ્યા’ વાંચવું. 19 હીંચકી--પટકૂળો સાથે જાય છે. 22 ખડી--ઊભી છે. 24--25 રહ્યા વણી કફન ટૂકડા--નબળી પંક્તિ છે. ‘હવે રેશમી વસ્ત્રો નહીં, પણ કફનનાં વસ્ત્રો હું વણવાનો’ એમ ભાવાર્થ છે.

**પૃ૦ 84 તેં :** અપ્રસિદ્ધ. 1 તજ-સુધારીને 'તેમજ' વાંચો. તેજ-તારી પ્રેરણાનું. 2 સ્વપન-સુધારીને 'સ્વપ્ન' વાંચો. સ્વપ્ન-આશાઓ અને આદર્શો.

**પૃ૦ 85 તનેઃ** પ્રસિદ્ધ થયું 'ઊર્મિ'માં પોષ, 1992. રચનાકાલની દૃષ્ટિએ આ કાવ્ય પહેલું છે. આખા કાવ્યમાં વાણીની તેમજ કલ્પનાની દૃષ્ટિએ 'ફૂલદોલ'નાં પ્રણયકાવ્યોના અનેક ઝીણા પડઘા ઊઠે છે. પહેલી છ લીટી, ખાસ તો પાંચમી અને છટ્ટી લીટી, તે સંગ્રહના 'સ્મરે છે?' ની યાદ આપે છે. 2 માધવી-એક ફૂલવેલ. 3 નવપલ્લવિત. 4 અલ્પવિરામ ન વાંચવું. 6 બેલડી-નાયકનાયિકાની. 8 તો-માત્ર પૂરક છે. 10 રસબસે-શિથિલ પ્રયોગ છે. 12 નિરખી ન ત્યાં તો-તને ન જોતાં 14 શુધ્ધ-સુધારીને 'શુદ્ધ' વાંચવું. 18 જે ઘડીકમાં ઓસરે તે સત્ત્વ નહીં, પણ પડછાયો છે. 23-24 ન'તો-સુધારીને 'ન તો' વાંચવું. 18 ચૂસે-સુધારીને 'ચૂસે' વાંચવું 33 મંજી-એક ફૂલવેલ. અહીં જોડણીમાં 'મંજિ' નો વિકલ્પ છે. 35 નિટિલ-કપાળ. 38 હરહંમેશ-સુધારીને 'હરહમેશ' વાંચવું. પર ચરમ-છેલ્લી. 58-59 નિરગ્રંથના--નિર્ગ્રંથના. નિર્ગ્રંથ એટલે સંસારની ગ્રંથિઓથી મુક્ત, સાધુ, ભિખારી વ૦ 60 રવોત્પાદક-આ વિશેષણ ઝાંઝર માટે ભારેખમ થઈ પડે. 61 માહરાં-- 'જ્યોત' ને બદલે 'નેન'ની જાતિ આવી ગઈ છે. 62 અહહ-ઘણું ખરું આ પ્રયોગ નબળાઈના ચિહ્નરૂપે જ-- છંદને આગળ ધપાવવા જ-કવિતામાં આવી ચડે છે. 63 લહી--અહીં કવિને 'ભાર વહીને એવો અર્થ અભિપ્રેત છે. શા--સુધારીને 'શાં' વાંચવું. 64 આવર્યાં-- સુધારીને 'આવર્યા' વાંચવું. 66 નિગીર્ણ થતી--(વિશ્વના અંધારામાં) ડૂબતી જતી, ગળાઈ જતી.

**પૃ૦ 89 મળો તવ :** પ્રસિદ્ધ થયું. 'કૌમુદી'માં, ફેબ્રુઆરી, 1936. 5 પછેં--પછી કા૦ ગા૦ પ્ર૦ 11 પટલ-- પડળ, પડદો. રેખાંકનો-- રેખાઓ 13 નિતાંત-- ખૂબ 14 સંબોધીને-તને બોલાવીને 18 જાગતાં-સુધારીને 'જાગતા' વાંચવું

20 કુંકરી--કાંકરી. 21 ફૂલડે--કુલડીમાં. અમલ બાલ્યકાલે-આ તાજગીભર્યા વિશેષણનો કવિ વારંવાર સુંદર ઉપયોગ કરે છે. વિરલ ઉપયોગના શબ્દો વિશેષણનો કવિ વારંવાર સુંદર ઉપયોગ કરે છે. વિરલ ઉપયોગના શબ્દો પંક્તિમાં છૂટા ન પડી જાય તે માટે તેને આસપાસના શબ્દોની રવસંકલનાથી પોષવા જોઈએ. એ પ્રમાણે, અહીં, પછીના શબ્દ ‘બાલ્યકાલે’માં પૃ0 58 પર પણ ‘અમલ જ્યોત’ એ લાધતી માં ‘લ’થી જ શબ્દ સાંધી લેવાય છે. પૃ0 93 ઉપર પણ ‘અમલ જાહ્નવી શાં તમો રહો મલપતાં’ એ એવો જ પ્રયોગ છે. આ પ્રયોગો કલાંતના ‘અમલ નભભાલે’ અને ‘અમલ અલકે’નું સ્મરણ કરાવે છે. 23 અબંધનીય-‘બંધનો ન સહે તેવું’ એમ અભિપ્રેત છે. લોથ-લાશ, મડદું. ભલા-પછી અલ્પવિરામ વાચવું. 25 નિષેધ-નકાર અદય એજ- ભવિષ્ય. 26 અવતરણચિહ્ન ‘કાજે’ પછી પૂરું કરવું. 5. 22-26 કથનમાં નબળી છે; ભાવાર્થઃ આમ આપણે રમતાં હતાં ત્યારે થોડી ખબર હતી કે, ‘શરીરે ચોળવાને આ પણ ભૂતકાળની ભસ્મ જ છે’ એમ કહીને, આપણાં શૈશવ, શૈશવનાં સ્વપ્નો અને મુક્તિપ્રિય હૃદયની લોથને, ભવિષ્ય, તેના પંજામાંથી છૂટવા માટે આપણી અનેક વિનવણી અને પ્રયત્નો છતાં, સમયની સદૈવ જળતી ચિતામાં હડસેલી દેશે! 29 પ્રખર ધોમ મધ્યાહનમાં-મનસુખલાલનો પડઘો છે. 31 વિતાન-ચંદરવો. પણ પુરોગામીઓના ‘નભવિતાન,’ ‘વ્યોમવિતાન’ ‘ગગન ચંદરવો’ વ0 પ્રયોગોની અસરથી કવિ અહીં આકાશના અર્થમાં વાપરે છે. તમ-અંધારું. નિનદ-’ઝીણો અવાજ કરતાં’ એમ પણ એનો કવચિત્ અર્થ થાય છે. 33 અમૂક-મૂંગી નહીં. 35 નિબદ્ધ-સુધારીને ‘નિબદ્ધ’ વાંચવું. 36 તણાં-સુધારીને તણાં’ વાંચો. 37 નિઃશ્વસ નિઃશ્વાસ જોઈએ. અંતે પૂર્ણવિરામ વાંચવું. 39-40 મળો, તવ--મળો ત્યારે કરોડો શબ્દોથી ભાવ દર્શાવ્યા કરતાં તીવ્ર મૌનથી જ જોઈ રહું એજ ઉત્તમ. 41--44 આ પંક્તિઓ સ્વતંત્ર મુક્તક બને તેવી છેઃ અને આપણું ક્ષણિક મિલન થયું તેને બદલે કદાચ હંમેશને

માટે આપણે મળ્યાં હોત તો પણ, મારા હૃદયમાં એટલી બધી મલિનતા છે કે તમારું સ્નેહામૃત એ ધોઈ શક્યું ન હોત, તે જોતાં વિધિનું આ નિર્માણ જ બરાબર છે. 45-46 આ પંક્તિઓથી ઉમાશંકરનું પ્રસિદ્ધ મુક્તક 'મૌન સરોવરે' યાદ આવે.

**પૃ0 92 આમંત્રણઃ** પ્રસિદ્ધ થયું 'કૌમુદીમાં માર્ચ, 1937. બીજાં શરૂઆતનાં કાવ્યોની જેમ આમાં પણ મનસુખલાલનાં પ્રણયકાવ્યોની, મુખ્યત્વે, 'રહો તહીં જ,' 'સ્વપ્ન મારાં,' અને '-ને' (ફૂલદોલ)ની અસર દેખાય છે. 1 'સખી' પછી અલ્પવિરામને બદલે પ્રશ્નવિરામ વાંચવું. 9 તવ-તારા. સંબોધનમાં વચન ફરતું રહે છે તે કચાશની નિશાની છે. 11 પંક્તિને અંતે અર્ધવિરામ વાંચવું. 15 સૃજ-સુધારીને 'સૃજે' વાંચવું.'

24 રસળતાં-આગળ કહ્યું છે તેમ અંગત પ્રયોગઃ રસભર્યાં. 28 'ધરી' પછી અલ્પવિરામ ન વાંચવુંઃ બીજાની પીડા જોઈને લાગી આવતું, -તેવી લાગણી પણ ગઈ. 29-31 હવે જગતના વમળમાં, સ્વરક્ષણાર્થે સ્વાર્થની પાળો બાંધવાનું શીખવતી, ચારે તરફ ઘૂમતી, સ્વાર્થની માતા જેવી દીનતા મળી. 33 દર્શને-તમારા દૂરથી કરેલા દર્શને. 36 કલોલ--કવચિત્ કલ્લોલના અર્થમાં વપરાય છે.

**પૃ0 94 ભૂલી ગઈ? :** અપ્રસિદ્ધ. 1 વર્ષ... આખરે...કૈંક વર્ષો પછી. 2 સોપાનપેં-- પગથિયાં પર. 3--5 ત્યારે તું મારી સાતે બોલ્યા વિના ઈશ્વરચરણે ઢળી રહી. 18 એક જ લીટીમાં એકવચન અને બહુવચનનો ઉપયોગ થાય છે તે સદોષે છે. 23 તો--પંક્તિને નબળી કરી નાખે છે.

**પૃ0 96 તારું સ્મરણઃ** અપ્રસિદ્ધ 8 પંક્તિનું છંદની દૃષ્ટિએ ઉચ્ચારણ અસરલ, કૃત્રિમ થઈ પડે છે.

**પૃ0 97 જીવનની કરુણા :** પ્રસિદ્ધ થયું ‘માનસી’માં, વર્ષ બીજું, ગ્રંથાંક 3. 1 કરુણા--કરુણતા. 3--4 જુદાં પડેલાં હૃદયો ફરીને ઐક્ય સાધે, એવું, કે મૃત્યુ પણ તે છિન્ન ન કરી શકે. આવા મૃત્યુમાં કરુણા નથી. 5--8 પરંતુ હૃદય જેને સ્વજન ન ગણતું હોય તેની સાથે, સ્વજન કરતાં પણ ગાઢ ભાવે રહેવાનો જીવનભરનો ધર્મ પ્રાપ્ત થાય,-- ત્યાં તો જરૂર કરુણા, ઘેરી કરુણા હશે.

**પૃ0 98 તમારા વિના:** પ્રસિદ્ધ થયું ‘કવિતા’માં. 5 કામાર્યની--સુધારીને ‘કૌમાર્યની’ વાંચવું. 16 અર્ધવિરામને બદલે પ્રશ્નવિરામ વાંચવું. 18 અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. 21 ડૂકશું- થાકી જશું, પડી જશું, હારી જશું. 22 વકરશે-બગડશે, વધી જશે. 25 દરસ-દર્શન. 27 ધરાતલ અદીઠની-ભાવિ પંથની. 28 અર્ધવિરામ ન વાંચવું. 32 અર્ધવિરામ ન વાંચવું. 34-35 તો પછી માંગલ્ય શા માટે ન ગણું ?

**પૃ0 100 જીવનસ્વપ્ન:** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં, ફાગણ, 1991. આખા કાવ્યની ગતિ, કલ્પના અને ભાષા અતિરુચિર છે. 8 નભલોચનિયું- આકાશની આંખ જેવો સૂર્ય. કલ્પના પ્રાચીન છે, પણ આ શબ્દથી શ્રી. ચંદ્રવદન મહેતાના કાવ્ય ‘કંચનજંઘા’ની ‘પલકમાં ફરકે નભલોચન’ એ પંક્તિ યાદ આવે. 13 મને-મનમાં. 17 અલ્પવિરામ ન વાંચવું. 20 ચટુલ-અહીં અસ્થિર, તરલ નહીં, પણ મનોહર, આકર્ષક, એમ અર્થ લેવો ઘટે. 21 અલ્પવિરામ ન વાંચવું. 25 પરમ પંથ પરે-મૃત્યુના પંથે; આગળ કહ્યા પ્રમાણે કવિનો અંગત પ્રયોગ છે. પરિયાણ- ‘પ્રયાણ’ અભિપ્રેત છે. 27 સુકલ-સુકાયેલી. 31 યજન-પૂજા. 32 નમણ-દેવને ચડાવેલું ફૂલ, જેને બધા ભક્તો આંખે અડાડે છે, ‘વાંદે’ છે. આપણા જીવનમાંથી, આપણી કાવ્ય-ભાષામાંથી સરી જતા આ ઋજુતાભર્યા શબ્દનો કવિએ સરસ ઉપયોગ કર્યો છે. 33 અમ્લાન-હર્ષનું. 36 અંતે અર્ધવિરામ વાંચવું. 38 ‘સ્વજન’ પછી અર્ધવિરામ વાંચવું.

40 ક્ષિતિજલોચનિયું-સૂર્ય.

**પૃ0 103 માનવ વૃક્ષઃ** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં. આ કાવ્યથી સાત મહિના વહેલું લખાયેલું મનસુખલાલનું કાવ્ય ‘ઠૂંઠું’ (આરાધના પૃ0 90) આનું બીજ હોય. બંનેના અંતની દિશા જુદી જ છે. 1 પહેલી પંક્તિ ‘પીધી હશે પૂનમ ચાંદનીની’ વ0 આરાધનામાં સ્થાન ન પામેલી પંક્તિઓનું સ્મરણ કરાવે છે. 21 આરાધનાકારના કાવ્યમાં જીવનની હેમંતમાં ઠૂંઠાનું ભવ્ય સ્વાસ્થ્ય એ વિષય છે ; આ કાવ્યમાં એ વ્યંજના છોડીને કવિ ઠૂંઠાની માનવવૃક્ષ સાથે સીધી તુલના કરીને, બંનેના ભાવિનું ચિંતન કરે છે. 43 સંકોરીને-સકોડીને, સંકોચીને. 44 બથ-બથ, કા0 પ્ર0 44- 46 સ્મશાનમાં સાથે બળશું ત્યારે ભેદ ઉકેલાશે.

**પૃ0 106 જીવન શું ?** પ્રસિદ્ધ થયું ‘કૌમુદી,માં’ સપ્ટેમ્બર, 1936. 4-5 અંતે અલ્પવિરામ ન વાંચવું. 6 માત્ર-અવતરણ ચિહ્નોમાં મૂકવું. 11 અર્ધવિરામને બદલે અલ્પવિરામ વાંચવું. 16 ઘટે--જોઈએ. 20 અલ્પવિરામ ન વાંચવું. 25 સમાલીને--સંભાળીને.

**પૃ0 108 કવિતાનેઃ** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ’માં, આસો, 1992. 2 શાં--સુધારીને ‘શા’ વાંચવું. 4 અર્ચને--પૂજાભક્તિથી. 14 અન્યનાં-- સુધારીને ‘અન્યના’ વાંચવું. 15 અંતર મૂક--મૂંગા થયેલા અંતરમાં. 16 તે ય- તેવું, બસૂરૂં. ગૂંજીને--સુધારીને ‘ગુંજીને’ વાંચવું.

**પૃ0 109 અમેઃ** પ્રસિદ્ધ થયું ‘ઊર્મિ અને નવરચના’માં એપ્રિલ, 1943. 2 તોતીંગ-ધીંગી, મોટી. અહીં છંદને લઈને આ શબ્દનો તીવ્ર અનુનાસિક ઉચ્ચારી શકાતો નથી, અને તીવ્ર અનુનાસિક એ આ શબ્દનો પ્રાણ છે. 10 આશા ન ફળે તેની પરવા નથી. 11 ઝાકળભીંજેલ વ0-- ‘ધરિત્રી’નાં નીતર્યાં પાણીનો નમૂનો છે. 16 આંબી લઈ-- (અમુક સ્થાને) પહોંચી જઈ. આગમે-

આંગમે પરથી હશે? કા0 પ્ર0 'આંબી લઈ પાસનો આંતરો'--વૃત્તના તેમ જ અર્થના વળાંકને પકડી લેતી આ પંક્તિ કેટલી લવચીક છે ! નવી કવિતા સંસ્કૃત શબ્દોનો બહુ ઉપયોગ કરે છે એટલું જ જોવું એ પક્ષિલ દર્શન છે. આ, અને ઉપર આવેલા 'સમાલીને' જેવા અનેકાનેક શબ્દોને આપણી કવિતા દીક્ષા આપતી જ જાય છે. આપણી કવિતાને આજે વધારે ને વધારે વિશાળ વાહનની જરૂર હોવાથી તે આમ બંને બાજુએ વધતી જાય છે.

**પૃ0 110 છૂંદણાંઃ** પ્રસિદ્ધ થયાં. 'યુગાંતર'માં. ત્રણેય મુક્તકો છે, તેથી આ મથાળું.

**પૃ0 111 પછી રે શાને તને શોધવો ?** અપ્રસિદ્ધ. 3 પોઢતાં--સુધારીને 'પોઢતા' વાંચવું. 13 પડખે સુણું પણ જોઉં ના--સીધી પણ ભજનમાં શોભે તેવી અર્થગર્ભ પંક્તિ છે. 17 'કંથા'ની સાથે 'મલકે' ઠીક નથી.

**પૃ0 111 વર્ષારંભે :** અપ્રસિદ્ધ. 5 'કાય' પછી અલ્પવિરામ મૂકવું. 7 અર્ધવિરામને બદલે ગુરુવિરામ વાંચવું. 9 વિશ્રબ્ધ-વિશ્રાંત વાંચવું. વિશ્રાંત-થાકી ગયેલું.

**પૃ0 113 હું ચહુંઃ** પ્રસિદ્ધ થયું 'કૌમુદી'માં, જુલાઈ, 1937. 1 રશ્મિના સુધારીને 'રશ્મિનાં' વાંચવું. 5 ઊંડા-અહીં 'ઊંડાં' વાંચતાં નરસિંહરાવે આ અને બીજા કેટલાક શબ્દોને નિષ્પ્રાણ કરી નાખ્યા હતા તે યાદ આવે છે. 7 કોડ સંગ-કોડની સાથે. 6-10 પંક્તિઓ સ્પષ્ટ નથીઃ પરંતુ તેજ અને ઉષ્ણતા ન મળતાં પ્રાણરૂપ પુષ્પ અને તેની સાથે તેનો કોડ, હું પ્રફુલ્લ થઈને, 'ચલો, આ ફૂલ ચૂંટીએ' એવા બીજાના આનંદભર્યા ઉદ્‌ગારને પ્રેરું, અને તેમની ઇચ્છાને અધીન બનું, એ કોડ પણ વિલાય છે.

**પૃ0 114 ધરિત્રી :** પ્રસિદ્ધ થયું : 'કવિતા'માં. કાવ્યની અંતર્ગત કરુણા સંગ્રહના પહેલા કાવ્યની યાદ આપે છે. 1 દા'-દાહ 6 ઇંદ્રચાપ-મેઘધનુષ્ય.

5-8 ને જ્યારે વર્ષાનું મૃદંગ વાગે છે ત્યારે તારી વેણીમાં મેઘધનુષ્ય ગૂંથીને, તારાં અંગોને નવા તૃણાંકુરો વનસ્પતિ વગેરેના લીલા દુકૂલથી ઢાંકીને, તું કેવી હર્ષછાબ ધરે છે! 9 ભારી- 'ભારવું' એટલે રાખમાં અંગારને દાબી દેવો, અહીં 'ઢાંકીને, છુપાવીને.'

આ કાવ્યનું મૂળ ચાલુ જગદ્વિગ્રહમાં હોય વા ન હોય. અહીં ધરતીમૈયાના નિત્યના વેદનાઘાવોનું ઇતિહાસવાદી દર્શન અભિમત છે એ ચોક્કસ છે. એ દર્શનમાં, આપોઆપ જ, કાવ્યસંગ્રહના સ્વરસમાં જુદી ભાત પાડતી એક પ્રકારની શ્રદ્ધા-સાવધાનતાથી અને નમ્ર યાચનાના શબ્દોમાં પ્રકટ થતી તો પણ શ્રદ્ધા જ-ઊઠી આવે છે.

સંસ્કૃતિના સહનબળમાં અને શુભ ભાવીમાં શ્રદ્ધા રાખવી એને આપણા પ્રાચીન ચિંતનમાં માંગલ્ય કહ્યું છે. ગૌતમ ધર્મસૂત્ર પ્રમાણે માંગલ્ય એટલે આત્માના આઠ ગુણોમાંનો એક. સંસ્કૃતિના ભવિષ્યોન્મુખ લડવૈયાઓની પહેલી સાચી, સબળ, સક્રિય શરૂઆત તે આ માંગલ્ય જ. વળી, સુખસમૃદ્ધિ છલકાતાં હોય ત્યારે જડતાથી બચવું એ ધર્મ છે. દુઃખ, નિર્વેદ, અસહાયતામાં, પરાધીનતામાં હૃદયને કેમ ભેજ લાગવા ન દેવો, એ જોવાનો ધર્મ પ્રાપ્ત થાય છે.

અર્પુ કૈં જે હોય માંગલ્યકારી,
થાયે ટૂંકી જિંદગી ધન્ય મારી !

એ ભાવના માંગલ્ય વિના ટકે નહિ.

**ભૃગુરાય અંજારિયા.**